Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૯૮
તા.૧૪-૦૫-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૦ સૂર્યાસ્ત : ૦૭:૧૨

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૫ | વડોદરા | ૪૦.૬ |
| અમદાવાદ | ૪૨.૬ | સુરત | ૩૪.૮ |
| ગાંધીનગર | ૪૨.૫ | નલિયા | ૩૫.૮ |

ચાંદી : ૪૧૦૦૦ સોનું : ૩૨૬૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# સરકારના હકારાત્મક અભિગમ બાદ ગૌશાળાઓનું આંદોલન પૂર્ણ

### સોમવાર સુધીના અલ્ટીમેટમના અંત પુર્વે ડીસાના ધારાસભ્ય મધ્યસ્થીમાં બનાસકાંઠાની જીવદયા સંસ્થાઓના સંચાલકોની ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સાથે સફળ મંત્રણા





ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાની ગૌશાળાઓ તેમજ પાંજરાપોળ સંસ્થાઓમાં આશ્રય મેળવતા ગૌવંશ સહિતના અબોલ જીવોના નિભાવ માટે પશુ દીઠ નિભાવ સહાય ચુકવવાની માંગણી સાથે છેલ્લા એક પખવાડિયાથી ચાલતા આંદોલન વચ્ચે ગત સોમવારે જિલ્લાની જીવદયા સંસ્થાઓના સંચાલકોએ ગેલા ખાતે મિટિંગ યોજી બીજા દિવસે ફરી જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરી આ માંગણી સંદર્ભે આજે સોમવાર સુધીમાં કોઈ આખરી નિર્ણય લેવાનું અલ્ટીમેટમ આપ્યું હતું.અને સોમવાર સુધીમાં કોઈ હકારાત્મક નિર્ણય ના લેવાય તો મંગળવારથી આંદોલનને વધુ ઉગ્ર અને રાજ્ય વ્યાપી બનાવવાની ચીમકી ઉચ્ચારી હતી. જો કે જીવદયા સંસ્થાઓના સંચાલકો એ આપેલું અલ્ટીમેટમ પૂર્ણ થાય તે પૂર્વે જ ગત રવિવારે સાંજે ડીસાના

અનુસંધાન પાના નં.૬

### કઈ છે સમાધાન ફોર્મ્યુલા...?

ગત રોજ ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અબોલજીવોના નિભાવ માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિદિન ચાર કીલો ઘાસ અને એક કીલો દાણ વિનામૂલ્યે આપવાની તૈયારી દર્શાવતા ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ આ ઓફરને સ્વીકારી લઈ તેમના આંદોલનને સમેટી લેવાનો નિર્ણય કર્યો છે. આ સમાધાનના પગલે બનાસકાંઠા માટે આજથી જ દૈનીક ધોરણે ૧૪૦ ટ્રક જેટલો ઘાસચારો આવવાની શરૂઆત થઈ જાય તેવું પણ વિશ્વાસનીય સુત્રો દ્વારા જાણવા મળેલ છે.

### પારો ૪૧થી ૪૩ની વચ્ચે રહે તેવા સ્પષ્ટ સંકેત

## રાજયમાં પારો ૪૨.૬ ડીગ્રી લોકો ગરમીથી ત્રાહિમામ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમીનું મોજુ અકબંધ રહ્યું છે. આજે રવિવાર હોવાથી લોકો ઘરની બહાર નિકળ્યા ન હતા પરંતુ બપોરના ગાળામાં તીવ્ર ગરમીનું મોજુ રહ્યું હતું. જનજીવન પણ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૨.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૬.૯ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના જે ભાગોમાં આજે પારો ૪૩થી ઉપર રહ્યો હતો તેમાં સુરેન્દ્રનગરમાં ૪૩.૩ અને રાજકોટમાં ૪૩નો સમાવેશ થાય છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં કેટલીક સૂચનાઓ પણ જારી કરવામાં આવી ચુકી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં નવા કેસ નોંધાઈ રહ્યા છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે ૪૩ ડિગ્રી રહી શકે છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવા જરૂરિયાત દેખાઈ રહી છે.

### ખેડૂતોને વિખેરવા અનેક ટીયરગેસના શેલ છોડયા

## ભાવનગરમાં જમીન સંપાદનનો વિરોધ કરતા ખેડૂતો પર પોલીસનો અત્યાચાર

### ખેડૂતોને પોલીસે બેરહમીથી લાઠીઓથી ફટકાર્યા : ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ



અમદાવાદ

ભાવનગર જીલ્લામાં ઘોઘા તાલુકાના બાડી પડવા ગામે ગુજરાત પાવર કોર્પોરેશન લિ.(જીપીસીએલ) દ્વારા થઈ રહેલ જમીન સંપાદનનો વિરોધ કરી રહેલા ૧૨ ગામના સ્થાનિક ખેડૂતો અને પોલીસ વચ્ચે આજે ફરી એકવાર જોરદાર ઘર્ષણ સર્જાયું હતું. જેમાં પોલીસે પોતાના હક્ક અને અધિકાર માટે લડી રહેલા ખેડૂતો અને ગ્રામીણ મહિલાઓ પર અમાનવીય રીતે લાઠીચાર્જ કરી તેમને ફટકાર્યા હતા અને તેમની પર બેરહમીથી લાઠીઓ વીંઝી હતી. પોલીસ અત્યાચારને પગલે સમગ્ર રાજયભરમાં ખેડૂતોમાં ઉગ્ર આક્રોશની લાગણી ભભૂકી ઉઠી છે. વિરોધ કરી રહેલા ખેડૂતોને વિખેરવા અને પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસે ૫૦થી વધુ ટીયરગેસના શેલ પણ છોડયા હતા. ઉલ્લેખનીય છે કે, ભાવનગરના ઘોઘા તાલુકામાં છેલ્લા દોઢ મહિનાથી બાડીપાડવા ખાતે ખેડૂતો-ગ્રામીણ મહિલાઓ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ જીપીસીએલ અને સરકારી તંત્ર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે તેમછતાં હજુ સુધી સરકાર કે તંત્રના એક માણસે ખેડૂતોની દિલની વ્યથા સમજવાની તસ્દી સુધ્ધાં લીધી નથી. જીપીસીએલના જમીન સંપાદન અને સરકારી તંત્રની મિલીભગત સામે સ્થાનિક ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાયેલી છે અને તેના વિરોધમાં આજે ખેડૂતોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ સુરકા ગામથી રેલી યોજવાનો પ્રારંભ કર્યો હતો.

### કર્ણાટક ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મળશે તેમાં કોઈ શંકા નથી

## કર્ણાટકમાં ભાજપ ૧૨૫થી વધારે સીટો જીતશે : યેદીયુરપ્પા

બેંગ્લોર

ભારતીય જનતા પાર્ટીના કર્ણાટકના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બીએસ યેદીયુરપ્પાએ આજે દાવો કર્યો હતો કે, તેમની પાર્ટી રાજ્યમાં શાનદાર જીત હાંસલ કરશે. તેમણે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, કોંગ્રેસ સારા દેખાવ સાથે સત્તામાં ટકી રહેવામાં સફળ રહેશે. બેંગ્લોરમાં પત્રકાર પરિષદમાં બોલતા યેદીયુરપ્પાએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, તેમની પાર્ટીની તરફેણમાં જોરદાર મોજુ ફેલાયેલું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તમામ એક્ઝિટ પોલ તેઓ જોઈ ચુક્યા છે. ભાજપ ૧૨૫થી ૧૩૦ સીટો જીતી જશે જ્યારે કોંગ્રેસ પાર્ટી ૭૦ના આંકડાને પણ પાર કરી શકશે નહીં. જનતાદળ એસ ૨૪થી ૨૫ સીટોના આંકડાને પાર કરશે નહીં. ભાજપની તરફેણમાં જોરદાર મોજુ ફેલાયેલુ છે. સિદ્ધારમૈયા અને કોંગ્રેસ સામે નારાજગીનું મોજુ છે. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે મંગળવારના દિવસે પરિણામ જાહેર કરાશે ત્યારે ભાજપ મજબૂત બહુમતિ સાથે સરકાર બનાવશે જ્યારે કોંગ્રેસની કર્ણાટકમાંથી પણ બાદબાકી થશે. એક્ઝિટ પોલમાં વિશ્વાસ રાખતા નથી તેવા મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નિવેદન અંગે પુછવામાં આવતા યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, તેઓ આ મુજબની વાત કરી રહ્યા નથી. કોંગ્રેસ જાણે છે કે તેઓ ચૂંટણીમાં હારી ગયા છે. ત્રિશંકુ વિધાનસભાના કોઈપણ સંકેત નથી. તેમને વિશ્વાસ છે કે, ભાજપ રાજ્યમાં સરકાર બનાવશે. તેઓ માનસિકરીતે અસ્વસ્થ થઈ ગયા છે તેવા સિદ્ધારમૈયાના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતા ભાજપના નેતાએ કહ્યું હતુ કે, તેઓ આ પ્રકારના નિવેદન કરી રહ્યા છે કારણ કે, ચામુંડેશ્વરી અને બદામી સીટ ઉપરથી તેમની હાર થનાર છે. આ બંને સીટ પરથી કર્ણાટકના મુખ્યમંત્રી ચૂંટણી લડી રહ્યા છે.

## ૩૦મેથી બે દિવસની હડતાળ પર જવાની બેન્ક કર્મચારીઓની ચિમકી

ન્યુ દિલ્હી

ફરી એકવખત સાર્વજનિક ક્ષેત્રોની બેંક્રો અને સરકાર વચ્ચે પગાર મામલે વિવાદ સામે આવી રહ્યો છે. જેના કારણે ફરી બેંક્ર કર્મચારીઓ પોતાના પગાર વધારાવાની માંગને માટે ૩૦ મે થી બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળની ચેતવણી આપી છે. ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA) દ્વારા ૨ ટકાના સામાન્ય વધારા સામે વિરોધ કરી રહ્યા છે.

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક્ર યુનિયન્સ (UFBU)ના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ૫ મેના રોજ વાતચીત દરમિયાન પગાર વધારવાના મામલે ૨ ટકાનો વધારના રજુઆત કરવામાં આવી, જેનો કર્મચારીઓને માન્ય નથી. ઓલ ઈન્ડિયા બેંક્ર એમ્પલ્યોઝ એસોસિએશન (AIBEA)ના મહાસચિવ સી એચ વેંકટચલમે કહ્યું કે, આ ઉપરાંત પોતાની વાતચીતમાં ખુલાસો કર્યો કે અધિકારીઓની જે માંગણી છે તે માત્ર સ્કેલ થ્રી સુધી જ મર્યાદિત રહેશે. ગત પગાર વધારામાં IBA તરફથી ૧૫ ટકાનો વધારો આપવામાં આવ્યો હતો. UFBU નવ બેંક્રોના યુનિયનોનું મુખ્ય સંગઠન છે. AIBOCના સંયુક્ત મહા સચિવ રવિન્દ્ર ગુપ્તાએ કહ્યું કે, અનિયંત્રિત વધારાને જોતાં જે પ્રસ્તાપિત વધારો કરવામાં આવ્યો છે જેના પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે.

## ઉત્તરાખંડમાં ચારધામની યાત્રા પર સંકટના વાદળો

દેહરાદુન

ઉત્તરાખંડમાં આગામી પાંચ દિવસ સુધી ખરાબ હવામાન રહેવાની ચેતવણી જારી કરવામાં આવી છે. પ્રચંડ પવનની સાથે ભારે વરસાદ પણ થઈ શકે છે. કેટલીક જગ્યાઓએ ૧૫, ૧૬ અને ૧૭મી મેના દિવસે હળવો વરસાદ પડી શકે છે. છેલ્લા દિવસોમાં ઉત્તરાખંડની પહાડીઓ ઉપર ભારે હિમવર્ષા અને વરસાદના પરિણામ સ્વરુપે ચારધામની યાત્રા એક દિવસ માટે રોકી દેવામાં આવી હતી. અલબત્ત હવે ચારધામની યાત્રા ફરી શરૂ થઈ ચુકી છે પરંતુ હવામાન વિભાગ તરફથી કહેવામાં આવ્યું છે કે, ખરાબ હવામાનની સ્થિતિ ફરી ઉભી થઈ શકે છે.

## દેશના મધ્યમ વર્ગ પરનો કરવેરો નાબૂદ કરો : સુબ્રમણ્યમ્ સ્વામી

હૈદરાબાદ

ભાજપના સંસદસભ્ય સુબ્રમણ્યન સ્વામીએ મધ્યમ વર્ગ પરનો કરવેરો નાબૂદ કરવા અને દેશમાં અર્થતંત્રના ઉચ્ચ વિકાસ માટે પ્રોત્સાહન આપવાની હિમાયત કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે મધ્યમ વર્ગ અને યુવા પેઢી જે સ્ટાર્ટ-અપ એન્ટરપ્રેન્યોરને આવકવેરાની હેરાનગતિને કારણે સહન કરવું પડે છે.

એટલે કોણ ભારતમાં આવકવેરો ભરે છે? બહુ નાનકડો ભાગ. તો પછી તેમના પર આવકવેરાનો બોજ શું કામ લાદવો જોઈએ? એવો સવાલ તેમણે પૂછ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ વર્ગને આવકવેરામાંથી બાકાતી આપવામાં આવે તો તેના પરિણામે તેમની બચતમાં વધારો થતાં તેઓ વધુ રોકાણ કરવા તરફ વળે. એટલે કરવેરો નાબૂદ કરવાનો અર્થ બચતના દર વધવા જોઈએ. બચત વધતાં રોકાણમાં વધારો થાય એથી વિકાસ દર વધારી શકાય. એટલે આડકરતા કરવેરા નાબૂદ થાય તો ગુમાવવા કરતાં વધુ મેળવી શકો, એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું. ઈન્ડિયન એક્ઝિબિશન ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત ખુલ્લા વાર્ષિક પરિસંવાદ (આઠમા આઈઈઆઈએ) માં 'ફ્યુચર ઑફ ઈન્ડિયા ઈન ઈર્મજિંગ વર્લ્ડ વિષે વકતવ્ય આપતી વખતે એક આડ વાત કરતાં તેમણે કહ્યું હતું. આવકરવેરાની નાબૂદીને લીધે મહેસૂલી આવકમાં જતી ખોટની રકમ કુદરતી સાધનસંપત્તિ જેમકે કોલ બ્લોક્સ અને સ્પેક્ટ્રમના લિલાઉમાંથી સરભર કરી શકાય. તેમણે જણાવ્યું હતુ કે એટલા માટે મેં કહ્યું કે ટૂ-જી, થ્રી-જી, ફૉર-જી, ફાઇવ-જીની લાંબી લાઈન છે.

## કેરળમાં ચોમાસાનું ચાર દિવસ વહેલું આગમન થશે

ન્યુ દિલ્હી

ગુજરાતમાં ઉનાળો પોતાના મધ્યભાગમાં આવી ગયો છે ત્યારે દક્ષિણ ભારતમાં ચોમાસાના અણસાર સેવાઈ રહ્યા છે. દક્ષિણ પૂર્વ ચોમાસું આગામી દિવસોમાં આગમન થઈ જશે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૮મેથી કેરળમાં ચોમાસાની શરૂઆત થઈ જશે. હવામાન આગાહી એજન્સી સ્કાયમેટે શનિવારે જણાવ્યું હતું કે, આ ચોમાસું તેની સામાન્ય શરૂઆતની તારીખથી ચાર દિવસ વહેલા છે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસું બેસવાની સામાન્ય તારીખ પહેલી જૂન હોય છે. દેશમાં ચાલુ વર્ષે સારા વરસાદના સંકેત મળ્યા છે. દેશમાં ૧૦૦ ટકા વરસાદ પડશે, આ વર્ષે સાધારણ કરતા વધુ વરસાદ પડવાની સંભાવના છે. દુષ્કાળ પડવાની સંભાવના ઝીરો ટકા રહેશે. બીજી તરફ અનમાન નિકોબાર ટાપુ ઉપર ૨૦ મેથી ચોમાસું બેસશે. જ્યારે શ્રીલંકા અને ઈસ્ટ સેન્ટ્રલ બંગાળની ખાડીમાં ૨૪ મેથી ચોમાસું શરૂ થવાની શક્યતા છે. સ્કાયમેટના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પલાવતના જણાવ્યા પ્રમાણે ૨૮ મેથી કેરળમાં ચોમાસા શરૂ થાય તેવી અપેક્ષા છે જોકે, સામાન્ય રીતે કેરળમાં પહેલી જૂનથી ચોમાસું શરૂ થાય છે.

### વિચાર વૈભવ...

#### ભગવાન શું નહીં પૂછે- શું પૂછશે ?

- ભગવાન એ નહીં પૂછે કે આપણે કઈ બ્રાન્ડની કાર વાપરતા હતા, પરંતુ એ જરૂર પૂછશે કે કેટલા જરૂરિયાત વાળા અને અશક્ત લોકોને એમના ઘર સુધી પહોંચવામાં આપણે મદદ કરી હતી!

- ભગવાન એ નહીં પૂછે કે આપણું ઘર કેટલા સ્કવેરફૂટનું ક્ષેત્રફળ ધરાવે છે, પરંતુ એ જરૂર પૂછશે કે સાચા દિલથી એ ઘરમાં આપણે કેટલા લોકોને આવકાર્યા હતા.

- ભગવાન એ નહીં પૂછે કે આપણી પાસે કેટલા અને કેવાં કપડાં છે, પણ એ જરૂર પૂછશે કે કેટલા લોકોના ઉઘાડા શરીર આપણે ઢાંકી શક્યા.

- આપણા સામાજિક દરજ્જા અંગે પૂછપરછ કરવાની એ જરા પણ દરકાર નહીં કરે, હા! આપણા નૈતિક દરજ્જા અંગે એ બરાબર પૂછશે!

- આપણી પાસે કેટલી સંપત્તિ હતી એ અંગે જાણવામાં એને રસ નહીં હોય, પરંતુ આપણે સંપત્તિના કે સંપત્તિ આપણી ગુલામ હતી એ અંગે એ જરૂર પૂછશે.

- આપણો પગારનો ગ્રેડ કેટલો ઊંચો હતો એ અંગે ભગવાન કશું જ નહીં પૂછે, પણ એને માટે અને એટલો ગ્રેડ હોવા છતાં આપણે કેટલું નીચે ઊતરવું પડ્યું હતું એ તો જરૂર પૂછશે.

- આપણને નોકરીમાં, સમાજમાં, સત્તામાં કે અન્ય સંગઠનોમાં કેટલી બઢતી મળી એની સાથે એને કંઈ જ લેવાદેવ નથી. પરંતુ બીજા લોકોને આગળ આવવા દેવામાં આપણે કેટલી મદદ કરી કે શું કર્યું એની એ સવિસ્તાર નોંધ માગશે. (જોકે એની પાસે એ નોંધ હશે જ !)

આપણે ક્લાસ વનના કે ક્લાસ ફોરના કર્મચારી હતા એ અંગે એ કંઈ જ નહીં પૂછે, પરંતુ આપણને સોંપાયેલ જે કંઈ કામ હોય તે આપણે નિષ્ઠાપૂર્વક કર્યું હતું કે નહીં એની એ પાક્કી પૂછપરછ કરશે.

- પોતાની જાતને મદદરૂપ થવા માટે આપણે શું શું કર્યું. એમાં એને થોડોક પણ રસ નહીં હોય, પરંતુ બીજાને મદદરૂપ થવા આપણે શું કરી છૂટ્યા એ અંગે એ બધું જ વિગતે પૂછશે.

- અને છેલ્લે... પોતાના હાથ ફેલાવીને સર્વ સુખ અને શાંતિના દરવાજા ખોલીને આપણી રાહ જોઈ રહેલો એ એવું નહીં જ પૂછે કે આટલી બધી વાર શું કામ થઈ, પરંતુ એ એવું પૂછશે કે આ બધું તમારા માટે જ છે. પણ આ બધું છોડીને ફાલતુ વસ્તુઓ માટે જતા તો નહીં રહો ને?!

ડૉ.આઈ.કે.વીજળીવાળા




### બેસણું



સ્વ.સૂરજબેન કાંનજીભાઈ ડેકલીયા
સ્વ.તા.૧૩/૦૫/૨૦૧૮,

મારા ધર્મપત્ની
અ.સૌ.સ્વ.સૂરજબેન કાંનજીભાઈ ડેકલીયા તા.૧૩/૫/૨૦૧૮ રવિવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૧૬/૦૫/૨૦૧૮ ના બુધવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : વડગામ, માર્કેટયાર્ડ ચોકડીની બાજુમાં, મુ.પો.તા.વડગામ, જિ.બ.કાં., મો.૯૪૨૭૬૪૦૯૫૭, ૯૪૨૭૯૨૮૧૨૦

લિ.

ડેકલીયા કાંનજીભાઈ ગલબાભાઈ - પતિ
આસિસ્ટન્ટ મેનેજર તાલુકા સંઘ - વડગામ
ડેકલીયા મુકેશભાઈ કાંનજીભાઈ - પુત્ર

**સૂર્યોદય - ૬.૪૪ સૂર્યાસ્ત - ૬.૫૦**

## તિથિદર્શન
વૈશાખ વદ-૧૪ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ :ચૌદસ સોમવાર નક્ષત્ર : અશ્વિની બપોરે ૧૨.૩૦ પછી ભરણી યોગ :આયુષ્યમાં કરણ:વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન
**- સુરેશ પ્રા.ભટ્ટ**

### શંકાભિઃ સર્વમ્ આક્રાન્તમ્ અન્નં પાનં ચ ભૂતલે પ્રવૃત્તિં કુત્ર જીવિતવ્યં કથં નુ વા

ભાવાર્થઃ- આ દુનિયામાં અન્ન અને પીવાની તમામ વસ્તુઓ સર્વ કંઈ ને કંઈ ભેળસેળથી શંકાસ્પદ અને વહેમથી ઘરાયેલી જ છે, તો પછી કોઈ પણ પ્રવૃત્તિ કે જિંદગી પણ કેવી રીતે શુદ્ધ અને શંકારહિત કરીને ચલાવી કે નિભાવી શકાય?

વેપારીઓના માનસમાં આજે કલિયુગે એવું સ્થાન જમાવ્યું છે કે લોકોના જીવન સાથે જોખમી ખેલ ખેલી બધી જ વસ્તુઓમાં ઝેરી- દૂષિત - નુકસાનકારક ભેળસેળ કરે છે. ઘી- દૂધ, અનાજ, મસાલા, સિમેન્ટ, દવાઓ બધી જ પ્રાણમૂલક બાબતોમાં ભેળસેળ કરે છે અને માણસો રોગથી કે મૃત્યુથી રિબાય છે. નાનું બાળક દૂધ સફેદ માટી કે ચૂનાવાળું પીતું હોય એની શી હાલત થાય?, રોગથી રિબાતો દર્દી ખોટાં પાણીવાળાં ઈન્જેક્શના કે મિલાવટવાળી બનાવટી ગોળીઓ ખાય તો તેની શી હાલત થાય? આજે ખાણી- પીણીમાં આવી બનાવટ ચાલે છે.

એવી જ રીતે, આજે દરેક પ્રવૃત્તિ- આચરણમાં પણ દંભ- પાખંડ- મિલાવટ ચાલે છે. નેતાઓ સેવાને બહાને કૌભાંડોમાં પ્રવૃત્ત છે. સાધુ- સંતો- કથાકારો પણ ધન- સંપત્તિ અને ભોગોમાં વ્યસ્ત છે. અધિકારી- કર્મચારી કર્તવ્યનિષ્ઠાને બદલે 'ઘર ભરવામાં' પ્રવૃત્ત છે. શિક્ષણક્ષેત્રે પણ ઘાલમેલ - ગોટાળા ચાલે, વિશ્વનું એક પણ ક્ષેત્ર એવું નથી જે મિલાવટ- બનાવટ દંભથી મુક્ત હોય! આવાં વિશ્વમાં જીવવું કેમ? શી પ્રવૃત્તિ કરવી?

## વડગામ તાલુકા કોંગ્રેસ જનમિત્રની બેઠક યોજાઈ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગઈકાલે તા.૧૩/૫/૨૦૧૮ રવિવારે વડગામ તાલુકા પંચાયત ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવીની અધ્યક્ષતામાં જનમિત્રની બેઠક યોજાઈ હતી. પ્રદેશ પ્રભારી અમૃતજી ઠાકોરે અગ્રણીઓને માર્ગદર્શન આપ્યું હતું. તા.કોં.પ્રમુખ દેવુંસિંહ ડાભી, મહામંત્રી ઉસ્માનભાઈ મનસુરી, જિ.પં.ડેલિગેટ, ભિખુભાઈ બિહારી, મુમનવાસ સરપંચ હાજી અસરફભાઈ જે.માંકણોજીયા, તા.ઉપ પ્રમુખ લધાજી ઠાકોર યુથ પ્રમુખ દેવુસિંહ ભાટી, બળોદેવજી ઠાકોર અજીતસીંહ હડીયોલ વગેરે અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આજનો દિન મહાન
**- યશવંત કડીકર**

**ગુજરાતના પ્રથમ રાજયપાલ મહેંદી નવાઝ જંગનો જન્મદિવસ છે.**

**એમનો જન્મ આંધ્ર પ્રદેશના હૈદ્રાબાદમાં તા. ૧૪/૫/૧૮૯૪ના રોજ થયો હતો.**

**ભારત સરકારે નવોદિત ગુજરાતના સ્થાપનાદિનથી તા. ૧/૫/૧૯૬૦થી રાજયપાલશ્રી તરીકે તેમની નિયુક્તિ કરી. આ પદ પર તેઓશ્રી તા. ૩૧/૭/૧૯૬૫ સુધી રહ્યા.**

**સરકારે તેમની વહીવટી સેવાઓની કદર કરીને ૧૯૬૫માં 'પદ્મવિભૂષણ'ના ખિતાબથી નવાજ્યા.**

**ગુજરાતના ગૌરવવંતા આ રાજયપાલનું તા. ૨૩/૬/૧૯૬૭ના રોજ અવસાન થયું.**

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪**
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરાયીત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ.

**વૃષભ**

સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદઃખ થાય.

**મિથુન**

આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

**કન્યા**

નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

**તુલા**

આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુક્શાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

**વૃશ્ચિક**

ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે.

**ધન**

પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

**મકર**

નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

**કુંભ**

કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય.

**મીન**

આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

**-કનકચંદ્ર સી. વ્યાસ**

# રવિયાણા ગામે ધારાસભ્યના હસ્તે તળાવ ઉંડુ કરવાની કામગીરીનો પ્રારંભ


મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

રાજય સરકારનો મહત્વનો એવો જળસંચય અભિયાન કાર્યક્રમના ભાગરૂપે કાંકરેજ તાલુકાના રવિયાણા ગામે વિચરતી જાતિ સમુદાય મંચ બનાસકાંઠા તથા ગ્રામજનોના સાથ સહકારથી કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ પી. વાઘેલાના વરદ હસ્તે તળાવ ઊંડુ કરવાની કામગીરીનો સવારે ૧૦ કલાકે મુહુર્ત કરવામાં આવેલ. જળ એ જ જીવનએ હેતુના કાર્યક્રમમાં રવિયાણાના ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહેલ અને રાજય સરકારના આવા અભિગમને ગામલોકોએ બિરદાવેલ. ગ્રામજનો દ્વારા આ કાર્યક્રમમાં પધારેલ મહેમાનોનું ફુલહાર તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય વાઘેલા, થરા એ.પી.એમ.સી.ના ચેરમેન અણદાભાઈ પટેલ, ભાજપા તાલુકા પ્રમુખ ડાહ્યાભાઈ પીલીયાતર, કાંકરેજના રાજકીય આગેવાન, કલાભાઈ પટેલ, રેવાભાઈ ગજ્જર, સરપંચ, ડે.સરપંચ, તેમજ ગામના આગેવાનો, વડીલો અને યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રવિયાણા, દૂધ મંડળી દ્વારા ૩૦,૦૦૦/- ત્રીસ હજાર રૂપિયા, થરા માર્કેટયાર્ડના ચેરમેન દ્વારા ૧૧,૦૦૦/- અગિયાર હજાર તેમજ ગામના દાતાઓ દ્વારા તળાવ ઊંડુ કરવા માટે યથાશક્તિ ફાળો આપવામાં આવેલ. કાર્યક્રમની આભારવિધિ રેવાભાઈ ડી.ગજજરે કરેલ.

## જાંબુ શરીર માટે ફાયદા કારક છે


વિનોદ બાંડીવાલા

ઉનાળાની કાળઝાળ ગરમી માં ઠંડક આપતા ફાળો આરોગવા શરીર માટે ફાયદાકારક હોય છે. ત્યારે ગરમીના મોસમમાં કેરી ફણસ રાયણ ની ડિમાન્ડ વધતી જતી હોય છે. ત્યારે વૈશાખ માસ માં જાંબુ ના ફળ ખાવા લોકો ચુકતા નથી. સાથે સાથે આરોગ્ય ની દ્રષ્ટિએ પણ ઘણુંજ ફાયદાકારક હોય છે.

## પાટણ પાલિકાનું એક માત્ર ફાયર ફાયટર ક્ષતિગ્રસ્ત

પાટણ

પાટણ પાલિકા પાસે એક માત્ર મીની ફાયર ફાયટર બ્રાઉઝર હતું જે અકસ્માતથી ક્ષતિ ગ્રસ્ત થયેલ છે, ત્યારે શહેરમાં હવે કોઈ આગની ઘટનાનો બનાવ બને તો અન્ય પાલિકા પાસેથી ઉધાર ફાયર ફાયટર માંગવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે.આ ફાયટરને પાટણના રામણદા ગામે બંદોબસ્ત અને વ્યવસ્થાના ભાગરૂપે યોજાયેલ રિહર્સલમાં કલેક્ટરના આદેશથી મોકલાયું હતું, આ ફાઈટર રામણદાથી પરત પાટણ આવતું હતું. **અનુસંધાન પાના નં.૬**

## રતનગઢના આશ્ચસ્પદ યુવાનનું આકસ્મિક અવસાન

પ્રતિ. રવિયાણા



કાંકરેજ તાલુકાના રતનગઢના પૂર્વ ભાજપા પ્રમુખ કાંકરેજના પુત્ર પટેલ દિનેશભાઈ રાજાભાઈનું તા.૧૩/૫/૧૮ ને રવિવારના રોજ આકસ્મિક અવસાન થતાં રતનગઢ ગામમાં તેમજ તેમના મિત્રવર્તુળમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે.સ્વ.દિનોશભાઈના મિલનસાર તથા પરોપકારી સ્વભાવના કારણે તેઓ બહોળું મિત્રવર્તુળ ધરાવતા હતા તેમના આકસ્મિક અવસાનથી ગામમાં દુઃખની લાગણી પ્રસરી હતી.

તેમની અંતિમયાત્રામાં રતનગઢના ગ્રામજનો અને સ્નેહીજનો તેમજ તેમનું મિત્રમંડળ જોડાયું હતું.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બનાસકાંઠા દ્વારા અનુપમ શાળા અભિવાદન કાર્યક્રમ યોજાયો

### ડાયટ દ્વારા બનાસકાંઠા જિલ્લાના ૯૦૦ શિક્ષકોનું સન્માન કરાયું

પાલનપુર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બનાસકાંઠાના પ્રાચાર્ય ડૉ.જી.એન.ચૌધરીના માર્ગદર્શન અને યુનિસેફ-ગુજરાત દ્વારા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે અનુપમ શાળા પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટમાં કુલ-૩૧૪ શાળાઓ જોડાઇ હતી. ગુણવત્તાલક્ષી શિક્ષણ, સંસ્કારલક્ષી શિક્ષણ અને કોઇપણ ખાનગી શાળામાં ના હોય તેવું સાધન સંપન્ન અને નયનરમ્ય વાતાવરણ હોય તેવી શાળા કે ૪૫૦ ગુણમાંથી ૭૦ ટકા ઉપર ગુણ પ્રાપ્તસ કરે છે તેવી શાળાને અનુપમ શાળા જાહેર કરવામાં આવે છે. આ પ્રોજેકટમાં કુલ-૧૨૦ શાળાઓએ સ્વેચ્છાએ મૂલ્યાંકન કરાવ્યું હતું. ડાયટ પાલનપુર, મહેસાણા અને પાટણ જિલ્લાની ટીમ દ્વારા તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવેલ જેમાં ૭૨ શાળાઓએ તમામ પાસામાં સુંદર દેખાવ કરી સિધ્ધિ હાંસલ કરી છે. તેવી શાળાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે જી.સી.ઇ. આર.ટી.ના પૂર્વ નિયામક ડૉ. નલિન પંડિત, યુનિસેફ ચીફ ડૉ. લક્ષ્મી ભવાની, ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ.જી.એન.ચૌધરી, જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ અધ્યક્ષ બાબરાભાઇ ચૌધરી, યુનિસેફમાંથી ડૉ. પુષ્પો જોષી, શ્રી ડૉ.હરેશભાઇ ચૌધરી, શ્રી રાજેશભાઇ જાની, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.ડી. આર. દરજી, ડાયર પરિવાર, બી. આર.સી.ની ઉપસ્થિતિમાં ૭૨ શાળાઓના એસ.એમ. સી.સભ્ય તથા ૯૦૦ જેટલાં શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# લાખણી હિંગળાજ માતાજીનો સાતમો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો


દિલીપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

લાખણી ખાતે પૌરાણિક હિંગળાજ માતાજીનું મંદિર આવેલ છે તે મંદિરમાં અગાઉ જીર્ણોધ્ધાર કરવામાં આવેલ અને હિંગળાજ માતાજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવેલ. ત્યારથી દર વર્ષે વૈશાખ વદ -૧૩ ના રોજ માતાજીનો પાટોત્સવ ખુબ જ ધામધુમથી ઉજવવામાં આવે છે. આ વખતે હિંગળાજ માતાજીનો સાતમો પાટોત્સવ (તિથિ) મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે મંદિરે આગળની રાત્રે ભજન કીર્તન અને તેરસના દિવસે સવારે યજ્ઞ મહોત્સવનું આયોજન કરાયુ હતું. જે પ્રસંગે લાખણી ગામના તમામ ધંધા રોજગાર બંધ રાખી ઝાંપાં ચુંદડી આખા ગામનો તમામ સમાજનો જમણવાર ભોજનપ્રસાદ મંદિર ખાતે રાખવામાં આવ્યો હતો. આ વર્ષે આ મહોત્સવના દાતાઓમાં છાશના લાભાર્થી દેસાઈ મોતીભાઈ તેજાભાઈ, પાંચાભાઈ જીભાભાઈ, છગનભાઈ હરીભાઈ ચા, કોફી, દુધના દાતા હરિભાઈ મોદી, કિર્તિવન ગૌસ્વામી, અરવિંદલાલ શાહ, માતાજીના મંદિરનો શણગાર પટેલ પદમાજી કેશરાજી, સુરેશ ચમનાજી સાઉન્ડના દાતા દેસાઈ રામાભાઈ વિરાભાઈ, ગેસના બાટલાના લાભાર્થી સુન્ધેશ્વરી ગેસ એજન્સી, મીનરલ પાણીના લાભાર્થી ભાગ્યોદય એગ્રો સેન્ટર પટેલ દેવાભાઈ દલાભાઈ, આજના યજ્ઞના લાભાર્થી પટેલ ધુડાજી ઉદાજી, સિસોદીયા મોહનભાઈ છગનભાઈ, મુકેશભાઈ છગનભાઈ, બેનરના લાભાર્થી લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસ વગેરે રહ્યા હતા.

# ધો.૧૨ સાયન્સમાં જિલ્લામાં પ્રથમ આવતા સન્માન કરાયુ



ડીસા

ધોરણ ૧૨ (સાયંસ) માં જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરવા બદલ ડીસાના સામાજિક કાર્યકર મફતભાઈ મોદી, ભગવાનભાઈ ચંડોખીયા, ભારત વિકાસ પરિષદ ડીસા શાખાના મહામંત્રી જયેશભાઈ દેસાઈ, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય એ પ્રાચીને ધન્યવાદ તથા શુભેચ્છા સંદેશ આપવા માટે તેમના નિવાસ સ્થાને જઈને શુભેચ્છા પત્ર, રોકડ પુરષ્કાર તથા પુસ્તક આપીને ધન્યતા અનુભવી હતી. જે બદલ પ્રાચીના દાદા પોટુમલ વારડે તથા પરિવારજનોએ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## તપોવન સમર વેકેશન સંસ્કાર કેમ્પના બાળકોએ માનવપ્રેમ વ્યક્ત કર્યો

નવસારી

''ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો, મારું જીવન અંજલિ થાજો'' આ પંક્તિનો પ્રેક્ટીકલ અમલ કરી સમર વેકેશન સંસ્કાર કેમ્પ નવસરી- તપોવનના બાળકોએ માનવપ્રેમ કરીને ઉજવ્યો હતો. તપોવન આજુબાજુની ઝુંપડપટ્ટીમાં મીઠીબુંદી- સેવ અર્પણ કરવામાં આવતાં હર્ષથી ઘેલા બનેલા લોકોએ ''જય મહાવીર'' ''જય મહાવીર'' નો જયઘોષ કર્યો હતો. નાના ગરીબ બાળકોને મીષ્ટાન ખાતા જોઈને શિબિરના બાળકો ગેલમાં આવી ગયા હતા. મોટા થઈને મોજશોખમાં પૈસા ઉડાવવાને બદલે વધુમાં વધુ સંપત્તિ સત્કાર્યોમાં વાપરવાનો સંકલ્પ કર્યો હતો.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ કહ્યું કે, ભારતમાં ગરીબોની પરિસ્થિતિ અતિભયાનક છે. ઘણા લોકોને રોટી- કપડા અને મકાનના ફાંફા છે. જગતનો તાત ખેડુત દેવાદાર બનીને આપઘાત કરે છે. બિહાર જેવા રાજ્યોમાં ભૂખથી તડપડતા માબાપ સંતાનોને વહેંચે છે. તે બાળકોના વિવિધ અવયવો કીડની, આંખ, લીવર, લોહી વગેરેના લાખો રૂપિયાની વેચવાનું સ્કેન્ડલ ચાલે છે. આવા સમયે સાદગીભર્યું જીવન જીવવું જોઈએ. અને ગરીબોના આંસુ લુંસવા પ્રયત્ન કરવો જોઈએ. ફેશન કરનાર કદી ફેમશ બની શકતો નથી. ફેમશ તો જેઓ ગાંધીબાપુ જેવી સાદગી અપનાવી ગુણવાન બનશે તે થઈ શકશે..

સમર વેકેશન સંસ્કાર કેમ્પની પૂર્ણાહુતિ નિમિત્તે બાળકોએ ડાંગી નૃત્ય, એકપાત્રીય અભિનય, સ્વાગત ગીત, માની મમતાનું ગીત- નૃત્ય કરીને વાલીઓને ખુશ કરી દીધા હતા. પં. જયભૂષઠવિજયજી મુનિશ્રી નાયરક્ષિતાવિજયજીએ બાળકોને સંસ્કારમાં વૃદ્ધિ કરવા માટે પ્રેરણા કરી હતી. આ પ્રસંગે પંન્યાસ પદ્મદર્શનવિજયજી આશિષ આપવા પધારેલ હતા.

## સરદારધામ યુવા તેજસ્વિની મોટીવેશનલ કાર્યક્રમ



સરદારધામ અને કેળવણીધામ દ્વારા તારીખ ૧૩.૦૫.૨૦૧૮ના રોજ નિકોલ કેળવણીધામ ખાતે સ્ત્રી સશક્તિકરણના ભાગરૂપે પાટીદાર સમાજની યુવા તેજસ્વિની માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટ ૨૦૨૬ અંતર્ગત ઉદ્યોગ સાહસિક મહિલાઓ માટેનો અનોખો મોટીવેશનલ કાર્યક્રમમાં શૈક્ષણિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રના અગ્રણી મહિલા શ્રીમતી તેજલબેન અમીન મુખ્યવક્તા તરીકે ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપ્યું હતું અને મહિલાઓને આંત્રપ્રિન્યોર બનવાના પાઠ શીખવ્યાં હતાં. સરદારધામની રચના પાટીદાર સમાજના આર્થિક વિકાસ અને એકતાની ભાવના પ્રબળ બને તે માટે કરવામાં આવેલ છે.

સરદારધામ દ્વારા ચોક્કસ મિશન અને વિઝનના મુખ્ય ઉદ્દેશ્યને કેન્દ્રમાં રાખીને જીબીપીએસ ૨૦૧૮નું સફળતાપૂર્વક આયોજન થયેલ અને તે જ રીતે દર બે વર્ષે ૨૦૨૬ સુધી આવા કાર્યક્રમ સરદારધામ આયોજન કરતું રહેશે. આગામી ૨૦૨૦માં જીબીપીએસનું ભવ્યાતિભવ્ય આયોજન ગાંધીનગર હેલીપેડ ખાતે યોજાનાર છે અને આ સમિટમાં સમાજના બહેનો હાલ જે જુદાં-જુદાં વ્યવસાયમાં પ્રવૃત્ત છે. તેઓને તે ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરે તેમજ નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર થાય અને મહિલાઓ પણ સ્વતંત્રપણે ઉદ્યોગ-વેપારનું સંચાલન કરે અને પગભર થાય તે માટે એક મહત્વનું પ્લેટફોર્મ પુરું પાડવાના ભાગરૂપે બહેનો માટે જ અલગ એક ડોમ ફાળવવામાં આવનાર છે અને આ રીતે મહિલાઓ પણ રાષ્ટ્રનિર્માણમાં સહભાગી બનશે.

ઉપરની વિભાવનાઓને મૂર્તિમંત કરવાના ભાગરૂપે સરદારધામ અને કેળવણીધામના ઉપક્રમે રાજ્યના તમામ જુદાં-જુદાં વિસ્તારમાંથી અંદાજીત ૧૦૦૦ જેટલી મહિલાઓ ઉપસ્થિત રહેનાર છે અને આ અંગેના આયોજનની જવાબદારી પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયા, સીઈઓ શ્રી એચ.એસ. પટેલ તેમજ ટ્રસ્ટીગણના માર્ગદર્શન હેઠળ મુખ્ય કન્વિનર તરીકે પ્રો. ડો. જાગૃતિબેન પટેલને સોંપવામાં આવી છે. તેઓએ જુદાં-જુદાં ઝોનના મહિલા-આગેવાનો સાથે બેઠકો યોજી સુચારું આયોજન થાય તે માટે વિવિધ અગ્રણીઓને જવાબદારી સુપ્રત કરી છે. આખા કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન મહિલાઓ દ્વારા કરવામાં આવનાર છે.આ મોટીવેશનલ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેનાર શ્રીમતી તેજલબેન અમીન વડોદરામાં પ્રતિષ્ઠિત નવરચના શૈક્ષણિક સંકુલનું સંચાલન કરે છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પણ નવરચના યુનિવર્સિટીનું પણ સંચાલન કરે છે. આ ઉપરાંત જ્યોતિ લિમિટેડના ડાયરેક્ટર તરીકે પણ કામગીરી કરે છે. ઈન્ટરનેશનલ મેરેથોનનું પણ સફળતાપૂર્વક આયોજન કરે છે. એક મહિલા અગ્રણી તરીકે તેમનો વિવિધક્ષેત્રનો અનુભવ સમાજમાં બહેનોના સમાજિક, આર્થિક તેમજ ઔદ્યોગિકક્ષેત્રે પ્રદાન કરવા અંગે પ્રેરક તેમજ પ્રોત્સાહિત પ્રવચન-માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમમાં બહેનોને ધંધા-ઉદ્યોગને લગતા પ્રશ્નો અંગે પણ જાણકારી અપાશે. હું આ પ્રસંગે કેળવણીધામનો હૃદયપૂર્વક આભાર માનું છું. પ્રો. ડો. જાગૃતિબેન પટેલ (સરદારધામ યુવા તેજસ્વિની – કન્વીનર)

# ટીટોડીએ સુરક્ષિત સ્થાન પર ઈંડા મુકતા સારો વરસાદ થવાનું અનુમાન


(નરસિંહ દેસાઈ)

પ્રતિનિધિ વડાવળ

આજે આધુનિક યુગમાં ટેકનોલોજીનો અનેક ગણો વિકાસ થયો છે. ત્યારે હવામાન ખાતુ વરસાદની આગાહી કરતુ હોય છે. તેમ છતાં આજે પણ અનેક સ્થળો પર ટીટોડીના ઈંડા મુકવા પર વરસાદની આગાહી કરવામાં આવે છે. એવું કહેવાય છે કે ઉનાળાના ધોમધખતા તાપમાં ટીટોડી ઈંડા મુકતી હોય છે અને વરસાદના પહેલાં છોટે ઈંડા ફુડતા હોય છે. ગુજરાત રાજયમાં જુન મહિનામાં વરસાદની શરૂઆત થાય છે. તે પહેલા ટીટોડી ઈંડા મુકે છે. આના પર લોકો અલગ અલગ વાતો કરે છે. જેમાં ટીટોડી જેટલી ઊંચાઈએ ઈંડા મુકે તેટલા વધુ વરસાદ થતો હોવાની માન્યતા રહેલી છે. ટીટોડી ચાર કે ત્રણ ઈંડા મુકે છે. ચાર ઈંડા ઉંધા મુકે તો ખુબ સારો વરસાદ થતો હોય છે. જ્યારે ત્રણ ઈંડા મુકે તો જે દિશામાં ઈંડુ ના હોય તે દિશામાં વરસાદ થતો ન હોવાનું કહેવાય છે. ત્યારે વડાવળ નજીક રેલ્વે લાઈનનું કામકાજ ચાલુ છે તેના પથ્થરો પડ્યા છે. તેના પર ટીટોડીએ ચાર ઈંડા મુક્યા છે. જેથી આ વર્ષે પણ ખુબ સારો વરસાદ થવાનું કહેવાઈ રહ્યું છે. હવામાન વિભાગની વિવિધ એજન્સીઓ દ્વારા પણ આ વર્ષે સારા વરસાદ થવાના અણસાર આવ્યા છે. જેથી ગુજરાતમાં આગામી ૨૧ જુનથી ચોમાસુ બેસવાના સંકેત સાંપડી રહ્યા છે.

# અખંડ ભારત રાષ્ટ્રીય સંઘ સમાજને લગતા કામો માટે મજબુતાઈથી આગળ વધશે


ભરત સુંદેશા

ડીસા

ગતરોજ પાલનપુરના સર્કિટ હાઉસ ખાતે અખંડ ભારત રાષ્ટ્રીય સંઘની મિટિંગ રાષ્ટ્રીય અધ્યક્ષ ધર્મેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ મિટિંગમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મીરાબેન રાજપૂત, રાષ્ટ્રીય મહાસચિવ ઉષાબેન, પ્રદેશ ઉપાધ્યક્ષ તૃપ્તિબેન કડીયા, મહામંત્રી ધનરાજ રાજપૂત, પ્રદેશ મંત્રી ધર્મેશ પ્રજાપતિ અને પ્રદેશના અન્ય હોદ્દેદારો હાજર રહ્યા. આ મિટિંગમાં બનાસકાંઠા જિલ્લા અને શહેરના હોદ્દેદારોની નિયુક્તિ કરાઈ હતી અને અખંડ ભારત રાષ્ટ્રીય સંઘ એ આર.એસ.એસ. જેવી સંસ્થાઓ સાથેની વિચારધારા સાથે સંમત છે અને અખંડ ભારત રાષ્ટ્રીય સંઘની વિચારધારા મુજબ આગળ ચાલશે, દેશમાં એકબીજા સાથે એકતા જળવાઈ રહે અને દેશમાં રહીને દેશના ભાગલા પાડતા તત્વોનો ખુલ્લો વિરોધ કરવામાં આવશે, ગુજરાતમાં હમણાં કેટલાક સમયથી સમાજની આડમાં કેટલીક ગેંગ નીકળી પડી છે અમુક રાજ-કારણીઓની આડમાં આવા ગુજરાત વિરોધી તત્વોનો પણ ખુલ્લો વિરોધ અખંડ ભારત રાષ્ટ્રીય સંઘ કરશે તેવી ચર્ચાઓ કરી સમાજને લગતા કામો માટે મજબુતાઈથી આગળ વધવાનો ઠરાવ કરાયો હતો.

# ડીસા ખાતે ઠાકોર સમાજના સમુહ લગ્ન યોજાયા


ભરત સુંદેશા, કંચનજી ઠાકોર

**૨૪ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા**

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકા અને શહેર ઠાકોર સમાજ સમુહ લગ્ન સમિતિ દ્વારા ડીસા માર્કેટયાર્ડ ખાતે સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી સમુહલગ્નમાં ભાગ લેનાર તમામ યુગલોને શુભેચ્છા પાઠવી હતી અને દિકરીઓને શિક્ષણ આપવા અપીલ કરી હતી. આ સમુહલગ્ન સમારંભમાં ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, મગનભાઈ માળી, પ્રવીણભાઈ માળી (નગરપાલિકા પ્રમુખ) ડીસા તાલુકા પ્રમુખ ઉકાજી ઠાકોર ડીસા તા.ભાજપ પ્રમુખ લેબજી ઠાકોર, રસીકજી ઠાકોર, રમેશભાઈ દેલવાડીયા, રસાણાના રામગીરી મહારાજ, ચમનનાથ મહારાજ, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, તા. સંઘના ચેરમેન દશરથભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, ભક્ત હંસાબેન (જય દશામા), ચમનજી ઠાકોર (કાંટ), ગુજરાત ઠાકોર સમાજ પ્રમુખ જુગલજી ઠાકોર વગેરેએ મહાનુભાવો હાજર રહી નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા. સમુહલગ્નને સફળ બનાવવા ભોજનદાતા ભરતજી ધુંખ(આખોલ સરપંચ), પારજી ઠાકોર, પરબતજી ઠાકોર, શંભુજી ઠાકોર કાંટ, શોભાજી ભગત, વગેરેએ સહયોગ આપ્યો હતો. આ લગ્ન સમારંભને સફળ બનાવવા માટે ડીસા રાજુભાઈ ઠાકોર (બજરંગ) અશોક સોલંકી, વિજય વાઘેલા, બાબુજી (જોરાપુરા), અજમલજી રાનેરા,દાનસુંગજી રસાણા, પ્રકાશજી ડીસા વગેરે સમાજના યુવાનોએ સહયોગ આપ્યો હતો.

# રવિયાણા ગામે ધારાસભ્યના હસ્તે તળાવ ઉંડુ કરવાની કામગીરીનો પ્રારંભ


મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

રાજ્ય સરકારનો મહત્વનો એવો જળસંચય અભિયાન કાર્યક્રમના ભાગરૂપે કાંકરેજ તાલુકાના રવિયાણા ગામે વિચરતી જાતિ સમુદાય મંચ બનાસકાંઠા તથા ગ્રામજનોના સાથ સહકારથી કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ પી. વાઘેલાના વરદ હસ્તે તળાવ ઊંડુ કરવાની કામગીરીનો સવારે ૧૦ કલાકે મુહુર્ત કરવામાં આવેલ. જળ એ જ જીવનએ હેતુના કાર્યક્રમમાં રવિયાણાના ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહેલ અને રાજ્ય સરકારના આવા અભિગમને ગામલોકોએ બિરદાવેલ. ગ્રામજનો દ્વારા આ કાર્યક્રમમાં પધારેલ મહેમાનોનું ફુલહાર તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય વાઘેલા, થરા એ.પી. એમ.સી.ના ચેરમેન અણદાભાઈ પટેલ, ભાજપા તાલુકા પ્રમુખ ડાહ્યાભાઈ પીલીયાતર, કાંકરેજના રાજકીય આગેવાન, કલાભાઈ પટેલ, રેવાભાઈ ગજ્જર, સરપંચ, ડે.સરપંચ, તેમજ ગામના આગેવાનો, વડીલો અને યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રવિયાણા, દૂધ મંડળી દ્વારા ૩૦,૦૦૦/- ત્રીસ હજાર રૂપિયા, થરા માર્કેટયાર્ડના ચેરમેન દ્વારા ૧૧,૦૦૦/- અગિયાર હજાર તેમજ ગામના દાતાઓ દ્વારા તળાવ ઊંડુ કરવા માટે યથાશક્તિ ફાળો આપવામાં આવેલ. કાર્યક્રમની આભારવિધિ રેવાભાઈ ડી.ગજ્જરે કરેલ.

# રામસણ ખાતે જીર્ણોધ્ધાર કરાયેલ શિવાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

ડીસા

ડીસા તાલુકાના રામસણ ગામે બિરાજમાન આપેશ્વર મહાદેવજીના જીર્ણોદ્ધાર કરી નવનિર્મિત કરાયેલા મંદિરમાં શિવ પરિવાર અને ગોગા મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા અર્થે રામસણ ગામના સમસ્ત શ્રીમાળી બ્રહ્મસમાજ પરિવાર અને ગ્રામજનો દ્વારા બે દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીનું આયોજન કરાયું હતું.

ગત શનિવારે યજ્ઞના પ્રારંભ સાથે આ મહોત્સવની ઉજવણીનો શુભારંભ થયા બાદ શનિવારે વિશાળ શોભાયાત્રા યોજાઈ હતી.આ અવસરે ગઈ રાત્રે યોજાયેલા સંતવાણી કાર્યક્રમમાં જાણીતા કલાકારોએ ભક્તિ સંગીતની રસલ્હાણ કરાવ્યા બાદ આજે બીજા દિવસે રવિવારે બપોરે વિજય મુરહુતે નવીન મંદિરમાં શિવપરિવાર અને ગોગા મહારાજની વિધિવત રીતે પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી. આ અવસરે રામસણ નિવાસી શ્રીમાળી બ્રહ્મ સમાજ તેમજ ગામના ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# વિદેશમાં બિમાર પડેલા સુઇગામના વિધાર્થીની વ્હારે સમાજ આવ્યો

**સ્પેશ્યલ એરએમ્બ્યુલન્સમાં કિર્ગીસ્તાનથી સારવાર માટે ભારત લવાયો**


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

બનાસકાંઠાના સુઇગામના વતની વિરેન્દ્રસિંહ વિહાજી રાજપૂત ઉ.વ.૧૮ જેઓ ઉચ્ચ અભ્યાસ અર્થે કિર્ગીસ્તાન ગયેલા હતા. તેઓ ત્યાં દસેક દિવસ પહેલાં આકસ્મિક ગંભીર બીમાર પડ્યા હતા અને એક તબક્કે કોમામાં સરી પડતાં ઈમરજન્સી સારવાર અને મદદની જરૂર ઉભી થવા પામી હતી. આ બનાવ અંગે તેમના પરિવારને જાણ કરાતાં તેમના માટે મુશ્કેલ પરિસ્થિતી ઉભી થવા પામી હતી. આથી પરિવારે સમાજના યુવા અગ્રણી થરાદના ડોડગામના વણાજી રાજપુત (પ્રમુખ એમ.એસ. વિધામંદિર)ને કરી હતી. આથી તેમણે પાલનપુર રહેતા અને વિધાર્થીઓને ફોરેન સ્ટડીમાં સ્પૉટ કરતા પાલનપુરના બ્રહ્મ સમાજના શેખર દવે (મેગ્નેશિયા પ્રા. લિમિટેડ) ને વાત કરતાં તેમણે તમામ લાઇન તૈયાર કરી હતી અને એક તબક્કે ભારતીય તબીબ સાથે વણાજી રાજપુત અને શેખરભાઇ કિર્ગીસ્તાન જવાની તૈયારી કરતાં થરાદ તાલુકા રાજપુત સમાજના પ્રમુખ ડી.ડી.રાજપુતે તેમને એર એમ્બ્યુલન્સ લઈ જવાની સલાહ આપી હતી.

આથી વણાજી રાજપુત, શેખર દવે અને બે તબીબ તથા બે પાયલોટ છ જણા એર એમ્બ્યુલન્સ સાથે કિર્ગીસ્તાન ગયા હતા અને દોઢ દિવસની મહેનત બાદ વિધાર્થીને કિર્ગીસ્તાનથી શુક્રવારે ભારત લઈ આવ્યા હતા. જ્યાં અમદાવાદની એપોલો હોસ્પીટલમાં એજ અવસ્થામાં સારવાર માટે લવાયો હતો. આમ પરિવાર માટે મુશ્કેલની ઘડી આવતાં તેમને સમાજના અગ્રણીઓએ અને સમાજને માત્રને માત્ર નિ:સ્વાર્થભાવે માનવતાથી પ્રેરાઈને મદદ કરનાર શેખર દવેએ મદદ કરતાં શોસ્યલ મિડીયામાં સમગ્ર રાજપુત ખુબ ખુબ જાહેર આભાર વ્યક્ત કરી તેમના માનવીય અભિગમને બિરદાવી રહ્યો છે.

**વિદેશ મંત્રાલયની મદદ લેવાની તજવીજ હાથ ધરાઇ હતી**

સુઈગામનો વિધાર્થી કિર્ગીસ્તાનમાં બિમાર પડતાં ત્યાં ત્રણ હોસ્પીટલ બદલવા છતાં કોઈ ફરક નહી પડતો હોવાના ટેલિફોન સમાચાર સિવાય વિડીયોકોલ કે અન્ય માધ્યમથી વાતચીત કરવા મળતી ન હતી.આથી તેમના સંબંધીઓએ ગાંધીનગર ફેકસ કરી વિદેશમંત્રી સુષ્મા સ્વરાજની મદદ લેવાની પણ તજવીજ હાથ ધરી હતી.જોકે બ્રહ્મસમાજના યુવકની મદદથી રાજપુત સમાજના અગ્રણીઓએ મુશ્કેલ કામ સરળ કર્યું હતું.

# દીઓદર ધારાસભ્યની સાકરતુલા યોજાઈ


(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદરના ધારાસભ્ય અને માર્કેટ સમિતિના ચેરમેન શીવાભાઈ ભુરીયાની કોટડા (ફો) ગામે ચામુંડા માતાજીના મંદિરે સ્નેહીજનો દ્વારા સાકર તુલાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ પ્રસંગે તા.પં. સદસ્ય કાળાભાઈ પટેલ, માર્કેટના ડીરેક્ટરશ્રી બાબરાભાઈ પટેલ, ભેમાભાઈ પટેલ, કલ્યાણભાઈ પટેલ, રમાભાઈ પટેલ આદિ મોટી સંખ્યામાં ગ્રામજનો, સ્નેહીજનો ઉપસ્થિત રહેલ.

# થરાદના ઉંચાણવાળા વિસ્તારોમાં પાણીની તંગીથી પરેશાની

(પ્રતિ.) થરાદ

બનાસકાંઠાના થરાદ ખાતે ઉંચાણવાળા ભાગોમાં પીવાના પાણીની સમસ્યા સર્જાતા સ્થાનિક રહીશો ભરઉનાળે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. થરાદ નગરના સેદલાઈ વિસ્તાર, પ્લોટ વિસ્તાર, થાણાશેરી જેવા વિસ્તારોમાં છેલ્લા કેટલાક મહીનાઓથી પીવાના પાણીની અછત સર્જાતાં સ્થાનિક રહીશો મુશ્કેલી વેઠી રહ્યાં છે.

નગરના ઉંચાણવાળા ભાગોમાં ખરાઉનાળે પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી જેથી મહિલાઓને દિવસભર વાપરવા માટે ઉપયોગમાં લઈ શકાય એટલું પાણી ભરવા માટે દોડધામ કરવી પડે છે. આ વિસ્તારમાં પાલિકાનું પાણીનું ટેન્કર આવતાં જ લોકો ઉનાળાની ગરમીમાં પાણી માટે દોડાદોડ કરતા જોવા મળી રહ્યા છે.

જેથી પાલિકા દ્વારા પાઈપલાઇનની કામગીરી હાથ ધરી આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ લવાય અને ત્યાં સુધી ટેન્કરના વધારે ફેરા કરાવી પૂરતા પ્રમાણમાંપાણી આપવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

# શેરબજારમાં કર્ણાટક ચૂંટણીના પરિણામની સીધી અસર રહેશે

મુંબઈ

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પરિણામ, વૈશ્વિક ક્રૂડની કિંમતો, ત્રિમાસિક ગાળાના પરિણામના વિવિધ પરિબળોની અસર આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશન ઉપર જોવા મળશે. મોટાભાગના મૂડીરોકાણકારો કર્ણાટક ચૂંટણી અને ચોથા ત્રિમાસિક ગાળાના પરિણામ ઉપર વધારે આધાર રાકી રહ્યા છે. પાંચ સપ્તાહમાં સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો હાલમાં નોંધાયો હતો. શુક્રવારના દિવસે સેંસેક્સ ૨૯૦ પોઇન્ટ ઉછળીને ૩૫૫૩૫ની સપાટીએ રહ્યો હતો જયારે નિફ્ટી ૧૦૮૦૦ ની સપાટીએ રહ્યો હતો. તેમાં ૯૦ પોઇન્ટનો ઉછાળો રહ્યો હતો. આવી જ રીતે સાપ્તાહિક આધાર પર ઇન્ડેક્સમાં ૧.૭૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. અમેરિકામાં ફુગાવાના સોફ્ટ ડેટા અને ત્રિમાસિક કમાણીના આશાસ્પદ આંકડાની અસર જોવા મળી રહી છે. કર્ણાટક ચૂંટણીના પરિણામ પર હવે તમામની નજર રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કર્ણાટ ચૂંટણીમાં જો ભાજપને બહુમતિ મળશે તો રોકાણકારોનો આત્મવિશ્વાસ વધશે. માર્કેટ નવી ઉંચાઈ તરફ વધી શકે છે. જો કે જો કોઈપણ પીછેહઠ મોદી સરકારને થશે તો સાહસી સુધારાના પગલા પર મોદી સરકારને ધીમીગતિથી આગળ વધવાની ફરજ પડશે. હેમ સિક્યુરિટીના ડિરેક્ટર ગૌરવ જૈન દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. એક્ઝિટ પોલમાં મોટાભાગે ભાજપ અને કોંગ્રેસ બંનેને બહુમતિ મળી રહી નથી. ૭૦ ટકાની આસપાસ મતદાન થયું હતું. કોંગ્રેસ માટે પણ આ ચૂંટણી મહત્વપૂર્ણ છે. ઓપિનિયન પોલમાં મોટાભાગે સૌથી મોટી પાર્ટી તરીકે કોંગ્રેસ રહેવાની વાત કરવામાં આવી રહી છે. કોર્પોરેટ કમાણીના આં-કડા બજારની દિશા નક્કી કરશે. આવતીકાલે સોમવારના દિવસે હિન્દુસ્તાન યુનિલીવર, બોમ્બે ડાઈંગ, એબોટ ઇન્ડિયાના પરિણામ જાહેર કરાશે. આવી જ રીતે ૧૫મીના દિવસે લ્યુપિન, પંજાબ નેશનલ બેંક, બ્રિટાનિયા, રિલાયન્સ કોમ્યુનિકેશન અને સિન્ડિકેટ બેંકના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. આઈટીસી, જેએસડબલ્યુ સ્ટીલ, તાતા સ્ટીલના પરિણામ બુધવારે જાહેર થશે. જેકે ટાયર અને વોલ્ટાજના ૧૭મીએ જાહેર થશે.

**વેલ્ડીંગની આગને લઇ સરકાર-તંત્ર સામે સવાલો**

# મગફળીના ગોડાઉન આગ કેસમાં વેલ્ડિંગનું કારણ કેમ

અમદાવાદ

રાજકોટના શાપર-વેરાવળ હાઈવે પર આવેલા મગફળીના ગોડાઉનમાં લાગેલી આગના ચકચારભર્યા પ્રકરણમાં સીઆઈડી ક્રાઈમની તપાસમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે કે, ગોડાઉનના માલિક નરેન્દ્ર ત્રિવેદી દ્વારા વેલ્ડીંગનું કામ કરાવાયું હતું. શેડના પતરા ઉડી જવાના કારણે વેલ્ડીંગ કરાવવામાં આવતું હતુ. આ ગોડાઉનમાં વીજ કનેકશન ના હોઇ બાજુના ગોડાઉનમાંથી વીજલાઈન ખેંચી વેલ્ડીંગ કરાવવામાં આવતું હતું. વેલ્ડીંગના કારણે આગ લાગી હોવાની વાત છુપાવવાનો પ્રયાસ થયો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. વેલ્ડીંગના કારણે આગ લાગવાનું કારણ ફરી એકવાર સામે આવતાં રાજકીય ખળભળાટ મચી ગયો છે. તો સાથે સાથે મગફળીના ગોડાઉનમાં દર વખતે આગ માટે વેલ્ડીંગનું જ કારણ સામે આવતાં સરકાર અને તંત્ર સામે ગંભીર સવાલો ઉભા થયા છે. કારણ કે, અગાઉ ગોંડલના મગફળીના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગમાં પણ વેલ્ડીંગનું કારણ બહાર આવ્યું હતું અને હવે ફરી એકવાર મગફળીના ગોડાઉનમાં વેલ્ડીંગનું જ કારણ સામે આવતાં સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ આ પ્રકરણમાં જરૂરી ગુનો દાખલ કરવાની તપાસ હાથ ધરી છે. જો કે, સીઆઈડી ક્રાઈમ હાલના તબક્કે કેવી રીતે અને કોની સામે ગુનો દાખલ કરવો તેની અસમંજસમાં છે કારણ કે, હાલ તો, સીઆઈડી ક્રાઈમ માત્ર ગોડાઉનના માલિક અને વેલ્ડીંગનું કામ કરનારા મજૂરોને તપાસના દાયરામાં લઈ શકી છે અને કોઇ મોટા માથાની સંડોવણી સુધી હજુ પહોંચી શકી નથી, તેથી તપાસનીશ એજન્સી સામે પણ સવાલો ઉઠતાં સીઆઈડી ક્રાઈમ થોડી મૂંઝવણમાં મૂકાઇ છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ સીઆઈડી ક્રાઈમના ડીઆઈજી દીપાંકર ત્રિવેદીએ સ્પષ્ટ કર્યું હતું કે, સમગ્ર કેસની તપાસ અને સેમ્પલીંગ પછી રિપોર્ટ રજૂ કરવા માટે તમામ એજન્સીઓને પંદર દિવસનો સમય આપવામાં આવ્યો છે અને તેથી રિપોર્ટ બાદ જ કોઇ ચોક્કસ તારણ પર પહોંચી શકાશે. હાલના તબક્કે કોઇના પર દોષારોપણ કરવું યોગ્ય નહી કહી શકાય. સીઆઈડી ક્રાઈમના ડીઆઈજીના વડાની આ મોટી અને સારી વાતો બાદ અચાનક જ હવે શાપરના મગફળીના ગોડાઉનમાં બે જ દિવસમાં વેલ્ડીંગથી આગ લાગ્યાનું કારણ તપાસમાં લાવી દેવાયુ છે, જેને લઈને ફરી એકવાર હવે આગને લઈ સવાલો ઉઠયા છે. સવાલો ઉઠી રહ્યા છે રાજય સરકારની વિશ્વસનીયતા અને તંત્રની કામગીરી પર. સવાલો એવા ઉઠી રહ્યા છે કે, દર વખતે મગફળીના ગોડાઉનમાં કેવી રીતે વેલ્ડીંગથી જ આગ લાગી જાય છે અને સીઆઈડી ક્રાઈમ તપાસ સંભાળે તેના બે જ દિવસમાં આગનુ કારણ વેલ્ડીંગ હોવાનું તપાસમાં ખુલી જાય છે.

# ભરતસિંહજી વાઘેલા ભાવનગરની તાલીમ શિબિરમાં


(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત અને પ્રદેશ કોંગ્રેસ કમિટિના સંયુક્તમાં રાજીવ ગાંધી પંચાયતી રાજ તાલીમ શીબીરની બીજી ચરણમાં ભાવનગરના જીલ્લા - તાલુકા પંચાયતના ચુંટાયેલા તમામ પદાધિકારીઓની એક તાલીમ શીબીર યોજાયેલ જેમાં રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાતના કન્વીનર ભરતસિંહજી વાઘેલા (ફોરણા) સહિત અનેક આગેવાનોએ ઉપસ્થિત રહી જન પ્રતિનીધીઓની સત્તાના વિકેન્દ્રીકરણ અને હસ્તાં તરણની સાથે RGPRS ના સંગઠન બાબતમાં જાણકારી આપેલ.

# આજે બેંગ્લોર-પંજાબ વચ્ચે જંગ

ઈન્દોર

કિંગ્સ ઈલેવન પંજાબ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે આવતીકાલે જંગ ખેલાનાર છે. આઈપીએલની ૪૮મી મેચમાં બંને ટીમો જોરદાર દેખાવ કરવા માટે ઈચ્છુક છે. '

એકબાજુ કિંગ્સ ઈલેવન પંજાબ ૧૧ મેચોમાં છ જીત અને પાંચ હાર સાથે ૧૨ પોઈન્ટ ધરાવે છે અને તે સ્પર્ધામાં અકબંધ છે જ્યારે બીજી બાજુ આરસીબીની હાલત ખુબ જ કફોડી બનેલી છે. આરસીબીએ ૧૧ મેચોમાં ચારમાં જીત મેળવી છે. તેના આઠ પોઈન્ટ છે જેથી બેંગ્લોર માટે પણ તેની પ્રતિષ્ઠા બચાવવાની તક રહેલી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તેની છેલ્લી મેચમાં દિલ્હી પર જીત મેળવી હતી.

**જાહેરાત/સમાચાર માટે સંપર્ક કરો**

રાહ તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર માટે તા.થરાદ ખાતે રખેવાળ દૈનિક પેપર કોપી મેળવવા તેમજ જાહેરાત / સમાચાર અને ટુંક સમયમાં પુરી થનાર વાર્ષિક યોજના માટે મળો / સંપર્ક કરો

પાંચાભાઇ દેસાઇ (રાહ) મો.૯૯૦૧૮૯૨૦૯૨

## તંત્રી સ્થાનેથી ...

**જીવનમાં કંઈક મેળવવા માટે તપ કરવું સૌથી વધારે જરૂરી છે...**

# જળ અભિયાન પ્રજાકિય શક્તિના સથવારે થવું જોઈએ

ગુજરાત સરકાર દ્વારા અરંભાયેલા સુજલામ સુફલમ જળ અભિયાનમાં રાજ્યની સામાજીક, ધાર્મિક, સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત મોટા પ્રમાણમાં નાગરિકો સ્વયંભૂ જોડાઈ રહ્યા છે તે એક મહત્વની બાબત કહી શકાય.

સરકારનું જળ સંચય અભિયન કચ્છની હાલની પરિસ્થિતિમાં અત્યંત ઉપયોગી અને દુરોગામી પરિણામ આપનારું બની રહેશે. તળાવોને ઊંડા કરવાની કામગીરી અત્યંત લાભદાયી અને સર્વ કોઈ માટે ઉપકારક કહી શકાય. જો કે તળાવો ખોદવાની કામગીરી અગાઉ વિચારી હોત તો તે નજરે ન પડત. પાણી પહેલા પાળ બાંધવાની યોજના વિચારવી જોઈએ.ખરેખર જોવા જઈએ તો આવા જળસંચય અભિયન દર વર્ષે થવા જોઈએ. કેટલાક તળાવોમાં જે દબાણો થયા છે તે યુધ્ધના ધોરણે દૂર કરવા જોઈએ. કચ્છી માડુઓનું કહેવું છે કે કચ્છના લોકો જળસંચય અને તળાવ ઊંડા કરવામાં કચ્છીઓ હંમેશા આગળ રહ્યા છે. પાણી એ જીવનની પ્રાથમિક આવશ્યકતા છે, જ્યાં પાણી હોય એની આસપાસ જ માનવ સભ્યતા સંસ્કૃતિ વિકાસ પામે છે. ગુજરાતની ધરતીને સુજલામ્ સુફલામ અને સમૃધ્ધ બનાવવા રાજ્ય સરકારે વિરાટ જનભાગીદારી સાથે રાજ્યવ્યાપી અભિયાન ઉપાડ્યું છે. જેમાં અસંખ્ય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જોડાઈ છે.

લગભગ મે મહિનો ચાલનારા જળસંચય અભિયાન હેઠળ રાજ્યના ૧૩ હજાર જેટલા તળાવો અને જળસ્ત્રોતોની ઊંડાઈ વધારવી પડશે. ઘણા તળાવો સાવ સુકાભઠ્ઠ બની ગયા છે. ત્યાં વધુ શ્રમ કરવો પડશે. સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરમાંથી પસાર થતી ખારીકટ કેનાલના નરોડા સ્મશાનગૃહથી ઠક્કરબાપાનગર, અર્બુદાનગર, વટવા સહિતના રૂટની પણ સમીક્ષા કરવામાં આવી છે. ખારીકટ કેનાલનું સફાઈકામ સમયબધ્ધતા સાથે પૂર્ણ સંબંધિત અધિકારીઓને સરકારે ટકોર કરી હોવાથી કામગીરી ઝડપથી પૂર્ણ થશે તે ચોક્કસ છે. રાજ્યના અમરેલી જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ચેકડેમો ઊંડા ઉતારવાની કામગીરી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. તળાવો ઊંડા કરવાની સાથોસાથ ઉપયોગમાં ન આવી શકે તેવી માટીનો ટેકરીઓનું નિર્માણ કરવું જોઈએ. હાલ તળાવો ઊંડા કરવાની કામગીરીથી ગરીબજનોને સારી એવી રોજી પ્રાપ્ત થઈ રહી છે. ઘણા પરિવારો આ કામમાં જોતરાયા છે. આ કામગીરી દરમ્યાન તળાવોની ફળદ્રુપ માટી ખેતીકામમાં ઉપયોગી થઈ પડશે. અને ચોમાસુ શરૂ થતાં દરેક તળાવમાં પાણીનો સંગ્રહ કરી શકાશે. તેમજ જળસંચય થતાં જમીનના તળ ઊંચા આવશે. આ બાબતે ખેડુતોનું મંતવ્ય એવું છે કે તળાવોની કામગીરી બાદ રાજ્યના ખેડુતો ત્રણ પાક લઈ શકશે. જેથી ખેડુતોની આવકમાં પણ વધારો થઈ શકશે. સાથે સાથે પીવાના પાણીની જે વિકટ સમસ્યા સર્જાઈ છે તેને નિવારી શકાશે અને પ્રત્યેકને પાણી પહોંચતું થશે. જેથી પીવાના પાણીની સમસ્યા જળસંચયથી દૂર થશે. જો પાણીને બચાવશો તો પાણી આપણને બચાવશે. ગત વર્ષે સૌરાષ્ટ્રમાં તમામ ડેપો- તળાવો છલકાયા હતા. એટલો વરસાદ આવ્યો હતો અને અવાવરૂ કૂવાઓના પાણી ઊંચા આવ્યા હતા. જળ અભિયાન પ્રજાકીય શક્તિના સથવારે થવી જોઈએ.

# ટેડી ફાટી જાય એટલે ફેંકી દેવાનું ?

હૃદયના તાર ઝણઝણાવી દેતી - કદાચ ૨૦૦૯માં સર્જાયેલી - દુર્ઘટનાનો તાદ્રશ્ય ચિતાર આલેખતુ ને રુંવાડા ઉભા કરી દેતી વાતને જાણવાનો અનોખો અનુભવ એટલે નાટક : "મને એક મોકો આપો (B'coz I was not Guilty) !"

હા, આપણે જાણતા/અજાણતા કે પૂર્વગ્રહ પીડીત ને ક્યારેક દંભી જીવ બની જઈ, સત્ય ચકાસ્યા વિના મન-મરજીથી તેહ્રાંસ્ત્રી બનીને પોતાની વાત, મમત અથવા કુ-વિચારને ઠોકી બેસાડવામાં રાજીના રેડ થઈ જઈએ છીએ !

સ્ત્રીની લાગણીઓને, આકાંક્ષાઓને, સપનાઓને મર્યાદા કે લજ્જાના રુપકડા ને છેતરામણા બુરખા પહેરાવી દેવાથી તેમને રક્ષા-કવચ પ્રાપ્ત થઈ જવાનું !? હકીકત કેટલી કટુ અને યાતનામય હોય છે, એ તો જેના પર વીતે એ જ સમજી શકે ! આજના માતૃ-દિવસના ઉપલક્ષમાં સૌ કોઈએ એ યાદ રાખવુ ઘટે કે માઁ સૌ પહેલા તો એક દીકરી + બહેન + યુવતી + સ્નેહનો સરવાળો સર્જતી અને ગમતાનો ગુણાકાર ઈચ્છતી સ્ત્રી છે ! સૌ સામાજીક પ્રાણીઓએ, ખાસ તો "મર્દ" માનતા લોકોએ પીડીતની મનોવ્યથા, દિમાગી-દૌરની કરુણા, ઉર્મિ સામેનો ઉલ્કાપાત સહિત નારી-સન્માન-સામર્થ્યને માનવા, સમજવા આ ડ્રામા જરુર જોવુ તેવો ખાસંખાસ નમ્ર અનુરોધ છે !અર્ચના ચૌહાણના હોનહાર લેખન + દિગ્દર્શનમાં બાહોશ, જાનદાર Lady Bachchan દિશા મહેતા તથા ચુલબુલી શાનદાર & આત્માના દ્વાર ઉઘાડતી અભિનેત્રી મમતા ભાવસાર નામની શક્તિઓએ ઉપર્યુક્ત ઁ્રઠઅ ના માધ્યમથી આપણી સમક્ષ, સમાજ સામે પ્રશ્નોની હારમાળા સર્જી છે !!!!

(BTW, આ ચિત્કારપૂર્ણ સ્ટેજ Perfromance જોવા ભલામણ કરનાર એવા આ લખનારને કોઈ લાંચ નથી મળી તે નોંધશોજી)

**વિકેશશાહ દાંતીવાડા**

<u>**આત્મચિંતન**</u>

# સ્વાધ્યાયની સાથે મનન ચિંતન જરૂરી

આપણે એ ધ્યાન રાખીને ચાલવું જોઈએ કે મનની મલિનતા વધવાથી રોકવા માટે કેટલાક મોટા અને સતત પ્રયત્ન કરવા પડે છે. ત્યારે જ તે ક્યાંક કાબુમાં આવેછે. ઘોડાને સાચા રસ્તા પર ચલાવવા માટે એને લગામ લગાવવી પડે છે અને હાથમાં ચાબુક રાખવી પડે છે. આવી વ્યવસ્થા મન માટે કરવામાં આવે તો જ તે રસ્તા પર ચાલશે.

નિત્ય સારા પુસ્તકો ન અધ્યયનની નિયમિત વ્યવસ્થા રાખવી જોઈએ. અધ્યનનો વિષય માત્ર એક હોવો જોઈએ-આત્મનિરીક્ષણ અને આત્મ પરિશોધનનું માર્ગદર્શન જે પુસ્તકો આ ઉદેશ્યને પુરા કરે છે, આંતરિક સમસ્યાઓના સમાધાનમાં યોગદાન આપે છે, માત્ર તેવા જ પુસ્તકોને આ ઉદેશ્ય માટે ચૂંટવા જોઈએ. કથા પુરાણોનો ઉપયોગ આ પ્રસંગમાં નિરર્થક છે. આજના પ્રશ્નને આજની પરિસ્થિતિમાં આજની રીતે કેવી રીતે હલ કરી શકાય તેવા દૂરદર્શિતાપૂર્ણ સમાધાન પ્રસ્તુત કરે તે જ ઉપયુક્ત સાહિત્ય છે. આવી પુસ્તકોને આપણે ચયન કરવી પડશે. તેને નિત્ય નિયમિતરૂપથી ગંભીરતા અને એકાગ્રતાપૂર્વક વાંચવા માટે સમય નિયત કરવો પડશે. અંતઃકરણની ભુખ મટાડવા માટે આ ''સ્વાધ્યાય સાધના'' ખૂબ જ જરૂરી છે.

સ્વાધ્યાય પછી મનન-ચિંતન જે વાંચ્યું છે તેની ઉપર વારંવાર કેટલાય દ્રષ્ટિકોણોથી વિચાર કરવો જોઈએ અને એ જોવું જોઈએ કે તે પ્રકાશને વધારવાનો શો ઉપાય છે ? આદર્શોને પોતાના વ્યક્તિત્વમાં ઘોળવા માટે ''મનન અને ચિંતન'' નો મુખ્ય ઉદેશ્ય છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# પ્રાર્થનાના હૃદયદ્રાવક શબ્દો શું ન કરી શકે...!

પ્રાર્થના જીવનનો આધાર છે.. જે કામ દવાથી ન થાય તે કદાચ પ્રાર્થનાના બે શબ્દોથી થઈ શકે છે. પણ એ બે શબ્દો અંતરના ઉંડાણમાંથી નીકળેલા હોવા જોઈએ.

ભરી સભામાં દ્રોપદીના હૃદયમાંથી નીકળેલા હૃદયદ્રાવક શબ્દો 'કનૈયા' સુધી પહોંચ્યા હતા અને એ જ પરમકૃપાળું પરમેશ્વરે અબળાની લાજ રાખી હતી. કનૈયાની યાદમાં રાત્રે ઓંશી-કા ભીના થઈ જતાં હોય તે ભક્તનો તો ઈશ્વર વાળ પણ વાંકો થવા દેતો નથી.

અને કોઈકે કહ્યું છે ને કે..

"હે ઈશ્વર તે મને સુખ એટલું બધું આપ્યું છે કે,

તારી યાદમાં આખી રાત આંનદના અશ્રુંથી રડ્યો.."

સાચા ભક્તને તો દુઃખ પણ સુખ હોય છે.. પેલા નરસૈયાને યાદ કરીએ તો ખબર પડે કે, સંસારમાંથી બધું જ ચાલ્યું ગયું હોવા છતાં તે જ એમ કહી શકે કે,,

"ભલું થયું ભાંગી જંજાળ, સુખેથી ભજશું શ્રી ગોપાલ.."

આવા જ ભક્ત એકાંતને માણી શકે છે.. એકાંતમાં શ્રી હરીને યાદ કરીને ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે. આનંદની પરાકાષ્ટા વતી જાય તો પણ શ્રી હરીને યાદ કરતો હોય તે સાચો ભક્ત છે. બાકી સંપતિ, સંતાન, સગવડ માટે કરાતી પ્રાર્થનાના હજારો શબ્દો હરી સુધી પહોંચતા નથી. ભૌતિક સુખની ભલામણથી કરાતી પ્રાર્થના પરમેશ્વર સાંભળી શકતો નથી.

ભડ..ભડ.. સળગતા નેભાડામાં પેલાં બિલાડીનાં બચ્ચાં સહીસલામત રહી શકતાં હોય તો આપણે અહી મસ્ત સંસારમાં કેમ સુરક્ષિત ન રહી શકીએ..! પણ એવો પોકાર આપણાથી થઈ શકતો નથી. થોડુંક મળી જાય ને છકી જવા વાળા આપણે આત્મારૂપી પરમાત્માને કેવી રીતે ઓળખી શકીએ..?

મીરાંને તો ઝેરમાં પણ અમૃત દેખાય છે.. જ્યારે સંસારમાં ભાન ભૂલેલા આપણને અમૃતમાં પણ ઝેર દેખાતું હોયછે. સાચા ધણીનું નામ અમૃત જેવું છે પણ તે વાત આપણને ગળે ઉતરતી નથી.. ને પછી એવો સંસારમાં અટવાય કે એને બચાવવાવાળું કોઈ ના મળે.

જીવનની છેલ્લી અવસ્થામાં શરીર અશક્ત હોય ત્યારે આપણે કેવી રીતે ઈશ્વરને ભજી શકીશું...? અને અંતમાં કરેલી માળા પણ શું કામની...? બાળપણ ને યુવાનીમાં સાચા ઈશ્વરના નામમાં મન ચોંટે તો વૃધ્ધાવસ્થામાં તેની (ઈશ્વર) તરફ મીટ મંડાયેલી રહે. પણ બાળપણ અને યુવાની મોજમજામાં, સુખસગવડ ભોગવવામાં ખોયું તો સાચો આનંદ વૃધ્ધાવસ્થામાં ખોઈ બેસાય.

જેને સાચા નામની પ્રાર્થનાના શબ્દોની અસર થઈ જાય તે તમામ ભૌતિક સુખને હડસેલીને ઈશ્વરમાં લીન થઈ જાય છે. પછી કરોડોની જાગીરી કેમ ના હોય..! લાખો રૂપિયાનો પગાર કેમ ના હોય..! એના માટે તે બધું તુચ્છ તણખલા સમાન થઈ જાય છે. માન અને અપમાન એના માટે એકસરખું થઈ જાય છે. એક જ હરીના નામનો આધાર સિવાય બીજું કશું બાકી રહેતું નથી.

"ભજન ભજન સબ કરે,

પણ સાચું ભજન નહી.

ભજન કર્યું પેલા ભક્ત નરસૈયે,

બાવન વખત ઈશ્વર આવ્યા ઘરમાંહી.

વળી, ભજન કર્યું ભક્ત પ્રહલાદે,

હરી પ્રગટ્યા થંભ માંહી.

ભજન કર્યું પેલા ધ્રુવ બાળકે ,

રાખ્યું અવિચલ નામ જગમાંહી.."

જેના માટે ભૌતિક સુવિધાવાળો સંસાર સુખ ભોગવવાવાળો નથી પણ માત્ર નામનો જ રહી ગયો હોય તે જ સાચું ભજન કરી છે.. રહેતો હોય સંસારમાં પણ ઈશ્વરના આનંદમા મસ્ત પુરૂષનું ધ્યાન તથા ભજનનો તાર તારણહાર સાથે જોડાઈ જાય તેવા અલગારી પુરૂષ મળવા કઠીન છે.

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

આવા પુરૂષો આપણી આસપાસ પણ રહેતા હોય છે. પણ સાચી ગુરૂકૃપાથી જ તે ઓળખાય છે. પછી તો તેવા પુરૂષની છત્રછાયામાં બેસી જવાથી અનહદ આનંદની પ્રતિતી થતી રહે છે. તેવા પુરૂષની ચરણરજ ન મળે તો પણ વાંધો નથી, તેના દાસના દાસની છાયા મળી તો પણ જીવન ઉદ્ધાર થઈ જાય.

સાચી પ્રાર્થના પણ એ જ કરી શકે કે, જેનામાં પુર્વજન્મના સંસ્કાર પડેલા હોય અથવા વર્તમાન સમયમાં અવધુત પુરૂષનો ભેટો થયો હોય. તે અલગારી પુરૂષનાં બ્રહવાક્યો નસીબ બદલી નાખે તો માળા કેમ ન પકડાવી શકે..! બાકી વૃધ્ધાવસ્થામાં સાવ નવરો હોય તો પણ ક્યાં માળા પકડી શકે છે... નિંદા, લાલચ, કામ, ક્રોધમાં મસ્ત થઈને ફરનારને આ નાશવંત વસ્તુમાં આનંદ દેખાય છે. તે દેખાદેખીથી સ્થુલરૂપે માળા પકડશે તો ખરા પણ મન ક્યાંય ભટકતું હશે. આવી માળા કરેય શું વળે. વળી એવું ધ્યાન કરવાથી પણ શું ફાયદો. ધ્યાન તો એને કહેવાય કે જેની ચિતવૃતિ શ્રીહરીમાં એકરૂપ થઈ ગઈ હોય.

મનુષ્ય બહુ અહંકારી પ્રાણી છે. આ મેં કર્યું છે, આ હું કરીશ, હું હોશિયાર છું, હું બુદ્ધિમાન છું, હું સત્તાધીશ છું, હું પરાક્રમી છું વગેરે અનેક પ્રકારનું અભિમાન તેનામાં હોય છે. આવા અભિમાનને કારણે તેનામાં વિનયશીલતા કે નમ્રતા આવતી નથી, પરંતુ જ્યાં સુધી આવું અભિમાન હોય છે ત્યાં સુધી તે દુઃખી જ હોય છે. અભિમાનનું પરિણામ દુઃખ અને સર્વનાશ જ હોય છે. માણસ ઈશ્વરની શ્રેષ્ઠતા, સર્વોપરિતા સ્વીકારતો નથી ત્યાં સુધી તે અહંકારી જ રહે છે. ઈશ્વર જ શ્રેષ્ઠ છે, તે જ કર્તાહર્તા છે અને પોતે તો માત્ર નિમિત્ત જ છે એવું તેને લાગવા માંડે ત્યારે તેનામાં નમ્રતા આવે છે. નમ્ર માણસ પોતે તો સુખ શાંન્તિથી જીવન વિતાવે જ છે, પરંતુ સમાજ માટે પણ આશીર્વાદરૂપ થઈ પડે છે. આવી નમ્રતા કેળવવા માટે જીવનમાં પ્રાર્થનાની ખૂબ આવશ્યકતા છે.

ઈશ્વરની કૃપા હોય તો જ ઈશ્વરને યાદ કરવાની અને વંદના કરવાની પણ પ્રેરણા થાયછે, પરંતુ પ્રાર્થના એ કંઈ ઈચ્છિત ચીજ વસ્તુઓની ઈશ્વર પાસે માગણી કરવા માટે નથી. "સુખ સંપત્તિ ઘર આવે" એ કંઈ ઈશ્વરને કરવા જેવી પ્રાર્થના નથી માગણી જ કરવી હોય તો સદબુદ્ધિ, સદાચાર, સદવિચાર વગેરે સદગુણોની કરવી જોઈએ. ઈશ્વરનું ધ્યાન કરવું એ પણ પ્રાર્થના છે. ઈશ્વરનું સ્મરણ કરવું એ પણ પ્રાર્થના છે. પૂજા કરવી એ પણ પ્રાર્થના છે. કરેલા બધાં કાર્યો ઈશ્વરને અર્પણ કરવાં એ પણ પ્રાર્થના છે.સર્વત્ર ઈશ્વરનો વાસ જોવા એ પણ પ્રાર્થના છે.

ઈશ્વરે આપેલા સુખ દુઃખ સમાન ગણીને સ્વીકારી લેવા એ પણ પ્રાર્થના છે. પ્રાર્થના એટલે યાચના નહીં, પણ ઈશ્વર કરે છે તેથી જ બધું થાય છે અને પોતે તો કેવળ નિમિત છે એવી પ્રતીતિ થતાં ઈશ્વર પ્રત્યે આપણો દીનભાવ બને છે. જીવનમાં પ્રાર્થનાનો ભાવ ન હોય તો માનવજીવન નિરર્થક છે. આપણી દિનચર્યામાં પ્રાર્થના વણાયેલી હોવી જોઈએ.

અને અંતમાં,

પ્રાર્થના એ અનુભવનો વિષય છે.. માત્ર મોટી મોટી વાતો કરવાથી તેનું ફળ મળતું નથી જેનું એકાંત પચતું હોય તે જ શ્રીહરી સાથે તાદાત્મય કેળવી શકે છે.

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

# પુરૂષોત્તમ માસનો મહિમા અને વ્રત કરવાની રીત

હિન્દુ ધર્મમાં અધિકમાસ આવે છે. આ માસને ભગવાન શ્રી પુરૂષોત્તમનો માસ માનવામાં આવે છે. આ માસમાં ભગવાન શ્રી પુરૂષોત્તમ એટલે કે શ્રીકૃષ્ણ ભગાનની પૂજા, પાઠ, વ્રત, જપ, તપ કરવામાં આવે છે. દર ત્રણ વર્ષે આ માસ આવતો હોઈ તેનો વિશેષ મહિમા ગણાય છે.

અધિકમાસ એટલે કે શ્રી પુરૂષોત્તમ માસનું વ્રત કરવા ઈચ્છતા ભાઈ-બહેનોએ સવારમા બ્રહ્મમુહૂર્તમાં ઉઠી ભગવાનનું સ્મરણ કરવું ત્યારબાદ શૌચ આદિ ક્રિયાઓ પરીપૂર્ણ કરી સ્નાન કરી ભગવાન શ્રી પુરૂષોત્તમનું ધ્યાન ધરવું સ્નાન માટે નદી, સરોવર, તળાવનું કે સમુદ્રનું સ્નાન શ્રેષ્ઠ કહ્યું છે.

ત્યારબાદ કાંઠાગોરનું પૂજન કરી ઘરે જો ભગવાન શ્રી પુરૂષોત્તમની સ્થાપના કરી હોય તો તેમની પૂજા કરવી તે ઉપરાંત ઈષ્ટદેવ-કુળદેવી વગેરેનું પણ પૂજન કરવું. કોઈ જગ્યાએ ભગવાન શ્રી પુરૂષોત્તમની કથા-વાર્તા થતી હોય તો તે સાંભળવી ભગવાનની કથાના શ્રવણનો વિશેષ મહિમા છે.

સામાન્ય રીતે આ માસનું વ્રત કરનારે ઉપવાસ કરવો જોઈએ. પરંતુ જેનાથી ઉપવાસ ન થઈ શકે તેમણે એક ટંક ભોજન અને એક ટંક ફળાહાર કરવું જોઈએ.

અધિક માસનું વ્રત કરનારે શુધ્ધ અને સાત્વિક ભોજન ગ્રહણ કરવું જોઈએ. આ માસ દરમ્યાન કોઈની ટીકા-નિંદા કરવી નહિં. અસત્ય બોલવું નહિં. ક્રોધ કરવો નહી. યથાશક્તિ દાનપુણ્ય કરવું જોઈએ. તેમજ યાદ આવે ત્યારે સમગ્ર દિવસ દરમ્યાન ભગવાન ના નામનો જાપ કે સ્મરણ કરતા રહેવું જોઈએ. જો શક્ય હોય તો ઘી નો અખંડ દિપક પ્રગટાવવો જોઈએ.

વ્રત દરમ્યાન રાઈ, અડદ, મસૂર, જાયફળ, મધ, તલનું તેલ જેવા પદાર્થો ન ખાવા. પરંતુ ઘઉં, સાકર, ચોખા, તલ, મગ, જવ, કોળાનું શાક, વટાણા, રતાળુ, રાજગરો, સુરણ, સામો (સાઉં કે મોરૈયો), કાકડી, કેળા, સિંધાલુણ, ગાયનું દૂધ, દહીં, ઘી, માખણ, માખણ કાઢ્યા વગરની છાશ, ફણસ, કેરી,

આંબો (આમ્રફળ), હરડે, પીપર, જીરૂં, આંબલી, સોપારી જેવી સામગ્રી ખાવામાં લઈ શકાય.પરંતુ ડુંગળી, લસણ, મોથ, સુવાની ભાજી, ગાજર, અળવીના પાંદડા, બીટ, મૂળા, સરગવાની સીંગ વગેરેનો ત્યાગ કરવો જોઈએ. સુતક-પિન્ડુ, એક વખત રાંધીને ફરી ગરમ કરેલું, બળેલું ભોજન ન ખાવું વ્રતના અંતિમ દિવસે જાગરણ કરવું. ભગવાન પુરૂષોત્તમ પાસે વ્રતમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા માગી લેવી. વ્રત કરનારે કારતક અને માઘ માસના નિયમો પાળવા.

જો શક્ય હોય તો શ્રીમદ્ ભાગવત સાંભળવું કે સંભળાવવું ભગવાન શ્રી શાલિગ્રામનું શ્રધ્ધા અને ભક્તિ સાથે પૂજન કરવું તેનાથી અંનત પુણ્ય ફળની પ્રાપ્તિ થાય છે.

આ પુરૂષોત્તમ માસનું વ્રત કરવાથી મનુષ્યના ત્રિવિધ તાપો દૂર થાય છે. એટલે કે શારીરિક માનસિક અને આર્થિક કષ્ટો દૂર થાય છે જ્યાં વ્રત કરનાર રહે છે ત્યાં ભૂત-પ્રેત-પિશાચ દૂર થાય છે.આ વ્રતનું ઉદ્યાપન કૃષ્ણ પક્ષમાં આઠમ, નોમ કે ચૌદશની તિથિએ યથાશક્તિ દાનપુણ્ય કરીને થઈ શકે છે. આ માસ નિમિત્તે બ્રાહ્મણ-પરીવાર, ગાય, મુંગા જીવોને જમાડવાનો વિશેષ મહિમા છે. તેમજ યથાશક્તિ વસ્ત્ર સહિતનું દાન કરવા તેમજ કંઈ ન થઈ શકે તો શ્રીમદ્ ભાગવતના પુસ્તકનું દાન કરવાનો શાસ્ત્રશક્ત નિર્દેશ છે. માલપૂવા અને કાંસાના વાટકાના દાનનો પણ વિશેષ મહિમા ગણાવાયો છે.

તે ઉપરાંત જુદા જુદા નિયમો આ માસ દરમ્યાન લીધા હોય તે મુજબના દાન કરવાનો વિશેષ મહિમા છે.

આ માસ દરમ્યાન ભગવાન શ્રી સત્યનારાયણની કથા, તુલસીદલ અર્પણ સાથે શ્રી શાલીગ્રામ ભગવાનની મહાપૂજા, શ્રી વિષ્ણુ ભગવાનનો યજ્ઞ, શ્રી વિષ્ણુ મંડપ ભરવો જેવા વિવિધ ધાર્મિક કાર્યો થઈ શકે છે. આ વ્રત કરનાર વ્યક્તિ બ્રાહ્મણ પરિવાર સહિત પોતાના કુંટુંબને (બહેન, બનેવી, પુત્રી, જમાઈ સહિત) ભોજન કરાવનારને વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે.

દર ત્રણ વર્ષે આવતા આ પુરૂષોત્તમ માસનો મહિમા વિશેષ છે. જેને નવી પેઢીના યુવાનો અને યુવતીઓ એ અનુસરી અને આપણી આ ધાર્મિક પરંપરાને જાળવી રાખવી જોઈએ.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ અંજાર કચ્છ**

## અંતર્દષ્ટિ-અયોગ્ય અપેક્ષાઓ

મનુષ્યની અપેક્ષાઓ અને આકાંક્ષાઓનો અંત નથી. તે યોગ્ય પણ છે, સાંસારિક જીવન-યાત્રામાં અનેકાનેક આવશ્યકતાઓ છે, જેના વગર કઠિનાઈ પડે છે, પરંતુ તેનો એ મતલબ નથી કે તેના માટે અયોગ્ય રીતભાતો અપનાવવામાં આવે. ધર્મ પથ પર ડગ માંડતાં જ આ પ્રકારની અયોગ્ય આકાંક્ષાઓ વધુ સામે આવે છે કે કોઈ પૂજા કે અનુષ્ઠાન શરૂ કરતાં, કોઈ તીર્થયાત્રા કે મંદિરમાં જતાં જ ભગવાન એ તમામ આકાંક્ષાઓને પળભરમાં પૂરી કરી દેશે. જ્યારે કોઈપણ આવશ્યકતા, આકાંક્ષા, લ-યની જે રીતભાતો કે સિદ્ધાંત છે, તેને પૂરા કર્યા વગર ભગવાનને સહારે છોડી દેવાનો આશય ખુદને અજ્ઞાની, આળસુ અને મૂર્ખની શ્રેણીમાં મૂકવાનો છે. અધ્યાત્મમાં તો ચમત્કારની અપેક્ષા રાખવી પણ અવૈજ્ઞાનિકતા છે.

સત્ય એ છે કે પૂજા-પાઠ, મંદિર દર્શનથી મનને સશક્ત બનાવવાનું કામ કરવું જોઈએ. તીર્થ યાત્રા વગેરે જવાના માર્ગની કઠિનાઈઓ વેઠવાની આદત પાડવી જોઈએ. ત્રેતાયુગમાં જ્યારે માતા સીતાનું હરણ થઈ ગયું અને ભગવાન રામ છોડ-ઝાડને સીતાના ખબર પૂછી રહ્યા હતા, ત્યારે ભગવાન શંકરને પાર્વતી કહે છે કે તમે આ જ રોતલ રામને બ્રહ્મ માનીને નિરંતર તેમનું નામ જપતા રહો છો? આ સવાલ પર ભગવાન શંકર કહે છે - 'હા પાર્વતી, તેઓ બ્રહ્મ છે. તેઓ જગતને સંદેશ આપી રહ્યા છે કે માનવ જીવન મેળવવા પર બ્રહ્મની પણ જ્યારે આ હાલત થાય છે તો સાધારણ મનુષ્યની તો થવાની જ છે. ભગવાન સીતાને મેળવવા માટે ભ્રમણ, જનસહયોગ, યુદ્ધ કરે છે.' જોવા મળે છે કે શ્લોક, મંત્ર, ભજન વગેરેમાં ઐશ્વર્ય, ધન, સંપત્તિ, પદ-પ્રતિષ્ઠા, સંકટ-નિવારણની વાતો લખી હોય છે તો લાગે છે કે તેને વાંચતાં જ કામ થઈ જશે. જો ના થાય તો અવિશ્વાસ થવા લાગે છે. રામચરિત માનસનો પાઠ કરતા વખતે રૂપિયા-પૈસા, નોકરી-ચાકરીના સંકટની જગ્યાએ કમજોર આત્મબળ, ક્રોધ, લાલચ, ક્ષુદ્રતા વગેરેના સંકટથી ઘેરાયેલ મનને મુક્ત કરવાનો ભાવ હોવો જોઈએ. આ જ પ્રકારે હનુમાન ચાલીસામાં 'છૂટહિ બંદિ મહાસુખ હોઈ'નો મતલબ લોકો જેલ ગયેલા વ્યક્તિને જેલમાંથી બહાર કાઢવાનો કરે છે, જ્યારે અહી પણ કામ, વાસના, લોભ, લાલચની જેલમાં પડેલા મનની મુક્તિનો જ મતલબ છે. તેનાથી આત્મવિશ્વાસ વધે છે અને મનુષ્ય ધીમે-ધીમે સદ્વિચારો તરફ અગ્રેસર થાય છે. આ એક એવો ભાવ છે કે તેને લઈને જીવનનો પ્રભાવ વધી જાય છે અને તમામ અભાવ ખતમ થઈ જાય છે.

# આગ લાગે ત્યારે કૂવો ના ખોદાય ?

**શહેર - ગામમા આવેલા કૂવા - વાવ - તળાવ નુ પુરાણ થાય.. એ પછી નદીની સફાઈની વાતો થાય..!!! મકાનના બાંધકામ સમયે જ વરસાદી પાણી જમીનમા ઉતારવા અને મીઠું પાણી સંગ્રહ કરવાનુ ફરજિયાત કરવા ફરમાન કેમ થતા નથી ..? કેટલા તળાવો - જળાશયો કે સારા ચેકડેમો બન્યા ? જરા હિસાબ માંડજો.**



ત્રાહિમામ પોકારાવતી ગરમી વચ્ચે ગરમાળો અને ગુલમહોર પોતાનો વૈભવ પાથરી રહ્યો છે.કૂહાડીની શોધ બાદ ભાન ભૂલેલો માનવી "આ છે વિકાસ " કહેતો લહેરાતા ઝાડવાનો સોથ બોલાવી રહ્યો છે. જોકે બેરહેમીથી વૃક્ષ કપોત્સવ મનાવ્યા પછી પોરો ( થાક ) ખાવા પાછો ઘટાદાર ઝાડને શોધે અને બેસે પછી ' હાશ! ' અનુભવતો હોય છે. જોકે આડેધડ હરીયાળી કપાતા કુદરત પણ રુઠી છે. ક્યાંક વાવાઝોડા સાથે વરસાદ તો ક્યાંક પાણીની બુંદ બુંદ માટે વલખા મારવાનો સમય આવી ગયો છે. તેનુ ક્યુ કારણ. ???

જવાબ મળશે અણઘડ આયોજન..પણ ના એ જવાબ પૂર્ણપણે સાચો નથી..ખરી વાત તો એ છે કે...મત મેળવવા અને સતા ટકાવવા સાથે તગારા ભરીને નાણાં ઘર ભેગા કરવાની વૃતિ ધરાવનારા મોટા ભાગના રાજ નેતાઓ..આ સમસ્યામાટે પુર્ણપણે જવાબદાર છે.

ક્યાંથી પૈસા મળે ? પ્રજા ભલે દુઃખી થતી.એ જ વૃતિ પાણીના પોકાર કરાવી રહી છે.

રાજા - મહારાજાના સમયમાં રૈયતના રખોપાનું ધ્યેય મુખ્ય હતું.એટલે આપે જોયુ હશે..નાના ગામમા પ્રવેશો એટલે કૂવો કે વાવ આપણા

**સંવેદનાના ફૂલ**
**- મનીષ જોષી**

સ્વાગતમાટે હોય જ. વટેમાર્ગુ પાણી પીને શીતલતા અનુભવે..અને થકાન દૂર થઈ જાય..એ વાવ - કૂવાની માવજત થતી.તેને રી ચાર્જ કરાતા. આજે પણ એ વાવ - કૂવા છે જ..પણ તેની માવજત થાય છે ખરી..? જવાબ મળશે ના..શાસક કે જે તે સમયનો શાસક અને હાલનો વિપક્ષ આ બાબતે સંપુર્ણપણે ઊણો ઉતર્યો છે. જો આવી માવજત કરવામા આવી હોત તો ક્યાંય જળની તંગીના વરતાય એ હકિકત છે.

વડોદરાના રાજમહેલમાંજ નવલખી સહિતની ઘણી વાવ આવેલી છે. ઉપરાંત સેવાસી પ્રતાપનગર હજીરા નજીક પણ મોટી વાવ છે. સુરેન્દ્રનગરના વઢવાણમાં માધાવાવ સહિત ત્રણ વાવ છે. પાટણની રાણકી વાવ , પાલનપુરની નવાબી વખતની મીઠી વાવ , જૂનાગઢની અડીચડી વાવ અને નવઘણ કૂવો પ્રખ્યાત છે. પણ..આજે તેની શું દૂર્દશા છે ? આવા તો દરેક ગામમાં વાવ છે. કેટલાક ગામ પણ વાવના નામે જ વસ્યા છે. જેમ કે પાટણવાવ. ( ક્યા ગામ કૂવા અને વાવ નામથી વસ્યા તેના પર ભુજ - કચ્છના ડો. મિહિર વોરાએ સરસ લેખ લખ્યો છે.)

આવી જ સ્થિતિ તળાવોની છે..જમીનના ભાવ આસમાને જતા તળાવના પુરાણ કરી દેનાર નધરોળ તંત્ર અને નીચે રેલો ન આવે ત્યાં સુધી વિરોધ નહી કરનાર પ્રજા પણ જવાબદાર છે જ.એક જમાનામા જામનગરની શાન સમા લાખોટા તળાવ , ભુજ ના હમીરસર તળાવ , નવસારીનુ સરબતીયા તળાવ , ભરુચનુ માતરીયા તળાવના ઉદાહરણ લઈએ તો આજે તેનો ઘેરાવો કેટલો ઘટ્યો..? જરા હિસાબ માંડજો.

વડોદરાના માંજલપુર વિસ્તારમા ૧૯૯૧ ની સાલમા પાંચ તળાવો હતા.આજે એ તળાવ શોધ્યા જડે એમ નથી.પેલા પ્રખ્યાત ગીત..

'ધોબી તાલાબ દેખો..દેખો..પર તાલાબ હૈ લાપતા..'

જેવો ઘાટ છે..આવી જ હાલત દરેક શહેર , ગામોની છે..

ભારતીય સંસ્કૃતિમાં નદીને લોકમાતા ગણી પુજા કરવામા આવે છે. અને એ પુજકો એવા આપણે નદીની કેવી દૂર્દશા કરી છે. તે લખવાની જરૂર છે ખરી ?

વાત કરીએ વિશ્વામિત્રી નદીની..તો તેના શુધ્ધિકરણ માટે છેલ્લા પાંચ વર્ષથી વાતોના વડા ઉતારાય છે. તો વળી કેટલાક વહો વિશ્વામિત્રી ની વાતો કરી નદીના ઉદગમ સ્થાન પાવાગઢ થી ખંભાતના અખાત સુધી વૃક્ષ વાવવાની જાહેરાત કરી પ્રસિધ્ધિ મેળવી પણ..સરવાળે શુન્ય..

વળી ગામ - શહેરમાં વોલ ટુ વોલ રોડ બનાવવાની પ્રથા અમલમાં મુકાય તેનાથી જમીનમાં પાણી ઉતરવાનુ બંધ થયું, તેથી ભેજ રહે ક્યાંથી ? આપણે ત્યાં વપરાશ થયેલા પાણીના ઉપયોગની માત્ર વાતો થાય છે. પાણીના પોકાર થાય છે ત્યારે કાર, બાઈક ધોવા કે સાંજ પડતા ઠંડક માટે પાણી છાંટી વેડફાટ કરનારા ઘણા મળશે , સામાજીક જવાબદારીની વાત સ્કૂલમાં ક્યાં ભણાવાય છે.?

ચોમાસામા નદીના પાણી દરિયામા વહી જતા અટકાવવા ઠોસ પગલા લેવાય છે ખરા ? સામે ચોમાસે નર્મદા નદીના નીર રાજકોટની આજી નદી પરના ડેમમાં ઠાલવવાનું વાહ વાહી મેળવવાનુ આ દેશમા જ બને.

વિદેશમા રીવર ફ્રન્ટ તોડી નાખી નદીના પ્રવાહને કુદરતી વહેતો કરવાનુ શરુ થયું છે.જેથી આને નદી કહેવાય એ આવનારી પેઢીને ખબર પડે. અને એમના માટે પાણી રહે. જેની વચ્ચે વડોદરામા વિશ્વામિત્રી રીવર ફ્રન્ટ ની વાતો થાય છે.

વિશ્વામિત્રી નદીના શુધ્ધિકરણની વાતો પાંચ વર્ષથી થાય છે. છતા જૈસે થે હાલતમા છે..તો રાજ્યની ૩૩ નદીઓને અને તળાવોને એક માસમા હા ભાઈ હા એક માસમા ઊંડા કરવા સુજલામ સુફલામ યોજના અમલી બની છે..તેને શું કહેવું ? એક કહેવત મારા મૌન મનમાં પડઘાય છે..આગ લાગે ત્યારે કૂવો ના ખોદાય ?

ઉપરાંત મકાનના બાંધકામ સમયે જ વરસાદી પાણી જમીનમા ઉતારવા અને મીઠું પાણી સંગ્રહ કરવાનુ ફરજિયાત કરવા ફરમાન કરી કડક અમલીકરણ કરવુ પણ જરૂરી બન્યુ છે.આપ શું માનો છો ? એ મને મેઘ - વર્ષા ૧૪ , સપ્તગિરિ સોસાયટી નં.૩ , સાંઈ મંદિર અને બગીચા પાછળ , વિશ્વામિત્રી ક્રોસિગ , માંજલપુર , વડોદરા ૩૯૦ ૦૧૧ અથવા મો. ૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હોં કે !

**સંવેદના :**

આજ છે આગળ નહીં મળે.
શોધવાથી જળ નહીં મળે.
એક દિવસ ઉગશે એવો,
ફૂલને ઝાકળ નહીં મળે.
-શીતલ ગઢવી (અમદાવાદ)

વડોદરાના રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરીયલ દ્વારા ગામડે ગામડે પીવાના પાણીની સમસ્યા ઓછી થાય તે હેતુથી રામકૃષ્ણ જલધારા યોજના શરુ કરાઈ છે. પુરાઈ ગયેલા કૂવા ફરી ખોદવા અને હયાત કૂવાને ઉંડા કરવાનું એક મિશન હાથ ધરવામાં આવ્યુ છે.તેના ભાગ રૂપે દાહોદ જિલ્લાના નીમચ , સુતિયા , નવા ફળિયા , ગાંગરડા વિસ્તારના ૧૦ કૂવાનું કામ પુર્ણતાના આરે છે.જેથી ગામના ૫૦૦ ઘરો તેમજ પશુ ધનને પીવાનું પાણી આ માસના અંતે મળતું થઈ જશે. સંતો અને ભાવિકો દ્વારા થઈ રહેલા કામની નિરંજન જોષી દ્વારા લેવાયેલી તસવીર જોઈને આપને એવો પ્રશ્ન થશે જ કે આ રીતે દરેક ધર્માલયના સંતો - મહંતો તેમજ સામાજીક સંસ્થા બુંદ બુંદ પાણી બચાવવા પ્રયાસ હાથ ધરે તો .... ?.

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**




# કેરીનો ઔષધિય ઉપયોગ

દરેક ૧૦૦ ગ્રામ પાકેલી કેરીમાં ૭૫થી ૮૦ ટકા કેલેરી રહેલી છે. તેમાં રહેલા કેલ્શિયમ અને ફોસ્ફરસ હાડકાંના બંધારણ અને વિકાસ માટે ઉપયોગી છે. તેમાં રહેલ આયર્ન રક્તની ગુણવત્તા સુધારે છે. આ ઉપરાંત કેરીના અનેક ફાયદા છે

ગ્રીષ્મઋતુમાં અનેક રોગોને દૂર કરી સ્વાસ્થ્યની સમતુલા જાળવી રાખવા માટે આપણને મળેલી પ્રકૃતિની ભેટ એટલે કેરી. કેરીનું લેટિન શાસ્ત્રીય નામ મેન્જીફેશ ઈન્ડીકા એ વાતની સાબિતી આપે છે કે, આ ફળનું મૂળ વતન ઈન્ડીયા-ભારત છે. ચીની યાત્રી હ્યુ ચેન ત્સંગે તેની યાત્રાપોથીમાં આપણા દેશના આ ફળને અદ્ભૂત સુંદર ફળ તરીકે વખાણ્યું, તો મોગલ બાદશાહ બાબરે કેરીને એના વિરલ સ્વાદને લઈને બીરદાવી. એ કાળમાં લખાયેલા પુસ્તક બાબરનામામાં પણ કેરીની ઘણી પ્રશંસા થઈ. ઈતિહાસ કહે છે કે, રસનિવૃત્ત બાદશાહ ઔરંગઝેબ પણ કેરીના આકર્ષણથી બચી ન શક્યા. કેરીના રસાસ્વાદથી અભિભૂત થઈ એમણે લાલબાગમાં એક લાખ આંબા ઉગાડવાનું ફરમાન કરેલું. જગવિખ્યાત કવિ અમિર ખુસરોથી લઈ કવિહૃદય પંડિત જવાહરલાલ આ આમ્રરસથી મોહિત-સંમોહિત થયા હતાં. અરે, વેદની ઋચાઓ અને પુરાણોમાં પણ આ અપ્રતિમ આમ્રફળ-કેરીના ઉલ્લેખો મળી આવે છે. સંસ્કૃત કવિઓએ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**



# દવાઓ વિના તમારા હૃદયને તંદુરસ્ત રાખો

**આરોગ્ય સંહીતા**

વ્યાયામ હાર્ટ માટે અત્યંત ફાયદેમંદ છે. વ્યાયામ માત્ર હૃદય રોગોથી બચાવતો જ નથી, હૃદય રોગ થયા બાદ દૂર કરવા તથા આગળ બીમારીના પ્રબંધનમાં પણ અત્યંત મદદગાર હોઈ શકે છે. શરત એટલી કે યોગ્ય રીતે અને પર્યાપ્ત માર્ગદર્શન સાથે વ્યાયામ કરવો જોઈએ

૪૦ મિનિટની બ્રિસ્ક વોક સપ્તાહમાં માત્ર ત્રણથી ચાર દિવસ ૪૦ મિનિટની બ્રિસ્ક વોક (ઝડપથી ચાલવુ) કે ૨૫ મિનિગ જોગિંગ જેવી આકરી એક્સરસાઈઝ, બ્લડપ્રેશર, કોલેસ્ટરોલ તથા વજન ઘટાડી શકે છે. જો તમે એક વખતમાં એટલો સમય નથી આપી શકતાં તો એક વખતમાં માત્ર ૧૦ મિનિટના નિરંતર વ્યાયામથી પણ હૃદયને ફાયદો થાય છે. જો તમે પહેલી વખત વ્યાયામ શરૂ કરી રહ્યાં છો કે ઘણા સમય બાદ ફરીથી વ્યાયામ તરફ પરત ફરી રહ્યાં છો તો ધીમે-ધીમે આગળ વધો. એક્સરસાઈઝ શરૂ કરતાં પહેલા ડોક્ટર પાસેથી તમારા સ્વાસ્થ્યને લઈને પૂરતી ખાતરી લઈ લો.

એકલા ન રહો કોઈ પોતીકા સાથે વાતચીત કરવી કે સમય પસાર કરવો હૃદય માટે સ્વાસ્થ્ય ડોઝ સાબિત થઈ શકે છે. સંશોધનો એ સાબિત કરી ચૂક્યા છે કે અનેક વખત એકલા રહેવું અને તેના કરતાં પણ વધારે એકાંતપણુ અનુભવવુ હૃદય માટે એટલું જ નુકસાનદાયક છે જેટલું કે ધૂમ્રપાન, હાઈ બ્લડપ્રેશર, સ્થૂળતા અને એક્સરસાઈઝ ન કરવી છે. ક્યારેક-ક્યારેક જૂના મિત્રોને મળવાની યોજના બનાવો કે કોઈ એવી ક્લબ જોઈન કરી લો જ્યાં તમે લોકો સાથે મળીને ખુલીને વાતચીત કરી શકો. વધારે ફળ-શાકભાજી ફળ અને શાકભાજીમાં રહેલા પોષક તત્ત્વો, ફાઈબર તથા કેલોરી અને ફેટ્સ હૃદય માટે સૌથી સારો આહાર માનવામાં આવે છે. એન્ટી ઓક્સિડેન્ટ્સ કોશિકાઓને નુકસાનથી બચાવે છે. પ્લેટમાં ભિન્ન રંગોના ફળ-શાકભાજીને સામેલ કરો. રેગ્યુલર નાસ્તામાં ખાવામાં ઉત્તપમ, પાસ્તા, પુલાવ, ખિચડી, કઠોળ, સીરિયલ્સ વગેરેમાં તેમને સામેલ કરી શકો છો.

સૂકા મેવાનો જાદુ નટ્સ કે મેવામાં રહેલ ફાઈબર, અસેચ્યુરેટેડ ફેટ્સ તથા ઓમેગા-૩ ફેટી એસિડ, શરીરમાં ઈન્ફ્લમેશન તથા એલડીએલ કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડવાની સાથે જ બ્લડ વેસલ્સમાં પ્લાક જમા થતાં પણ બચાવે છે. તેની મુઠ્ઠીભર માત્રા સપ્તાહમાં બેથી ત્રણ વખત પર્યાપ્ત છે. રોજ એક્ટિવ રહો જીમ જવા ઉપરાંત પણ ગાર્ડનિંગ, સાફ-સફાઈ, બાળકો સાથે રમવું, સીડીઓ ચઢવી, ઘરમાં કે ઓફિસમાં ચાલવુ તમારા માટે ફાયદેમંદ હોઈ શકે છે. યોગનો લાભ વ્યાયામના રૂટિન સાથે જ યોગનો અભ્યાસ દિમાગને શાંતિ આપે છે અને સ્ટ્રેસને દૂર રાખવામાં સહાયક હોય છે. આ હાર્ટ રેટની સાથે બ્લડપ્રેશરને પણ નિયંત્રણમાં રાખે છે. સંબંધોને દિલોજાનથી સાચવો કપલ્સ વચ્ચે સ્વસ્થ શારીરિક સંબંધોની સાથે જ માનસિક સ્તરે પણ સંબંધો સકારાત્મક હોવા સ્વાસ્થ્યની દષ્ટિએ ઉત્તમ હોય છે. તેથી તમારા સંબંધોને લઈને આશાવાદી રહો. વજનને નિયંત્રણમાં રાખો વજન ઘટાડવા માટે કોઈ પણ પ્રકારની કડક ડાઈટ, સપ્લીમેન્ટ્સ કે દવાઓ પર નિર્ભર ન રહો, યોગ્ય અને સંતુલિત રીતે વજન ઘટાડો. એક જ જગ્યાએ બેસી રહેવાથી બચો, નિયમિત વ્યાયામ ઉપરાંત પણ વધુને વધુ એક્ટિવ રહેવાનો પ્રયાસ કરો. ૭ કલાકની ઊંઘ નિયમિત ૭-૮ કલાકની ઊંઘ શરીરને આરામ આપવા માટે જરૂરી હોય છે. આ દરમિયાન હૃદય ગતિ અને બ્લડપ્રેશરને સામાન્ય થવામાં મદદ મળે છે. જો તમને નસકોરા બોલાવવા જેવી કોઈ ફરિયાદ હોય તો ડોક્ટરનું માર્ગદર્શન લો. અપૂરતી ઊંઘને લગતી આવી તકલીફો હૃદય માટે ઘાત સિદ્ધ થઈ શકે છે. ધુમ્રપાન છોડો મદ્યપાન અને ધુમ્રપાન બન્ને શરીર પર ખરાબ અસર કરે છે. ધુમ્રપાનથી બ્લડપ્રેશરનું સ્તર વધવાની, વ્યાયામાં તકલીફ પડવાની, ક્લોટ બનવાની વગેરે આશંકાઓ ઉત્પન્ન થઈ શકે છે. સૌથી સારી વાત એ છે કે સિગારેટ છોડતાની સાથે જ શરીરને તેના સકારાત્મક પરિણામો મળવાનો પ્રારંભ થઈ જાય છે.

## સામાન્ય પેઈનકિલર્સથી મેદસ્વિતાનું જોખમ બમણું થઈ જાય : અભ્યાસ

શરીરની પીડા જ્યારે અસહ્ય થઈ જાય ત્યારે પેઈનકિલર લેવામાં છોછ ન રાખવો જોઈએ, પરંતુ એની નિયમિત આદત પણ ન પાડવી જોઈએ. જે લોકો નિયમિતપણે ઓવર ધ કાઉન્ટર મળતી પેઈનકિલર ગોળીઓ લીધે રાખે છે તેઓ મેદસ્વી થઈ જાય એવી સંભાવના બમણી હોય છે. બ્રિટનની ન્યુ કેસલ યુનિવર્સિટીના નિષ્ણાતોનું માનવું છે કે આમ થવાનું કારણ આ દવાઓથી ભકિતની ઊંઘ ખલેલભરી થાય છે એ હોઈ શકે. છેલ્લાં દસ વર્ષમાં જુનું અને ઝીણું પેઈન દબાવવા માટે ઓપિઓઈડ્સ, એન્ટિ-ડિપેસન્ટ અને અન્ય પેઈનકિલર્સ ગોળીઓ દરદીને આપવાનું પ્રમાણ વધ્યું છે. નિષ્ણાતોએ તારવ્યું છે કે દરદીઓએ બને ત્યાં સુધી આ પ્રકારની દવાઓનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો જોઈએ.

પેઈનકિલર તરીકે વપરાતી કેટલીક દવાઓ ઊંઘની કવોલિટી નબળી કરી દે છે. એને લીધે સાઉન્ડ સ્લીપ ઘટી જાય છે. અને લાંબા ગાળે મોટાપાની સમસ્યા વકરે છે. અભ્યાસમાં ૧,૩૩,૦૦૦ પાર્ટિસ્પિન્ટ્સનો ડેટા તપાસવામાં આવ્યો હતો. એમાં તેઓ ક્રોનિક પેઈન માટે કઇ કેટલી અને કેટલા સમયથી દવાઓ લઇ રહ્યા છે એ તેમ જ તેમનું બ્લડ-પ્રેશર, કમરનો ઘેરાવો અને હાઈટના પ્રમાણમાં વજનનો ઈન્ડેક્સ જેવાં પરિમાણો તપાસવામાં આવ્યાં હતાં. જે લોકો નિયમિત કોઈપણ પ્રકારની પેઈનકિલર્સ લેતા હતા તેમનામાં મોટાપાની સંભાવના ૯૫ ટકા જેટલી વધુ હતી. ૮૫ ટકા લોકોની કમરનો ઘેરાવો ખૂબ વધુ હતો અને ૬૩ ટકા લોકોમાં હાઈપરટેન્શન હતું.

# ધોળો કોઢ.... શ્વિત્ર કેવી રીતે મટે ?

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

કોઢ શબ્દ સાંભળતાજ જ્યાં આંખો ભારે થઈ જાય ત્યાં ધોળો કોઢ સાંભળતા જ શું થતું હશે ? એ તો જેમને થયો હોય તે જ સમજી શકે !

આયુર્વેદ દ્રષ્ટિ થી તો જ્યાં ચામડી નો વર્ણ બગડે તેને કોઢ કહ્યો છે. ચામડી ના રોગો માટે આયુર્વેદ માં ઘણું ખેડાણ થયું છે. તેથી જ સમાજ માં છાપ છે કે સૌંદર્ય માટે, ચામડી ના રોગો મટાડવા માટે આયુર્વેદ પાસે જ જવાય. લઘુ કુષ્ઠ -૧૧, મહાકુષ્ઠ - ૭, ક્ષુદ્ર રોગો-૪૨, ત્રીદોષ જ , અન્યોન્ય દોષ જ , દોષ ધાતુ જન્ય, ઉપરાંત કાળો કોઢ, ધોળો કોઢ, લાલ કોઢ, આવા અસંખ્ય પ્રકાર ના ચામડી ના રોગો નું વર્ણન અને સારવાર એ આયુર્વેદ ની ઉપલબ્ધી છે.

આ બધાજ ચામડી ના રોગો માં માત્ર ધોળો કોઢ એક એવો રોગ છે કે જેમાં ખંજવાળ નહિ હોવા છતાં તથા ઘણું કરી ને પાક, પરુ, સોજા નહિ હોવા છતાં તે રોગ ગમતો નથી. ચીતરી ચડે છે. કારણકે તેનાથી સૌંદર્ય ઘટેછે. તડકો સહન થઈ સકતો નથી. રોગ પ્રતિકાર શક્તિ ઘટે છે. ઘણો જુનો હોય તો તે વારસા માં આવે છે. તેથી તેને મટાડવા માટે સૌ કોઈ તત્પર રહેછે.

પરંતુ જે સફેદ દાગ- ધોળો કોઢ એક વર્ષ જુનો હોય તે સરળતા થી મટે છે. એક વર્ષ થી જ્યાં વધુ સમય થયો હોય તે મુશ્કેલી થી મટે છે. પરંતુ જ્યાં પાંચ વર્ષ થી વધુ સમય થયો તે મટતો નથી અથવા સતત સારવાર, વારંવાર નું પંચકર્મ, સૂર્ય-ગાયત્રી મંત્ર ની સાધના, ગાય ની સેવા, ગુરુ-વડીલો ની સેવા-આશીર્વાદ થી મટે છે. તેવું આયુર્વેદ ના આચાર્ય કહેછે.

જે સફેદ દાગ આંખ ના પાંપણ, હાથ- પગ ના તળિયા ના ભાગ, હોઠ, જનનેદ્રીય નો આગળ નો ભાગ કે અંદર ના ભાગ, માથા ના તલ પ્રદેશ માં, કાન ની અંદર ના ભાગ માં થયેલ હોય તો તે દાગ મટતો નથી. તેમજ જે સફેદ દાગ ના ચકામાં ના વાળ- રોમ સફેદ થયેલ હોય , તે- તે સફેદ દાગ ના ભાગ માંથી સફેદ પ્રવાહી નીકળતું હોય તો તે સફેદ દાગ મટતો નથી.

સફેદ દાગ ના સામાન્ય લક્ષણો દેખાય કે તરતજ લાંબા સમય સુધી સારવાર લેવા ની તૈયારી એટલેકે બે થી ત્રણ વર્ષ સુધી નિયમિત રીતે ગોમૂત્ર, ખદીર સાર, બાવચી ઘન, બાવચી ના દાણા, લીમડા ની અંતર છાલ , મજીઠ નો ઉકાળો કે તેનો ઘન, લીમડાની ગળો કે તેની ટીકડી, નું સેવન -- વય, પ્રકૃતિ, વજન, રોગ ને ધ્યાન માં રાખી નિષ્ણાત વૈદ્ય પાસે પંચકર્મ કરાવી ને બે થી ત્રણ વર્ષ સંપૂર્ણ પથ્યા - પથ્ય સાથે સારવાર લેવા થી સફેદ દાગ મટી શકેછે.

સફેદ દાગ ના દર્દી એ દૂધ સાથે ફળ, લીલવણ, કઠોળ, તુલસી, આદુ, ગોળ લેવો નહિ. તેમજ ગળ્યું, ખાટુ કે ખારું પણ લેવું નહિ. સફેદ દાગ ની સારવાર બે- ત્રણ વર્ષ ચાલતી હોવાથી કડક ચરી પાળવાથી અશક્તિ લાગે તો નિષ્ણાત વૈદ્ય તમને અશ્વગંધા, પંચતિક્ત ઘૃત, સોમરાજી ઘૃત, પંચગવ્ય ઘૃત જેવા ઔષધો નિયમિત લેવા જોઈએ જેથી અશક્તિ લાગે નહિ ને દર્દ મૂળમાં થી , કાયમી મટે દૂર થાય.

જે દર્દી કડક ચરી પાળે, પંચકર્મ ના પ્રયોગો કરાવે, અને ઔષધ યુક્ત ઘી નું સેવન કરે , ઉપરાંત માં સૂર્ય પૂજા, દેવ-ગુરુ નું સન્માન આ બધું જ થાય તો જ દર્દ મટેછે. અન્યથા નહિ મટે. આયુર્વેદે ચામડી ના તમામ દર્દો ને માટે સૂર્ય પૂજા- ગાયત્રી મંત્ર ની ઉપાસના ને સાધના નો આગ્રહ રાખ્યો છે. તેના કારણે તે- તે દર્દ ઝડપ થી મટે છે.

**વૈદ્ય મહેશ અખાણી**
**વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# એકાગ્રતા અને યાદશક્તિ સુધી મુશ્કેલીઓ પેદા કરે છે બ્રેન ફોગ

**સાઈકોથેરાપીસ્ટ**

માનસિક સમસ્યાને ઓળખી સમયસર પગલુ ભરવામાં આવે તો સમસ્યાને રોકી શકાય છે. સ્કિત્ઝોફ્રેનિયા પણ આવી જ એક માનસિક બીમારી છે. સામાન્ય રીતે પુરૂષોમાં વહેલી શરૂ થતી આ સમસ્યા પહેલાથી જ અનેક ચેતવણીઓ અને સંકેત આપે છેશું છે બ્રેન ફોગ? બ્રેન ફોગ કોઈ ચિકિત્સકીય સ્થિતિ નથી. આ એ વિશેષ લક્ષણો માટે પ્રયોગમાં લાવવામાં આવે છે જે વિચારવાની ક્ષમતાને પ્રભાવિત કરે છે. તેના કારણે તમે કન્ફ્યુઝ રહી શકો છો, પોતાને અવ્યવસ્થિત અનુભવો છો, એકાગ્ર થવામાં મુશ્કેલીઓનો સામનો કરો છો કે પોતાના વિચારોને શબ્દ આપી શકતા નથી. આવી અનેક સ્થિતિઓ હોય છે જે મગજ પર આ પ્રકારે અસર કરી શકે છે. તેમાં સામેલ છે : ગર્ભાવસ્થા શરીરની સાથે-સાથે ગર્ભાવસ્થાની અસર પણ મગજ પર પડે છે. અનેક મહિલાઓ આ દરમિયાન ચીજોને યાદ રાખવામાં મુશ્કેલીઓનો સામનો કરે છે. વાસ્તવમાં આ અવસ્થા વખતે શરીરમાં રિલીઝ થનાર અનેક રસાયણો જે બાળકને સુરક્ષા અને પોષણ આપવા માટે હોય છે તે યાદશક્તિ સંબંધી સમસ્યાઓ પેદા કરી શકે છે. મલ્ટીપલ સ્કેલોરોસિસ (એમએસ) આ બીમારી સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ પર અસર કરે છે અને એ રીતમાં પરિવર્તન લાવી દે છે જેના દ્વારા તમારૂ મગજ બાકીના શરીર સાથે વાત કરે છે. એમએસથી ગ્રસિત અડધા લોકો યાદશક્તિ, એકાગ્રતા, યોજના કે ભાષા સંબંધી કાર્યોમાં તકલીફ અનુભવે છે. એવામાં મેમોરી એક્સરસાઈઝ કરો અને કોઈ થેરેપિસ્ટની મદદથી સમસ્યાના નિરાકરણને યોગ્ય રીતો શીખી શકાય છે. દવાઓ કેટલીક ઓવર ધ કાઉન્ટર દવાઓ, જેમને લોકો કેમિસ્ટ કો કોઈ પણ અન્ય વ્યક્તિ (તબીબ નહીં)ને પૂછીને લે છે, તે પણ મગજમમાં કન્ફ્યૂઝન પેદા કરી શકે છે. જો કોઈ દવા લીધા બાદ એવો અનુભવ થાય કે યાદશક્તિ પર અસર પડી રહી છે કે સ્પષ્ટ વિચારવામાં સમસ્યા આવી રહી છે તો તરત જ ડોક્ટરને આ અંગે જણાવો. **કેન્સર ટ્રીટમેન્ટ :** કેન્સરના ઈલાજની એક મહત્વપૂર્ણ કડી કીમોથેરેપી, જેમાં અત્યંત સ્ટ્રોંગ દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે તે પણ અનેક વખતે આવી સ્થિતિનું કારણ બની શકે છે. તેને ‘કીમો બ્રેન’ ના નામે પણ ઓળખવામાં આવે છે. આ સ્થિતિમાં નામ અને તારીખો યાદ રાખવામાં મુશ્કેલીઓ આવી શકે છે. આ અસર વધારે સમય સુધી નથી રહેતી પરંતુ કેટલાક લોકોમાં તે લાંબા સમય સુધી પણ રહી શકે છે. મેનોપોજ મહિલાઓના જીવનનો એક મહત્વપૂર્ણ પડાવ. આ અવસ્થામાં હંમેશા મહિલાઓની શીખવાની ક્ષમતા અને યાદશક્તિ પર અસર થઈ શકે છે. આ સ્થિતિ છેલ્લી વખત પીરિયડ આવ્યાના લગભગ ૧૦ વર્ષ પછીની હોય છે, લગભગ ૫૦ની ઉંમરમાં. આ સમયે હોટ ફ્લેશેજ, હાર્ટ રેટ કે શરીરનું તાપમાન વધવા જેવા અન્ય અનેક શારીરિક ફેરફાર પણ હોઈ શકે છે. ડોક્ટરની સલાહથી લેવામાં આવેલી દવાઓ તથા હાર્મોન સપ્લીમેન્ટ આ દરમિયાન રાહત આપી શકે છે. ક્રોનિક ફટિગ સિન્ડ્રોમ (સીએફએસ) આ સ્થિતિમાં શરીર અને મગજ લાંબા સમય સુધી થાકેલા રહી શકે છે. અસમંજસ, ચીજોને ભૂલવી અને ધ્યાન કેન્દ્રિત કરવામાં સમસ્યા આ દરમિયાન થઈ શકે છે. જોકે આ સમસ્યા માટે કોઈ નક્કર ઈલાજ નથી પરંતુ દવાઓ, એક્સરસાઈઝ તથા ટોક થેરેપી મદદગાર થઈ શકે છે. ડિપ્રેશન આ સમસ્યા યાદશક્તિ સાથે જ સરળતાથી સમસ્યાઓને હલ શોધવાની યોગ્યતા પર માઠી અસર કરે છે. જોકે એ સ્પષ્ટ નથી કે આવુ ડિપ્રેશન સાથે આવનાર ઉર્જા અને પ્રેરણાની કમીથી થાય છે કે ડિપ્રેશન જાતે જ મગજ પર આવી અસર કરે છે. તેથી ડિપ્રેશન માટે ઈલાજ લેવો અને યોગ્ય થેરેપીનો પ્યોગ લાભદાયી સાબિત થઈ શકે છે. તેને લઈને સાવધાન રહેવાની જરૂર છે. ઊંઘ લાંબા સમયથી નિષ્ણાતો દ્વારા આમ જ ભરપૂર ઊંઘ લેવાની સલાહ આપવામાં આવી રહી નથી. પૂરતી ઊંઘ મગજને યોગ્ય રીતે કામ કરવામાં મદદ કરે છે. હા, પરંતુ જરૂર કરતા વધારે ઊંઘ પણ નુકસાનદાયી હોઈ શકે છે. ૭-૯ કલાકની ઊંઘ પુખ્ત વયના લોકો માટે પર્યાપ્ત છે, બાળકો તેનાથી વધારે ઊંઘી શકે છે.

# મીઠુ ક્યાંક કિડનીને બીમાર ન બનાવી દે

**મન બિલોરી કાચ**

મીઠુ માત્ર સ્વાદ જ નથી વધારતુ પરંતુ અનેક શારિરિક ક્રિયાઓમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. મીઠા વિના આપણે જીવિત રહી ન શકીએ પરંતુ જ્યારે આ મીઠાની માત્રા આપણા શરીરમાં જરૂર કરતાં વધી જાય છે ત્યારે તે આપણા માટે જીવલેણ બની જાય છે. મીઠાના વધારે પ્રમાણમાં સેવનથી આપણા હૃદય અને કિડનીને ગંભીર નુકસાન પહોંચે છે

મીઠાના પ્રકાર બજારમાં અનેક પ્રકારનું મીઠુ મળે છે જેમનો રંગ, ટેક્સચર, સ્વાદ અને પોષક મૂલ્ય અલગ-અલગ હોય છે. પરંતુ તેમાંથી રિફાઈન્ડ ટેબલ સોલ્ટ, સી સોલ્ટ, પિંક હિમાલય સોલ્ટ અને સેલ્ટિક સોલ્ટ સર્વાધિક પ્રચલિત છે. રિફાઈન્ડ સોલ્ટ તેને ટેબલ સોલ્ટ અને કુકિંગ સોલ્ટ પણ કહે છે. તેને મીઠાની ખાણ કે દરિયાના પાણીને બાષ્પીકૃત કરીને બનાવવામાં આવે છે. જ્યારે રિફાઈન્ડ સોલ્ટ તમારા સુધી પહોંચે છે ત્યારે આ ૧૨૦૦ ડિગ્રી ફેરેનહાઈટ પર સૂકવવામાં આવે છે. અત્યાધિક ગરમી મીઠાની પ્રાકૃતિક રાસાયણિક સંરચનાને બદલી નાખે છે. તેને તૈયાર કરવાની પ્રક્રિયા દરમિયાન તેમાં એન્ટી-કેકિંગ એજેન્ટ મિલાવવામાં આવે છે જેથી કરીને મીઠુ જામે નહીં અને સરળતાથી ફ્લો થઈ શકે. એન્ટી-કેકિંગ એજેન્ટ સાથે તેમાં આયોડીન પણ મિલાવવામાં આવે છે જેથી કરીને આયોડીનની આપૂર્તિ થઈ શકે અને થાયરોઈડ તથા ગોઈટરથી બચાવી શકાય.

સી સોલ્ટ તેનું ટેક્સચર રિફાઈન્ડ સોલ્ટ કરતાં અલગ હોય છે. સી સોલ્ટ ઓછુ પીસાયેલું હોય છે અર્થાત તેમાં મીઠાના કણ મોટા હોય છે. તેને પણ દરિયાના પાણીને બાષ્પીકૃત કરીને જ બનાવવામાં આવે છે અને સામાન્ય રીતે તેમાં મિનરલ્સ જેવા કે પોટેશિયમ, આયર્ન અને ઝિંકના અંશ હોય છે. સી સોલ્ટ રિફાઈન્ડ કરતાં સારૂ હોય છે. હિમાલયન પિંક સોલ્ટ તેને મીઠાની ખાણમાંથી કાઢવામાં આવે છે. તેમાં થોડી માત્રામાં આયર્ન ઓક્સાઈડના અંશ હોય છે જે તેને ગુલાબી રંગ આપે છે. તેમાં થોડી માત્રામાં કેલ્શિયમ, આયર્ન, પોટેશિયમ અને મેગ્નેશિયમ પણ હોય છે. તેમાં સોડિયમની માત્રા રિફાઈન્ડ મીઠા કરતાં થોડી ઓછી હોય છે. પિંક સોલ્ટનું સેવન લોહીના સંચરણને વધારે છે અને કોશિકાઓની અંદર પીએચ બેલેન્સને સ્ટેબિલાઈઝ કરે છે.

ગ્રે સોલ્ટ ગ્રે સોલ્ટને સેલ્ટિક સી સોલ્ટ કહે છે. આ સુરમઈ રંગનું હોય છે તેથી તેને ગ્રે સોલ્ટ કહે છે. આ મીઠાની નમીને જાળવી રાખે છે. આ ઈલેકટ્રોલાઈટનું સંતુલન પુનઃસ્થાપિત કરવામાં સહાય કરે છે. ગ્રે સોલ્ટ, પિંક સોલ્ટની જેમ જ માંસપેશીઓને આરામ પહોંચાડે છે. આ થોડુ મોંઘુ હોય છે કારણ કે તેને કાઢવામાં અને પ્રોસેસ કરવામાં ઘણો ખર્ચ આવે છે. આપણા માટે મીઠુ કેમ જરૂરી છે? મીઠુ ક્રિસ્ટલીય મિનરલ હોય છે જે સોડિયમ અને ક્લોરિનમાંથી બનેલું હોય છે. આ બન્ને તત્ત્વો જીવન માટે અત્યંત જરૂરી છે. આપણે તેમના વિના રહી ન શકીએ કારણ કે આ મહત્વપૂર્ણ બાયોલોજિકલ પ્રક્રિયાઓમાં યોગદાન આપે છે. કોશિકાઓની અંદર અને બહાર પાણીની માત્રાને નિયંત્રિત કરે છે. પોષક તત્ત્વોને કોશિકાઓની અંદર અને બહાર લઈ જાય છે. હાઈ બ્લડપ્રેશર મીઠુ હાઈ બ્પડપ્રેશરનું સૌથી મુખ્ય કારણ છે. વધારે પડતા મીઠાના સેવનથી એ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# અહંકાર, આનંદ અને ઉત્સવ

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

‘અહંકારી જીવને ઠેકાણે લાવવા કોઈ વાર ભગવાન તેને શાપ અપાવે છે.. ભગવાન દ્વારા શાપ પ્રદાન કરાવવાનું કૃત્ય પણ તેની કૃપારૂપે જ હોય છે !જ્યારે જ્યારે મનનો સેવક અહંકાર બેલગામ બની ગગનગામી બની જાય છે ત્યારે ત્યારે તેને એક ઉંડી અતલ ખીણમાં પછડાટ ખાવી પડે છે. એ પછડાટ ખાધા પછી જો વ્યક્તિને પોતાની મર્યાદાઓનું ભાન થાય, અસ્તિત્વની અસીમ શક્તિનો તેને અહેસાસ થાય, અને જો તે સંપૂર્ણપણે પરમાત્માની સત્તા સમક્ષ જાતનું સમર્પણ કરી નાખે તો તે આત્મોપલબ્ધિને પામી શકે છે ત્યારે તેને એ પછડાટ પદચ્યુતિ કે પતનમાં પરમાત્માની જ સુક્ષ્મ કૃપાદ્રષ્ટીનું દર્શન થાય છે ત્યાર પછી તેના અંતરમાંથી જ એક અવિરત વહેતું આનંદનું ઝરણું પ્રગટ થાય છે.

આપણું ભૌતિક અસ્તિત્વ તો બે ધ્રુવો વચ્ચેની સતત ગતિશીલતા છે. દરેક ભૌતિક પદાર્થ કે સ્થિતિ બે વીપરીત ગુણધર્મો ધરાવતી વસ્તુઓનું ચોક્કસ પ્રમાણમાં મિશ્રણ થવાથી ઉદભવે છે. આ પ્રકારનું સંમિશ્રણ પણ સદાય સ્થાયી હોતું નથી. આ મિશ્રણમાં જ્યારે એક ગુણધર્મ વધવા માંડે છે ત્યારે બીજો ગુણધર્મ ઘટવા લાગે છે. આ પ્રક્રિયા ચાલુ રહેતાં એક સમય એવો આવે છે કે જ્યારે વધતો ગુણધર્મ મહત્તમ કક્ષાને વટાવી જાય અને ઘટતો ગુણધર્મ લઘુતમ માત્રામાં પહોંચી જાય છે. આવી સ્થિતિમાં પછી વધતા કે ઘટતા ગુણધર્મમાં સહેજ પણ વધારો કે ઘટાડો થઈ શકતો નથી.

સમગ્ર અસ્તિત્વ પરિવર્તનશીલ છે, ગતિશીલ છે, અહીંયા કંઈ જ સ્થાયી નથી, સર્જન, વિસર્જનની ક્રિયા પ્રકૃતિમાં ચાલ્યા જ કરે છે. એટલે સ્વાભાવિક રીતે જ ઉપરોકત સ્થિતિમાં બદલાવ આવે છે.મહત્તમ કક્ષાએથી બિંદુઓ વિપરીત દિશામાં ગતિ કરવા લાગે છે. મહત્તમ કક્ષા ન્યુન થવા લાગે છે જ્યારે લઘુતમ કક્ષામાં વૃદ્ધિ થવા લાગે છે. આ પ્રકારની પ્રક્રિયા ત્યાં સુધી ચાલુ રહે છે જ્યાં સુધી આ ફેરફાર જે તે દિશાની શકય મહત્તમ કક્ષા પરાકાષ્ઠા સુધી નથી પહોંચતો.

સમગ્ર સૃષ્ટી, પ્રકૃતિમાં આ જ પ્રક્રિયા સતત ચાલતી રહે છે.આ પ્રક્રિયાના કારણે જ આપણને સૃષ્ટી, સૃષ્ટીનાં વિવિધ સ્વરૂપમાં દેખાય છે. સનાતન ધર્મમાં સમગ્ર અસ્તિત્વને બે ભાગમાં

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ગરમીમા શરૂ કરી દો આ કસરત, ઝડપથી વજન ઓછુ થશે

**આરોગ્ય**

ભાગદોડના જીવનમાં લોકો પોતાના ખાન પાન પર ધ્યાન આપતા નથી. જેને કારણે તેમને કોઈને કોઈ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાનો સામનો કરવો પડે છે. આજકાલ જાડાપણાની સમસ્યા સામાન્ય જોવા મળે છે. વજન વધવાના અનેક કારણો હોઈ શકે છે. જેવા કે ખોટુ ખાન પાન અપૂરતી ઊંઘ બીમારી કે દવા. જાડાપણાથી પરેશાન કેટલાક લોકો ડાયેટિંગ પણ કરે છે. જેનાથી અનેકવાર તેમના આરોગ્ય પર ખરાબ પ્રભાવ પડે છે. વજન ઓછુ કરવા માટે સૌથી જરૂરી છે એક્સરસાઈઝ અને યોગ્ય ડાયેટ. જો તમે પણ તમારુ વજન ઓછુ કરવા માંગે છે તો રૂટીન લાઈફમાં એક્સરસાઈઝને સામેલ કરો. જો ઋતુના હિસાબથી એક્સરસાઈઝ કરવામાં આવે તો લાભકારી સાબિત થાય છે. ગરમીની ઋતુમાં એક્સરસાઈઝ કરવી થોડી મુશ્કેલ હોય છે. આવામાં એક્સરસાઈઝ કરતી વખતે કેટલીક સાવધાની રાખો.

આજે અમે તમને કેટલીક એક્સરસાઈઝ બતાવી રહ્યા છે જે સહેલાઈથી તમારુ વજન ઓછુ કરશે.

- **સાઈડ પ્લૈંક (Side Plank)**

પ્લૈંક એક્સરસાઈઝથી કમરની આસપાસની ચરબી ઓછી કરી શકાય છે. જેમા શરીરને એક પડખે મુકવામાં આવે છે અને એક હાથના સહારે શરીરને ઉભુ કરવુ પડે છે. શરીરને હાથ અને બંને પગના સહારે ટકાવી કેટલીક સેંકડ સુધી રાખો. તમારા પેટ અને જાંઘને ઉપર તરફ ઉઠાવો. ફૈટ ઓછુ થવાની સાથે સાથે તેમા માંસપેશીયો પણ મજબૂત થાય છે.

- **સિંગલ લેગ સ્ટ્રેચ** - સૌ પહેલા પીઠના બળ સૂઈ જાવ. હવે બંને પગ ઉપરની

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

### આરોગ્ય

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તરફ ઉઠાવો. પછી ડાબો પગ ઘૂંટણથી વાળીને હાથથી જકડી લો. ૫ સેકંડ પછી આ પ્રક્રિયા બીજા પગ સાથે કરો. આ પ્રક્રિયા ૮ થી ૧૦ વાર કરો.

- **બોટ સ્ટાઈલ એક્સરસાઈઝ** - વોટ એક્સરસાઈઝમાં શરીરને નૌકાના આકારમાં સ્ટ્રેચ કરવાનુ હોય છે. આ માટે સૌ પહેલા જમીન પર બેસી જાવ અને તમારા બંને પગને સીધા રાખો. હવે બંને હાથને ઉપર ઉઠાવતા શ્વાસ ખેંચો અને નમતા બંને પગને હાથથી અડો. કોશિશ કરો કે ખભા વડે ઘૂંટણ અડી શકો. રોજ આ એક્સરસાઈઝને કરો. તેનાથી પેટની ચરબી ઓછી થશે.

- **પુશઅપ** - વજન ઓછુ કરવા માટે પુશઅપ સારો ઉપાય છે. રોજ પુશઅપ કરો. ધ્યાન રાખો કે પુશઅપની સંખ્યા ધીરે ધીરે વધારો. અચાનક પુશઅપની સંખ્યા વધારવાથી શરીરનો દુખાવો થઈ શકે છે. પુશઅપને અનેક રીતે કરી શકાય છે.

- **એબ્ડોમિનલ ક્રંચેસ** - એક્સરસાઈઝ માટે સૌ પહેલા પીઠના બળે સૂઈ જાવ અને ઘૂંટણને વાળી લો. હવે તમારા હાથ વાળીને પગની નીચે મુકી દો. પછી ખભાને જમીનથી થોડી ઉપરની તરફ ઉઠાવો. વજન ઓછુ કરવા માટે રોજ આ એક્સરસાઈઝને કરો.

### મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

લોકોનું બ્લડપ્રેશર વધી જાય છે જેઓ પહેલાથી જ આ સમસ્યાથી પીડિત છે. કેટલાક વિશેષજ્ઞોનું માનવું છે કે જો સામાન્ય વ્યક્તિ પણ રોજ મીઠાનું સેવન ત્રીજા ભાગનું ઘટાડી તો સ્ટ્રોકની આશંકા ૨૨ ટકા અને હાર્ટ એટેકની આશંકા ૧૬ ટકા ઘટી જશે. ભોજનમાં સોડિયમની માત્રા ઘટાડવી અને પોટેશિયમનું સેવન વધારવું હાઈ બ્લડપ્રેશરથી બચવાનો સૌથી કારગર ઉપાય છે. કેટલી માત્રામાં મીઠાનું સેવન કરવું? વધારે મીઠુ ખાવાથી હાઈ બ્લડપ્રેશર થઈ જાય છે તો ઓછુ મીઠુ લો બ્લડપ્રેશરનું કારણ બની જાય છે. ઓછા કે વધારે માત્રામાં મીઠાના સેવનથી માંસપેશીઓ જકડાઈ જાય છે તેથી જરૂરી છે કે ઉચિત માત્રામાં મીઠાનું સેવન કરવામાં આવે. વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર એક મનુષ્યને પોતાના જીવનના વિભિન્ન સ્તરો પર પ્રતિદિન આટલી માત્રામાં મીઠાનું આવશ્યક હોય છે. ૦-૧૨ મહિના - એક ગ્રામથી ઓછુ ૧થી ૩ વર્ષ - બે ગ્રામ ૪થી ૬ વર્ષ - ૩ ગ્રામ ૭થી ૧૦ વર્ષ - ૪ ગ્રામ ૧૧ અને તેનાથી ઉપર - ૫ ગ્રામ ગંભીર બીમારીઓનો ખતરો વધારી દે છે મીઠુ. સામાન્ય માત્રામાં મીઠાનું સેવન આપણું શરીર યોગ્ય રીતે કાર્ય કરે તે માટે જરૂરી છે પરંતુ વધારે માત્રામાં મીઠાનું સેવન ગંભીર બીમારીઓનો ખતરો વધારી દે છે. અત્યાધિક મીઠાના સેવનથી હાઈ બ્લડપ્રેશર ઉપરાંત સ્ટ્રોક, હૃદય રોગ, હાર્ટ ફેલિયર અને કિડની ફેલિયરની આશંકા અનેક ગણી વધી જાય છે. કિડનીને લગતી સમસ્યાઓ મીઠાનું વધારે માત્રામાં સેવન કરવાથી કિડનીને ઈલેક્ટ્રોલાઈટ્સ અને ફ્લુઈડ્સનું સંતુલન બનાવવામાં વધારે મહેનત કરવી પડશે. તેનાથી તમારા હૃદયને વધારે રક્તપંપ કરવો પડે છે અને વધારે મહેનત કરવી પડે છે તેથી રક્તનળીઓમાં દબાણ વધી જાય છે. સમય પસાર થવાની સાથે, તેનાથી રક્તનળીઓ કઠણ અને ક્ષતિગ્રસ્ત થઈ જાય છે જે તમારા તમામ અંગો સુધી લોહી પહોંચાડે છે જેમાં કિડની પણ સામેલ છે.

# ઘરમાં રહેલ વાયુ પ્રદૂષણ નવજાત શિશુ માટે ખતરનાક

### દર વર્ષે આશરે ૫ લાખ લોકો ઘરની અંદર વાયુ પ્રદૂષણના કારણે પોતાનો જીવ ગુમાવે છે

ભારતમાં વધી રહેલ પ્રદૂષણ એ તમામ માટે એક મોટી સમસ્યા બની રહ્યું છે. જ્યાં એકબાજુ લોકોને સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, તો બીજીબાજુ હવામાનમાં થઈ રહેલ ફેરફારના કારણે પણ લોકોને જાત-જાતની બીમારીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વધી રહેલ પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટે હાલમાં જ દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારે ઓડ-ઈવન ફોર્મ્યુલાનો ઉપયોગ કર્યો. આ ફોર્મ્યુલાનો હેતુ પ્રદૂષણને રોકવા તથા તેનાથી ઉત્પન્ન થતી સમસ્યાને રોકવાનો છે. એવું નથી કે, પ્રદૂષણ માત્ર શહેરના લોકોને જ હેરાન કરે છે, બલ્કે ગ્રામ્ય વિસ્તારમાં પણ ચુલો, લાકડા સળગાવવા વગેરે જેવાથી પણ વાયુ પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે, જે કેવળ મોટા લોકો પર નહીં બલ્કે નવજાત શિશુઓ માટે પણ ખતરનાક સાબિત થઈ રહ્યું છે. ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં નવજાત બાળકોના જન્મ સમયે તેમનું વજન ઓછું હોવાનું મુખ્ય કારણ ઘરની અંદર રહેલું પ્રદૂષણ છે. ડોક્ટરોની ટીમનું કહેવું છે કે, ચુલો, લાકડા, કોલસો વગેરે સળગાવવાથી ઘરમાં વાયુ પ્રદૂષણ ફેલાય છે. જેનાથી શ્વાસોશ્વાસની ક્રિયામાં ભારે તકલીફ થાય છે અને તેને લગતી બીમારી ફેલાય છે, જેનો શિકાર મોટાભાગે મહિલાઓ જ થાય છે. ગર્ભવતી મહિલાઓનો વારંવાર વાયુ પ્રદૂષણના સંપર્કમાં રહેવાથી બાળકોમાં મગજ સંબંધી કોઈ રોગ, અસ્થમા અને અનુચિત વૃદ્ધિ સાથે સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ડોક્ટરોનું કહેવું છે કે, ગેસ પર રસોઈ કરતી મહિલાઓના બાળકોને પણ નિમોનિયાની સમસ્યા રહેલી છે. અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (એમ્સ) દ્વારા જારી કરવામાં આવેલ આંકડા મુજબ, દર વર્ષે લગભગ પાંચ લાખ લોકો ઘરની અંદર વાયુ પ્રદૂષણના કારણે પોતાનો જીવ ગુમાવે છે, જેમાં મોટાભાગે મહિલા અને બાળકોનો સમાવેશ થાય છે.


**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..................................................

સરનામુ : ..................................................

મોકલનારની સહી : ..........................................


### કેરી

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

કેરીને ફલાધિરાજ એટલે કે ફળોનો રસાળ, કલ્પવૃક્ષ, મધુદૂત અને કોયલનું પ્રિય વૃક્ષ હોવાથી પિકવલ્લભા જેવાં નામોથી અલંકૃત કરી. હોળીના અરસામાં કેરીના મરવા બેસે. અખાત્રીજ પછી સાખ પડે અને રોહિણી નક્ષત્રમાં કેરી પાકીને તૈયાર થાય - એ કેરી ખાવાની શરૃઆતનો સાચો સમય છે. વરસાદ શરૃ થાય એટલે કેરી ખાવી બંધ કરવી. આપણે હવે કાર્બાઈડથી પકવેલી કેરી ખાતા થઈ ગયા છીએ ત્યારે એટલું યાદ રાખવું ઘટે કે, કમોસમી અને કૃત્રિમ રીતે પકવેલી કેરી ખાવાથી સ્વાસ્થ્યને અચૂક નુકસાન થાય છે. વળી, દૂધ સાથે કેરી ન ખાવાની પ્રાચીનોએ ભલામણ કરી છે. ભોજન સાથે કેરી ખાવાની રીતી આપણે અપનાવી તો લીધી છે પણ ભોજનના કલાક-એક પહેલાં કેરી ખાવી હિતાવહ છે. કેરીની સાતસો જેટલી વિવિધ જાતો બજારમાં ઉપલબ્ધ છે. પોષણ, સ્વાદ અને સુગંધની દ્રષ્ટિએ હાફુસ અને કેસર શ્રેષ્ઠ છે. કેરીના પોષણયુક્ત તત્વોની વાત કરીએ તો પ્રત્યેક સો ગ્રામ પાકેલી કેરીમાં પંચોતેરથી એંશી ટકા કિલોકેલરી રહેલી છે. તેમાં રહેલાં કેલ્શિયમ અને ફોસ્ફરસ હાડકાના બંધારણ અને વિકાસ માટે ઉપયોગી થઈ રહે છે. તેમાં રહેલું આયર્ન જેવંહ ખનીજ રક્તની ગુણવત્તા સુધારે છે. તેમાં રહેલાં વિટામીન 'બી' અને 'સી' રક્તનલિકાઓની આંકુચન ક્ષમતા વધારી રક્તભ્રમણ સુધારે છે અને અંતઃસ્ત્રાવી ગ્રંથીઓનું કાર્ય સારી રીતે ઉપજે એ માટે મદદરૃપ થાય છે. કેરીમાં પ્રચૂર માત્રામાં રહેલું કેરોટીન (વિટામિન 'એ' બનવા માટે જરૃરી ઘટક) આંખોના સ્વાસ્થ્ય માટે અતિઉપયોગી છે. વળી, વિટામીન 'એ' શરીરની રોગપ્રતિકાર શક્તિ જાળવવા મહત્વનો ભાગ ભજવે છે. કેરીમાં રહેલાં સાઈટ્રેટ ક્ષારથી રક્તની ક્ષારિયતા જળવાઈ અમ્લતા ઘટે છે. કેરી જેવું ફળ રક્તના રસાયણ મૂલ્ય જાળવી રાખી શરીરમાં પેદા થતાં વિષ તત્વોનો નિકાલ કરવા સમર્થ છે. જેથી પ્રાચીનોએ પાકી કેરીને ત્વચાનો વર્ણ સુધારી ક્રાંતિ આપનાર, બળ તથા સુખ આપનાર, ભૂખ લગાડનાર, વીર્ય તથા વજન વધારનાર અને હૃદયને હિતકારી કહી છે. ચૂસીને ખાધેલી કેરી ખાવા પ્રત્યે રૃચિ વધારનાર અને પચવામાં હળવી છે. જ્યારે ઘોળીને રસ કાઢેલી કેરી પચવામાં ભારે છે. ઉનાળામાં રોજીંદા આહાર તરીકે કેરી ફાયદો તો કરે જ છે એ સિવાય વિશિષ્ટ રોગાવસ્થામાં આમ્રવૃક્ષના ઔષધીય ગુણો પણ પારાવાર છે.

- ઊલટીમાં આંબાના પાંચ કૂણા પાનનો રસ વાટી, સાકર ઉમેરી પીવો. - ગરમીને કારણે નસકોરી ફૂટતી હોય તો આંબાની ગોટલી ઘસી એના પાણીના બે-બે ટીપાં નાકમાં પાડવા. - માથાના ખોડામાં આંબાની ગોટલી પથ્થર પર ઘસી, વાળના મૂળમાં લગાવી લેપ કરી રાખવો. - ખીલ અને અળાઈ પર કેરીની ગોટલી પથ્થર પર બારીક લસોટી લેપ કરવો.

- ગરમીને કારણે થતાં અતિસાર-ઝાડામાં આંબાની છાલનો ઉકાળો લેવો. - ઉનાળામાં ગરમીને કારણે લાગતી લૂમાં કાચી કેરીનો બાફલો લેવો. - લાંબા સમય સુધી પુષ્કળ માત્રામાં માસિક આવતું હોય એવી સ્ત્રીઓએ આખો ઉનાળો એક ટંક ભોજન છોડી માત્ર પાકેલી કેરી ખાવી. - બરોળવૃધ્ધિને કારણે બ્લડ રિપોર્ટમાં શ્વેતકણો (ઉમ્ભ) વધતાં હોય, જીરણતાવ અને અરુચિ રહેતી હોય તેવી વ્યક્તિઓએ આખો ઉનાળો નિયમિત એક ટંક માત્ર પાકી કેરી ખાવી. - અલ્સરેટીવ કોલાઈટીસ અને હોજરીમાં ચાંદામાં રોગીઓએ પાંચ દિવસ સુધી અન્ન ત્યાગી માત્ર કેસર અને હાફુસ જેવી સારી ગુણવત્તાવાળી અને સારી રીતે પકવ થયેલી કેરી પર જ રહેવું. - યુનાની ચિકિત્સકોને મતે પાકી કેરી મૂત્રમાં રહેલાં યુરિક એસીડ અને ક્રિએટીનીન જેવાં તત્વોનું શમીકરણ કરે છે તથા ક્ષય (ટીબી) જેવી રોગાવસ્થામાં લાભદાયક છે. - વૃધ્ધ વ્યક્તિઓ, લાંબી માંદગી બાદ વજન ઘટી ગયું હોય તેવી વ્યક્તિઓ અને વજન વધારવા ઈચ્છુક વ્યક્તિઓએ આખો ઉનાળો નિત્ય કેરીના રસનું સેવન કરવું.

# ઝડપથી વજન ઉતારવા માટેની ટિપ્સ

વજનથી છુટકારો મેળવવા માટે જરૂરી નથી કે તમે ડાયેટિંગ કરો. વજન ઘટાડવા માટે તમે કેટલીક હેલ્ધી ટિપ્સ પણ અપનાવી શકો છો. જેનાથી તમે ફિટ અને સ્વસ્થ બંને રહી શકો છો. સ્થાયી વજન ઘટાડવા માટે તમારે કોઈ એવી રીત અપનાવવી જોઈએ જેનાથી તમે કાયમ ફિટ અને ફ્રેશ રહી શકો. વજન ઘટાડવાની સૌથી સારી રીત છે કે તમે તમારો ડાયેટ ચાર્ટ બનાવી લો કે પછી એવો ડાયેલ લો જે તમારા વજનને ઘટાડવામાં મદદ કરે. આવો જાણીએ ઝડપથી વજન ઉતારવાની કેટલીક ટિપ્સ

ઝડપથી વજન ઘટાડવા માટે જરૂરી છે કે તમે એક્સરસાઈજ શરૂ કરી દો. શરૂઆતમાં ભલે તમે એક્સરસાઈઝ ઓછી કરો પણ પછી તેનો સમય વધારી દો.

એક્સરસાઈઝ પહેલા તમે વોર્મઅપ કરવુ ન ભૂલશો. તેમા તમે બૉડીને સ્ટ્રેચ કરી શકો છો. જંપ કરી શકો છો કે પછી ફરી શકો છો. તેમા તમારી બૉડીમાં ગરમી આવી જશે પછી તમે દોડનારી કૂદનારી એક્સરસાઈઝ આરામથી કરી શકશો.

એક્સરસાઈઝના સમયે તમે તમારી સાથે પાણી રાખો જેનાથી તમને જલ્દી થાક ન લાગે અને તમારો શ્વાસ ન ફૂલે.

તમે સવારે ઉઠીને રોજ ખાલી પેટ એક ગ્લાસ કુણા પાણીમાં લીંબૂ અને મધ નાખીને પીવો.

જંકફૂડ અને બહારની વસ્તુઓ ચોકલેટ, કેક, ટૉફી આઈસક્રીમ કેંડી વગેરે બિલકુલ ન ખાશો.

મીઠાઈ તમારી પસંદગીની હોઈ શકે છે પણ ઝડપથી વજન ઓછુ કરવા માટે જરૂરી છેકે તમે મીઠાઈ, ખાંડ, ગળ્યા પદાર્થ અને મીઠુ બિલકુલ ભૂલી જાવ કે તેની માત્રા ઓછી કરી દો.

ખાવામાં તમે શાકભાજી વગેરે પણ ન ખાશો અને ચોખા પણ માંડ કાઢીને ખાવ.

જમવાના એક કલાક પહેલા કે એક કલાક પછી જ પાણી પીવો

ખાવાનુ ખાધા પછી તરત જ બેસો નહી થોડી વાર ફરો. તમે જો ખાતી વખતે વધુ કૈલોરી ખાધી છે તો આમ તેમ ફરવાથી તે બર્ન થઈ જશે.

જમવાનુ ખલાસ કરવા ઓવર ઈંટિંગ બિલકુલ ન કરશો.

નાસ્તો પૂરો કરો. જો તમે વર્કિંગ છો તો તમારે નાસ્તો કરવો ખૂબ જરૂરી છે. નહિ તો તમને લંચ પહેલા ભૂખ લાગશે તો તમે કંઈક ને કંઈક સ્નેક્સ ખાવાથી ખુદને રોકી નહી શકો. જે જાડાપણુ વધારવામાં સહાયક છે.

જો તમને ભૂખ લાગે તો વારંવાર કંઈક સ્નેક્સ ખાવાને બદલે તમે સલાદ, ગાજર, કાકડી, સેકેલા ચણા,સલાદ, મમરા, રોસ્ટેડ સ્નેક્સ વગેરે ખાઈ શકો છો.

રાત્રે સૂવાના ઓછામાં ઓછા દોઢ-બે કલાક પહેલા જમી લો અને ખાધા પછી વોક કરવાનુ ન ભૂલશો.

આ ટિપ્સને અપનાવીને તમે વધુ મહેનત કર્યા વગર ઝડપથી તમારુ વજન ઓછુ કરી શકો છો

### માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

વહેંચી નાખવામાં આવ્યું છે. પુરૂષ અને પ્રકૃતિ, પરમાત્માને પુરૂષ, એક માત્ર પુરૂષ માનવામાં આવે છે. જ્યારે બાકીનાં વિશ્વ પ્રકૃતિને સ્ત્રી સ્વરૂપ માનવામાં આવ્યું છે. પુરૂષ અને પ્રકૃતિના સંયોજનથી સૃષ્ટીની રચના થઈ છે. પ્રકૃતિ છે પરંતુ તે નિતાંત શાંત છે એટલે તેની ઉપસ્થિતિ અસ્તિત્વગત લાગતી નથી પરંતુ તેમાં જ્યારે પુરૂષતત્વ ભળે છે ત્યારે સૃષ્ટીમાં પ્રાણસંચાર થયો હોય તેમ જીવંત સર્જન બની જાય છે. એકલી પ્રકૃતિ કે એકલા પુરૂષતત્વથી આમ થવું સંભવ નથી. આ બંનેમાં પ્રકૃતિને હિરણ્યગર્ભ કહેવાય છે, જ્યારે પુરૂષતત્વને પ્રજાપતિ (પરમાત્મા) કહેવાય છે.

**ડૉ. પ્રવિણ પટેલ**

# આ આયુર્વૈદિક ચા સૌથી જલ્દી જાડાપણું ઘટાડશે

જો તમે વ્યાયામ યોગાસન વગેરે કર્યા કે વધુ મુશ્કેલ ડાયેટિંગ કર્યા વગર જાડાપણું ઘટાડવા માંગે છે કે પોતાના શરીરને સારા આકાર (shape)માં મુકવા માંગે છે તો તમારે માટે અહી સરળ સીધો અને કારગર આયુર્વૈદિક ઉપાય, જેને તમે ઘરેલુ નુસ્ખા પણ કહી શકો છો.

વજન કમ કરવામાં આયુર્વેદના ઉપાય ખૂબ સહાયક અને અસરદાર છે. આયુર્વૈદિક વિશેષજ્ઞોની સલાહ છે કે જો આપણે રોજ કંઈક ખાસ પ્રકારના મસાલાનો પ્રયોગ નિયમિત સમય પર કરીએ તો આપણુ વજન ઘણુ ઓછુ થઈ શકે છે. આ મસાલામાં જીરુ, લીલા ધાણા, કાળા મરી, વરિયાળી અને તજ વગેરેનો સમાવેશ છે. આ મસાલા પાચન ક્રિયાને દુર કરવા ઉપરાંત શરીરમાંથી દૂષિત પદાર્થ પણ બહાર કાઢવામાં સહાયક હોય છે. તેનાથી બનેલી ચા નિયમિત રૂપે પીવાથી તમારી ત્વચા પણ સાફ અને સ્વસ્થ થઈ જશે.

આવો જાણો આ મસાલાની ચા કેવી રીતે બનાવશો, જે તમારું જાડાપણું (ફેટ) ઓછુ કરશે.

સામગ્રી - ૧ ચમચી જીરુ, ૧ ચમચી આખા ધાણા, ૧ ચમચી વરિયાળી, ૨ ઝીણી સ્લાઈસ આદુ, ૧ ચમચી કાળા મરીના દાણા, ૫-૭ લવિંગ, ૨ ઈંચ તજનો ટુકડો ને ૧ લીટર પાણી.

વિધિ - સૌથી પહેલા પાણીને બધી સામગ્રીઓની સાથે ઉકાળી લો. જ્યારે પાણી સારી રીતે ઉકળીને અડધુ રહી જાય ત્યારે તેને ૫ થી ૧૦ મિનિટ સુધી ઢાંકીને મુકી દો. ત્યારબાદ તેને ગાળશો તો ૪ થી ૬ કપ ચા બનશે. જેને જરૂર મુજબ ૪ થી ૬ લોકો પણ પી શકે છે કે પછી તમે દિવસમાં ૩ વાર બે દિવસ સુધી પણ પીવી શકો છો.

**સરકાર...**

**પાના નં.૧ ચાલુ**

ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાની સફળ મધ્યસ્થીથી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના નિવાસસ્થાને જિલ્લાના જીવદયા પ્રેમીઓ અને મુખ્યમંત્રી વચ્ચે યોજાયેલી બેઠક સફળ રહી છે અને આ બેઠકમાં રાજ્ય સરકારે જીવદયા સંસ્થાઓમાં આશ્રિત પશુધન માટે દૈનિક ચાર કિલો ઘાસ અને એક કીલો દાણ વિનામૂલ્યે પૂરું પાડવાની તૈયારી દર્શાવતા જિલ્લાની જીવદયા સંસ્થાઓના સંચાલકોએ રાજ્ય સરકારની આ ઓફરને સ્વીકારી લઈ તેમનું આંદોલન સમેટી લેવાની જાહેરાત કરી દીધી છે.

ગત રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સાથે યોજાયેલી આ ચર્ચા બેઠકમાં ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડયા ઉપરાંત ડીસાની રાજપુર પાંજરાપોળના ટ્રસ્ટી ભરતભાઈ કોઠારી, ટેટોડા ગૌશાળા રામ રતન મહારાજ, શેરપુરા ગૌશાળાના માંગીલાલ જાટ, ડીસાની રાજપુર પાંજરા પોળના મેનેજર જગદીશ ભાઈ સોલંકી, ગૌરક્ષક પરેશભાઈ પંચાલ, ડીસા પાંજરા પોળના ટ્રસ્ટી છબીલદાસ સોનેથા, ધર્મેન્દ્રભાઈ ફોફાણી,ભાભરના પ્રકાશભાઈ ઠક્કર, હિતેશભાઈ કુરિયા, સી.જી.રાજપૂત, થરાના જીવદયાપ્રેમી ચિનુભાઈ શાહ, ભાભરના લીલાધરભાઈ ઠક્કર, રામજીભાઈ,ઈશ્વરભાઈ પટેલ,પાંચાભાઈ દેસાઈ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક સફળ રહ્યા બાદ જીવદયા સંસ્થાઓના સંચાલકો એ તેમનું આંદોલન સમેટી લેવાની જાહેરાત કરતા રાજ્ય સરકાર તેમજ જિલ્લા વહીવટી તંત્રએ પણ હાશકારો અનુભવ્યો છે. જો કે વિશ્વશનીય સુત્રોના જણાવ્યા મુજબ સરકારે ગૌ-પાંજરાપોળ સંચાલકોની માંગણી સ્વિકારી છે સાથે આવતીકાલથી જિલ્લાની વિવિધ ગૌશાળા માટે અંદાજીત ૧૪૦ થી વધુ ટ્રકો મારફત ઘાસ પહોંચાડવામાં આવશે તેવી ખાત્રી પણ રાજ્ય સરકારે આપી હોવાનું જાણવા મળ્યું છે.

**પાટણ પાલિકાનું...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

ત્યારે રસ્તામાં કુડેર ગામ પાસે એક વાછરડુ રોડ પર આવતા તેને બચાવવા ચાલકે બ્રેક મારતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા તેનો એક સળીયો ચાલકના પેટમાં ઘુસી જતાં ઈજાઓ થઈ હતી.

આ બાબતે વિમા કંપનીના સર્વેયરે તેનું પંચનામું કર્યુ હતું.

**મારા નિવેદનને...**

**પાના નં.૮ ચાલુ**

પટેલે જણાવ્યું હતું કે સંતના આવા ખોટા નિવેદનનું પોતાને ભારોભાર દુઃખ થયું છે. મંત્રી તરીકે પોતે અને પુરી રાજ્ય સરકાર પણ ગૌશાળા સંચાલકોને પૂરતી રાહત અને મદદ પુરી પાડવા પ્રતિબદ્ધ હોવાનો દાવો પણ મંત્રી પરબતભાઈ પટેલે કર્યો છે. મંત્રી પરબતભાઈ પટેલના આ મોટા ખુલાસાથી સાધુ જાનકીદાસના નિવેદનની સત્યતા સામે પણ અનેક સવાલ ઉઠ્યા છે.

# જળ શ્રી કૃષ્ણ'ના મંત્રથી ગુજરાતને પાણીદાર બનાવીશું : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

સોઢાણા

પોરબંદર તાલુકાના બગવદર ગામે રાજ્ય સરકારની સુજલામ સુફલામ યોજનાનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રારંભ કરાવતા એવું જણાવ્યું હતું કે 'જય શ્રી કૃષ્ણ' ના મંત્રની સાથે હવે 'જળ શ્રી કૃષ્ણ' ના મંત્રથી ગુજરાતને પાણીદાર બનાવીશું.

પોરબંદર સહિત સમગ્ર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત જળસંચય યોજનાનો પ્રારંભ કરાયો છે ત્યારે બગવદર ગામે રાંદલ માતાજીના મંદિરે મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે શ્રમદાન કરીને જળસંચય યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એવું જણાવ્યું હતું કે 'જય શ્રી કૃષ્ણ' ના મંત્રની સાથે હવે 'જળ શ્રી કૃષ્ણ' ના મંત્રથી ગુજરાતને વધુ પાણીદાર બનાવવું એ મારી નેમ છે.

વિશ્વના બીજા દુબઈ, હોંગકોંગ, સીંગાપુર સહિતના બીજા દેશોની જેમ ગુજરાતમાંથી મીઠું પાણી બનાવવાનો પ્રોજેક્ટ ટુંક સમયમાં જામનગરના જોડીયા ખાતે નાખવામાં આવશે. ગુજરાતના લોકો પાસે હજુ ૧૮ દિવસ છે એટલે ૫ ના બદલે ૧૦ મશીનો લગાવો અને તળાવો, નદી-નાળા ઉંડા કરાવો જેથી પાણીની સંગ્રહશક્તિમાં વધારો થાય અને ગુજરાતભરના લોકોને પાણી ઉપયોગી નીવડે.

અગાઉ ક્યારેય ન થયું હોય તેવું તળાવો ઉંડા કરવાનું વિરાટ કાર્ય હાથ ધરાયું છે જેનાથી ૧૧ લાખ ઘનફૂટ પાણીની સંગ્રહક્ષમતા વધશે અને દોઢ વર્ષમાં સૌરાષ્ટ્રમાં નર્મદાના પાણીથી ૧૧૫ ડેમો ભરાઈ જશે જેથી સૌરાષ્ટ્રના ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે.

# ઉપલેટાના મોટી પાનેલીમાં ધર્મ સ્તંભ ધરાશાયી થતા ૪ના મોત

(હિં.સ.)ઉપલેટા,તા.૧૩

રાજકોટના ઉપલેટામાં ધર્મ સ્તંભ ધરાશાયી થવાની ઘટના સામે આવી રહી છે. ઉપલેટાના મોટી પાનેલી ગામમાં ધાર્મિક કાર્યક્રમમાં મહાકાય ધર્મ સ્તંભ પડતા ૪ લોકોના મોત નિપજ્યા છે. જેમાં એક માતા-પુત્રનો પણ સમાવેશ થાય છે. આ ઘટના સર્જાતા સમગ્ર વિસ્તારમાં અફરી તફરીનો માહોલ સર્જાયો હતો.

ઉલ્લેખનીય છે કે,ત્યાર બાદ ઈજાગ્રસ્તોને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મહત્વનું છે કે,મોટી પાનેલી ગામમાં ૪ દિવસ માટે સમસ્ત કોળી સમાજ તેમજ ગ્રામજનો સહયોગથી રામદેવપીરનો ધર્મ સ્તંભ સંવરો મંડપ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના છેલ્લા દિવસે મંડપ ઉતારતી વખતે એકાએક ૭૦ ફુટની લંબાઈવાળો લાકડાનો સ્તંભ તૂટ્યો હતો. આ ઘટનામાં ૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ હોસ્પિટલમાં ૪ લોકોને તબીબોએ મૃત જાહેર કર્યા હતા. આ ઘટના સર્જાતા ગામમાં શોકનો માહોલ છવાયો હતો.

આપને જણાવી દઈએ આ ઘટનામાં ચાર લોકોને ગંભીર ઈજાઓ થતા ઉપલેટા સારવાર અર્થે લાવવામાં આવેલ જ્યાં ખાનગી હોસ્પિટલના ડોક્ટર દ્વારા સારવાર અપાઈ હતી અને વધુ સારવાર અર્થે રાજ-કોટ રીફર કરવામાં આવેલ છે ઘટનાની જાણ થતા ઉપલેટા-ધોરાજીના ધારાસભ્ય લલિતભાઈ વસોયા તુરંત દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોની પૃચ્છા અને ખબર અંતર લઈ અને તેમને સારવારનો ખર્ચ આપેલ હતો..

# ચીન પણ આધારકાર્ડ અપનાવશે

(હિં.સ.)બિજીંગ,તા.૧૩

મોદી સરકરે આધરકાર્ડને મહત્વપૂર્ણ બનાવીને ઘણા કામ સરળ કરી દીધા છે અને હવે ચીન પણ આ માર્ગ અપનાવી રહ્યું છે. મોટાભાગના ભારતવાસીઓને એવું લાગે છે કે આધાર કાર્ડની ચર્ચા ફકત ભારતમાં જ થઈ રહી છે. પરંતુ હવે ચીન પણ આ પ્રકારના કાર્ડ બનાવવા પર કામ કરી રહ્યું છે જે ચીનની જનસંખ્યાના ડેટા કવર કરી શકશે. આ દુનિયાનું સૌથી મોટું ડેટા બેઝ બની શકે છે કારણ કે આમા ચીનના ૧૪૦ કરોડ લોકોના ડેટાનો સમાવેશ થશે. આ સિસ્ટમને એક પ્રકારનું સોશિયલ ક્રેડિટ સિસ્ટમ કહેવામાં આવી રહયું છે જે વર્ષ ૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઈ જશે.

સુત્રોના જણાવ્યા અનુસાર આ કાર્ડમાં આર્થિક આચાર પર કાર્ડધારકોને રેટિંગ આપવામાં આવશે જેમાં રિવોર્ડની સાથે સજાની જોગવાઈ પણ કરવામાં આવશે. જોકે પહેલા ચરણમાં ફકત આર્થિક આધાર પર રેટિંગનું કામ કરવામાં આવેશ. ચીન પોતાની આગામી કાર્ય યોજનામાં આમા સજાની જોગવાઈ અને સોશિયલ મીડિયા પર વ્વહાર સાથે જોડાયેલા અમુક મહત્વપૂર્ણ બિંદુ પણ જોડશે. આમાં ખરાન રેટિંગ વાળાને બ્લેક લીસ્ટ પણ કરવામાં આવશે. હાલના આંકડાઓ પ્રમાણે અત્યાર સુધી લગભગ ૯૦ લાખ લોકોને કોર્ટ કેસ અને ડિફોલ્ટ ખરાબ રેટિંગ પણ મળી છે. ચીને આવા વ્યકતિઓની હવાઈ યાત્રા પર રોક લગાવી દીધી છે. આ ઉપરાંત ખરાબ ક્રેડિટ પરફોર્મન્સના આધાર પર ૩૦ લાખ લોકોની રેલ્વે મુસાફરી પર પણ રોક લગાવી દીધી છે.

# ભારતના પહાડી રાજ્યોમાં આજે ફરીવાર તોફાની ઝંઝાવત આવવાના એંધાણ

નવીદિલ્હી

ઉત્તર ભારતના પહાડી રાજ્યોમાં ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કશ્મીરમાં રવિવારે તોફાની વાવાઝોડું આવી શકવાના એંધાણ છે. હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર,રાજસ્થાનના ઘણા વિસ્તારોમાં આગામી બે દિવસમાં ધૂળનું તોફાન ચાલશે. પહાડી રાજ્યોમાં આવનાર તોફાનની અસર મેદાની વિસ્તારો પણ પડી શકે છે.

હવામાન વિભાના જણાવ્યા પ્રમાણે આ તોફાનના રવિવારથી નવા પશ્ચિમી વાટકોને કારણે આવી શકે છે. પશ્ચિમ વિક્ષોભ ભૂમધ્ય સમુદ્રથી ઉત્પન્ન થાય છે, જેના કારણે દેશના ઉત્તર-પૂર્વ ભાગોમાં અચાનક વરસાદ વરસાદ થઈ શકે છે. વિભાગના જણાવ્યા મુજબ તોફાન સાથે વાવાઝોડુ આવી શકે છે.

આ સમયગાળા દરમિયાન પૂર્વ ઉત્તર પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના પડોશી વિસ્તારોમાં ૫૦-૭૦ કિ.મી. ની ગતિથી પવન ચાલી શકે છે. ડિપાર્ટમેન્ટના એડવાઈઝરીએ જણાવ્યું છે કે દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, છત્તીસગઢ, બિહાર, તેલંગણા, ઉત્તર આંધ્રપ્રદેશ, દક્ષિણ કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, લક્ષદ્વીપ અને કેરળના દૂરના વિસ્તારોમાં તોફાન સાથે વરસાદ આવવાની શક્યતા સેવવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજસ્થાન, પશ્ચિમ મધ્યપ્રદેશ અને વિદર્ભની એક કે ૨ જગ્યાઓ પર લૂ ચાલવાની સંભાવના છે.ઉત્તર ભારતના કેટલાય રાજ્યોમાં ભારે વરસાદને કારણે મે મહિનાના પ્રથમ સપ્તાહમાં ૧૫૦થી વધુ લોકોનું મૃત્યુ થયાં હતા.

## રાધનપુર નગરપાલિકાના પ્રમુખે ગોતરકા કથાનો લાભ લીધો


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકામાં શ્રી સ્વામીજી ગુરૂગાદી આસનધામના નવનિર્માણ અને દ્વારકાધીશ ભગવાનનું ૫૧ સ્તંભના ભવ્ય શિખરબંધ મંદિરના નિર્માણાર્થે સંગીતમય શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞ કથાનું ગોતરકાના ગ્રામજનો અને શ્રીરામ કથા સમિતિ તેમજ શ્રી સ્વામીજી ગુરૂગાદીના સમસ્ત સેવક સમાજ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, જે તા.૭ થી ૧૫ મેં સુધી ચાલશે.રાધનપુર નગરપાલિકાના પ્રમુખ કમુબેન ભુરાભાઈ ઠાકોરે કથાનો લાભ લીધો હતો,તેમની સાથે પાલિકાના ગુમાસ્તાધારા ચેરમેન સવિતાબેન શ્રીમાળી પણ જોડાયા હતા.જેમણે શ્રી સ્વામીજી ગુરૂગાદીના ગાદીપતિ મહંત પરમપૂજ્ય સ્વામીજી મહારાજના આશીર્વાદ પણ મેળવ્યા હતા.અને કથા સાંભળીને ધન્યતા અનુભવી હતી.

## પાટણ લાલતુતની વાડી ત્રણ રસ્તા પર રીક્ષા - બાઈક અથડાતાં બે ને ઈજા

પાટણ

પાટણમાં લાલદરવાજાથી ચાચરીયા - લાલાતુતની વાડી ત્રણ રસ્તા તરફ જવાના માર્ગ પર ગત બુધવારે સવારે રીક્ષા અને બાઈક અથડાતાં બે જણાને સામાન્ય ઈજા થઈ હતી. જ્યારે એક સરબતની લારીને નુકશાન થયું હતું. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં લાલદરવાજાથી - ચાચરીયા લાલતુતની વાડી ત્રણ રસ્તા પર આંતરે દિવસે અકસ્માતના બનાવો બને છે. ત્યારે ગત બુધવારે સવારે રીક્ષા અને બાઈક અથડાયા બાદ બાઈક એક સરબતની લારીને અથડાતા સરબતવાળાની લારીને નુકશાન થયું હતું. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર મુસાફરો પૈકી બે જણાને સામાન્ય ઈજા થઈ હતી. અત્રે નોંધવું ઘટે કે લાલતુતની વાડી ત્રણ રસ્તાના ત્રણે માર્ગ સાંકડા હોવાથી ટ્રક જેવા વાહનને વળાંક લેતાં અર્ધાકલાકનો સમય લાગે છે જેથી મોટા વાહનોને આ માર્ગ પરથી નિકળવા સંદર્ભે પ્રતિબંધ દાખવવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોની માંગ ઉઠી છે.

અજીમાણા ગામે લગ્નનો નવતર પ્રયોગ

## દેસાઈ પરિવારની દિકરીની સાથે વાલ્મીકી સમાજની સાત દિકરીઓના કન્યાદાન કર્યા

પાટણ

પાટણ તાલુકાના અજીમાણા ગામે નવતર પ્રયોગ કરતા દેસાઈ પરિવારની દિકરીના લગ્ન હોઈ તેની સાથે ગામની સાત વાલ્મીકી પરિવારની(સમાજની) યુવતીઓને લગ્નના માંડવે પરણાવી કન્યાદાન કરી સમાજને નવી રાહ બતાવી છે. લગ્ન પ્રસંગે અજીમાણા ગામના લોકોએ પોતાનો બનાવી દેતાં ધામધુમથી લગ્નની ઉજવણી કરવામાં આવી હતી. સરકાર દ્વારા વિવિધ સમાજોમાં સામાજીક સમરસતા ઉભી કરવા અનેકવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે અને તે અંતર્ગત વિવિધ કાર્યક્રમો આપી સમાજ- સમાજ પ્રત્યે રહેલ વાડાઓને દૂર કરવાનો અભિગમ શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે પાટણ તાલુકાના અજીમાણા ગામે સામાજીક સમરસતા જળવાઈ રહે તેવા હેતુથી નવતર અભિગમ લગ્ન પ્રસંગમાં જોવા મળ્યો. તેમાં અજીમાણા ગામે રહેતા દેસાઈ આત્મારામભાઈની દિકરીના લગ્ન હોઈ તેની સાથે જ ગામમાં રહેલ વાલ્મીકી સમાજની સાત દિકરીઓના પણ લગ્ન કરાવી કન્યાદાન કરવાનો નિર્ણય કર્યો હતો જે અનુસંધાને ગત શનિવારે આત્મારામભાઈની દિકરીની સાથે જ વાલ્મીકી સમાજની સાત દિકરીઓના લગ્ન ધામધૂમપૂર્વક કરવામાં આવ્યા હતા. ગામમાં રહેલ દરેક સમાજના લોકોએ પણ લગ્નમાં સાથ સહકાર આપ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સાધુ- સંતોએ પણ નવયુગલોને આશિર્વાદ આપ્યા હતા.

## પાટણમાં બીલાડી બગીચામાં અસામાજીક તત્વોના અડ્ડાથી લોકોમાં રોષ

પાટણ

પાટણમાં શેઠ એમ.એન. હાઈસ્કુલ સામે આવેલ બીલાડી બગીચામાં અસામાજીક તત્વોના અડ્ડાને કારણે બગીચામાં થોડો સમય આવતા પરિવારોને અંદર બેસવું મુશ્કેલ બન્યું છે. આવારા તત્વો કિશોરીઓની છેડતી કરતા હોવાનું પણ બહાર આવ્યું છે. આ બગીચામાં બાળકોના રમતગમતના સાધનોનો ઉપયોગ અસામાજીક તત્વો કરતા હોય છે. પાલિકા દ્વારા રાખવામાં આવેલ બગીચાનો માળી સાફ સફાઈ કરે છે. પરંતુ બગીચામાં મોટા ભાગે પ્લાસ્ટિકની થેલીઓનો કચરો વધુ પ્રમાણમાં દેખાય છે. આ કચરો પાછળના વિસ્તારમાથી નાખવામાં આવતો હોવાનું લોકોમાં ચર્ચાય છે. હાલમાં વેકેશન હોવાથી ઘણા પરિવારો મોડી સાંજે હવાફેર કરવા બાળકોને લઈને આવતા હોય છે. ત્યારે આ વિસ્તારમાં ફરતા અસામાજીક તત્વોને પડકારવા સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા યોગ્ય કરવામાં આવે તો સ્વચ્છતા પણ જળવાઈ રહેશે. બગીચાની અંદર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હોવાથી ગરમીમાં લોકો રાહતનો દમ લઈ શકે છે.

## પાટણમાં છીંડીયા દરવાજા પાસે ટ્રક અને ઉંટલારી અથડાતાં બે ને ઈજા

પાટણ

પાટણમાં અંબિકા શાક માર્કેટના પાછળના ઝાંપેથી શાકભાજી ભરેલ ટ્રક છીંડીયા દરવાજામાંથી નિકળતી હતી ત્યારે સામેથી બેફામ રીતે આવતી એક ઉંટલારી ટ્રકને અથડાતાં ઉંટલારીમાં બેસેલા લોકોમાંથી બે જણા નીચે પટકાંતા સામાન્ય ઈજાઓ થઈ હતી. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં વેરાઈ ચકલા નજીક અંબિકા શાક માર્કેટ આવેલ છે જેના બે રસ્તા છે એક રસ્તો પાછળના ભાગે આવેલ છે જે છીંડીયા દરવાજા તરફ નિકળે છે. ત્યારે ગત શનિવારે સાંજે એક શાકભાજી ભરેલ ટ્રક ચાણસ્મા જવા નિકળી હતી તે ટ્રક છીંડીયા દરવાજામાંથી પસાર થઈ રહી હતી ત્યારે સામે આવતી ઉંટલારી ગમે તે કારણસર ટ્રકને અથડાતાં ઉંટલારીમાં સવાર લોકોમાંથી બે જણા નીચે પટકાતા સમાન્ય ઈજાઓ થઈ હતી.

## રાધનપુરમાં રોહિત સમાજનો સોળમો સમૂહલગ્નોત્સવ યોજાયો


કમલ ચક્રવર્તી

૨૯ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડયા

રાધનપુર

રાધનપુરમાં ઉત્તર ગુજરાત રોહિત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત સોળમો સમૂહ લગ્નોત્સવ શનિવારે રાધનપુર તાલુકાના ભાડિયા મુકામે યોજાઈ ગયો, જેમાં રાધનપુર-સાંતલપુર-કાંકરેજ-હારીજ-દિયોદર-પાટડી અને સમી તાલુકાના ૨૯ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડયા હતા. મૂળ ઝીલવાણાના અને અમદાવાદ ખાતે ડેપ્યુટી મામલતદાર તરીકે ફરજ બજાવતા મનસુખભાઈ બાવાભાઈ પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સમુહ લગ્નોત્સવમાં મુખ્ય ભોજનદાતા તરીકે કનીજના દાતાશ્રી સ્વ.માનાભાઈ પુંજા ભાઈ વાઘેલા અને સ્વ. દલી બેન માનાભાઈ વાઘેલાના પરિવાર જનો ભગવાનભાઈ માનાભાઈ વાઘેલા અને સંતોકબેન ભગવાન ભાઈ વાઘેલાએ લાભ લીધો હતો.

સમાજના દાતાઓના સહયોગથી નવદંપતીઓને ચાંદીની પાયલ, તાંબાના થાળ, નાકની ચુની, પિત્તળના બેડા,જ્યુસર બ્લેન્ડર, કાંસાના વાટકા, પિત્તળની વાડી,સ્ટીલના બેડાં, પ્રેશર કુકર, થાળી-વાટકી-ગ્લાસના બે-બે સેટ તેમજ અન્ય ઘરવખરીને સાધનો ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ મગનભાઈ પરમાર, મહામંત્રી આલજીભાઈ સોલંકી તેમજ સમાજના મોભીઓ અને યુવાનોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. પરમપૂજ્ય કરશનદાસ બાપુએ નવદંપતીઓને આશીર્વચન પાઠવ્યા હતા.

## પાટણમાં મોટી ભાટીયાવાડ ખાતે બ્રહ્માણી માતાના મંદિરે માતાજીનો પાટોત્સવ યોજાયો



પાટણ

પાટણ મોટી ભાટીયાવાડ ખાતે આવેલ ભાટીયા સમાજના બ્રહ્માણીમાના મંદિર ખાતે માતાજીનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો સવારથી જ માતાજીની ઉત્સવની તડામાર તૈયારી સાથે આરતી, પૂજા, સત્સંગ તથા માતાજીના ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. દર વર્ષની જેમ વૈશાખ વદ-સાતમના પવિત્ર દિવસે માતાજીનો પાટોત્સવ (વર્ષગાંઠ)ની ઉજવણી કરવામાં આવે છે.

આજે ભાટીયા સમાજ આખો માતાજીના ગુણગાન ગાઈ સુખી છે. માતાજી સર્વેની મનોકામના પૂર્ણ કરે છે અને સર્વે ભક્તો માતાજીના ભોજન પ્રસાદનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

## શ્રી સંત રોહીદાસ પાટણવાડા સમાજ સુધારક કેળવણી મંડળ પાટણ દ્વારા આયોજીત ચતુર્થ સમૂહ લગ્નોત્સવ -૨૦૧૮ યોજાયો

### ૭૩ નવદંપતિઓએ પ્રભુતાના પગલાં પાડયાં



પાટણ

પાટણ ખાતે સંત શીરોમણી શ્રી રોહીદાસ ભગવાન અને મહામાનવ ભારત રત્ન ર્ડો બાબા સાહેબ ઓબેડકરની વિચાર ધારાને તેમજ દરિયાદિલ દાતાશ્રીઓના સહયોગથી કર્મચીલ કાર્યકરો અને રોહિત સમાજની લાગણી અને હૂફ અને પ્રેરણાથી પાટણવાડા ૧૦૦ ગોળ રોહિત સમાજનો ચતુર્થ સમૂહ લગ્નોત્સવ -૨૦૧૮ કાર્યક્રમ શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરના સાનિધ્યમાં યોજાયો જેમાં ૭૩ નવદંપતિઓ પ્રભુતાનાં પગલાં પાડયાં હતા.

આકાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે ભોજન દાતા, પાનેતરદાતા, પાયલના દાતા, તાંબાના બેડાના દાતાશ્રીઓ તેમજ સમાજના કર્મશીલ આગેવાનોનું અને કાર્યકર્તાઓનું મંત્રીએ શાલ ઓઢાડી સન્માન કયું હતું. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે સમાજના ગરીબ પરિવારોની દીકરીઓને સમાજના એકજ માંડવે પરણાવવીએ મોટામાં મોટું પુષ્યનું કામ છે. પુષ્યના કામમાં સહયોગ આપનાર દાતાઓને અભિનંદન પાઠવ્યા હતા. બાબા સાહેબ ઓબેડકરે સમાજના ઉત્સ્થાન માટે અનેક વિધ કામો કર્યા છે. સમાજને એકસૂત્રતાથી બાંધ્યો છે. સંત રોહિદાસએ સંસ્કૃતિને જીવીત રાખવાનું અને સમાજને નવી દિશા આપવાનું કામ કયુંછે. સમાજની આ મોટામાં મોટી સેવા ચાર જાત્રાના પુષ્ય બરાબર છે. રાજ્ય સરકાર પણ ગરીબોની બેલી છે. સમાજ માટે અનેક યોજનાઓ અમલમાં મુકી છે. જેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ૭૩ નવ દંપતિઓને સાત ફેરા અંતર્ગત દરેકને રૂ..૨૦ હજારનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ભાજપ સંગઠનના પ્રમુખ મોહનભાઈ પટેલ માજી અંગત સચિવ પી.એસ સર્વાકર, પ્રવિણભાઈ પરમાર, અનીલ ભાઈ સોલંકી, ભરતભાઈ પરમાર, પ્રવિણ ભાઈ રાઠોડ, પ્રમુખ હરેશભાઈ અમીન, મંત્રી હરીશભાઈ, કાર્યકરો નવદંપતી ઓના માતા પિતા, નવદંપતિઓ જાનૈયા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## પાટણ પાલિકા દ્વારા છેલ્લાં ત્રણ દિવસથી વિવિધ માર્ગો ઉપર લારીઓ ગલ્લાઓ અને કેબિનો સહિતનાં કાચા પાક્કા દબાણો દૂર...

પાટણ

પાટણ પાલિકા દ્વારા છેલ્લાં ત્રણ દિવસથી વિવિધ માર્ગો ઉપર લારીઓ ગલ્લાઓ અને કેબિનો સહિતનાં કાચા પાક્કા દબાણો દૂર કરવા હાથ ધરેલ ઝુંબેશને લઈ પરેશાની ભોગવી રહેલા નાના વેપારીઓ દ્વારા શુક્રવારની બપોરે પાટણ પાલિકાનાં પુર્વ કોર્પોરેટર પ્રવીણ બારોટની આગેવાની હેઠળ રેલી સાથે પાલિકા ખાતે આવી હંગામો મચાવ્યો હતો.

પૂર્વ કોર્પોરેટર દ્વારા પાલિકા પ્રમુખ અલકાબેન પટેલ, ઉપપ્રમુખ દિનેશ પટ્ટણી તેમજ પક્ષના નેતા મહેન્દ્ર પટેલ સાથે વાટાઘાટો કરી જ્યાં સુધી પાલિકા દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા લારી-ગલ્લા અને કેબિનો ઉભા રાખવા માટે ન થાય ત્યાં સુધી તેઓને જે જગ્યા ઉપર હાલમાં ઉભા રહીને ધંધો કરે છે તેં જગ્યા ઉપર ઉભા રહેવા દેવા જણાવતા આ બાબતે પક્ષના નેતા મહેન્દ્ર પટેલે દરેક લારીઓ વાળાઓને ટ્રાફિકને અડચણ રૂપ ન થાય તે રીતે ઉભા રહેવા અને ફરજિયાત ડસ્ટબિન રાખી સ્વચ્છતા જાળવવા સાથે કોઈને નડતર રૂપ ન બને તે રીતે લારી ગલ્લા ઉભા રાખવાની સૂચના આપી હતી. જો કે, શાકભાજી ની લારીઓ ચલાવતા વેપારીઓ જે પ્રમાણે લારીઓ લઈ ઉભા રહીએ છીએ તે રીતે ઉભા રહી ધંધો કરવાની વાત કરતા મામલો પુનઃ તંગ બનતા શાસક વિપક્ષના સભ્યોએ મધ્યસ્થ બની મામલો થાળે પાડ્યો હતો.

## ગામની મહિલાઓ દૈનિક કામકાજ છોડી એક માત્ર કૂવા પર છે નિર્ભર

અરવલ્લી

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ૧૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા મઉ નવલપુર ગામે અઠવાડિયામાં એક વખત પીવાનું પાણી મળે છે ગ્રામજનોને ૧ કિલોમીટર દૂર પાણી માટે જવું પડેછે

ભિલોડા તાલુકાની પશ્ચિમે આવેલ મઉં નવલપુર ગામમાં ૧૫૦૦ થી વધુ વસ્તી છે ગામમાં તમામ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. ગ્રામજનો મુખ્યત્વે ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે. ગામમાં ઉનાળાના સમયે પાણીની ભારે સમસ્યા સર્જાય છે ગરમીના કારણે ગામના કુવા તળાવ અને બોરના સ્તર ખૂબ નીચા ગયા છે, જેના કારણે ગામમાં હાલ અઠવાડિયા માં એક વખત પાણી આવે છે અને એ પણ માત્ર ૧૫ મિનિટ જેના કારણે ગ્રામજનોને દરરોજ સવારથી પાણી માટે રઝળપાટ કરવો પડે છે.

ગ્રામજનો વહેલી સવારથી પોતાના દૈનિક કામકાજ છોડી ગામની મહિલાઓ ગામની સિમમાં આવેલ એક માત્ર કૂવે પાણી ભરવા નીકળી પડે છે આ કુવામાં પણ પાણી અશુદ્ધ હોવાથી પીવા લાયક નથી જેથી પીવાના પાણી માટે ગામ થી ૧ કિલોમીટર દૂર ખેતરો માં જવું પડે છે. મઉં ગામની બાજુમાં હાથમતી અને ઈન્દ્રસી નદી પસાર થાય છે પરંતુ આ જળાશયોનો ગ્રામજનોને લાભ મળતો નથી સ્થાનિક વહીવટી તંત્ર પણ આ નદીના પાણી ગ્રામજનોને મળે તેમાટે નિષ્ક્રિય છે જેનો ભોગ ગામવાસીઓને બનવું પડે છે. સૌથી મહત્વની બાબત એ છે કે ગામમાં પાણી સમસ્યા વખતે પાણી પુરવઠા વિભાગ દ્વારા હેન્ડપમ્પ બનાવવામાં આવ્યા નથી હાલ એક પણ હેન્ડપમ્પ ગામ માં નથી. આમ ગ્રામજનો હાલ પાણી વગર પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે અને ગામના જવાબદાર વહી વટદારો સામે રોષ ઠાલવી રહ્યા છે

**અરવલ્લીમાં ઘોર જળસંકટ..!! અઠવાડિયામાં માત્ર એક વાર મળે છે પાણી**

## વિસનગરમાં અનામત મુદે કાયદાકીય લડત ચલાવવા તમામ સમાજના લોકો એક થયા

મહેસાણા

પાટીદાર અનામત આંદોલનનું એપી સેન્ટર રહેલા વિસનગરમાં હવે અનામત મુદ્દે કાયદાકીય લડત ચલાવવાનું નક્કી કરાયું છે. જેને લઈને ફક્ત પાટીદાર જ નહીં પણ અનામત ન મળી હોય તેવા તમામ સમાજનું એક સંગઠન બનાવાયું છે. થોડા સમય પહેલા વિસનગર પર કડવા પાટીદાર સમાજ દ્વારા આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં એક અરજી પણ દાખલ કરવામાં આવી છે. જો કે હવે તમામ બિન અનમાંત સમાજો એ સાથે મળી લડત ચલાવવાનો નિર્ણય કરતા વિસનગરમાં ફરી એક વખત અનામતનું ભૂત ધુણ્યું છે. પાટીદાર, બ્રાહ્મણ અને અન્ય અનામતથી વંચિત સમાજનું એક સંગઠન આ શહેરમાં તૈયાર કરાયું છે અને આ સંગઠન દ્વારા બિન અનામત વર્ગને કેવી રીતે અનામત મળી શકે તેની રુપરેખા તૈયાર કરવામાં આવી છે. વિસનગરમાં તૈયાર થયેલુ બિન અનામત વર્ગના આ સંગઠન સરકાર સામે અનામત માટે કાયદાકીય લડત ચલાવશે. તો એ જ રીતે આ સંગઠન દ્વારા આખા રાજ્યમાં આ રીતે બિન અનામત વર્ગના લોકો ને એક જ મંચ ઉપર લાવી લડત ચલાવાય તેવા પણ પ્રયાસ કરાશે.

વિસનગર પાટીદાર અનામત આંદોલન નું એપી સેન્ટર રહ્યું હતું.ગુજરાતમાં શરૂ થયેલુ અનામત આંદોલન વિસનગર રેલી પછી ચર્ચામાં આવ્યું હતું. જો કે આંદોલન બાદ હવે વિસનગરના પાટીદાર સમાજે કાયદાકીય લડત ચલાવવનો નિર્ણય લીધો છે. જો કે આ વખતે રેલી અને આરપારની લડાઈ લડવાનો બદલે કાયદાકીય લડાઈ લડવાનો અભિગમ રખાયો છે. તો બીજી તરફ આ સંગઠન દ્વારા બિન અનામત સમાજ ને અનામતમાં સમાવિષ્ટ વર્ગ જેટલી અભ્યાસ અને નોકરી માં વયમર્યાદામાં છૂટછાટ મળે તે માટે પણ પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે.

## આંકલીયારા ગામે સામાન્ય બાબતે મહિલા સહિત બે વ્યક્તિ પર હુમલો

મહેસાણા

સતલાસણાના આંકલીયાર ગામે મહિલા સહિત બે વ્યક્તિ પર હુમલો કરી માર મારવામાં આવતા ચાર જણા સામે સતલાસણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

આંકલીયારામાં ગંગાબેન જેસંગભાઈ ચૌધરીએ બે ગામના જાલમસિંહ બળવંત સિંહ, રઘુવીરસિંહ જાલમસિંહ, કેશર સિંહ રણછોડ સિંહનો ભાણો લાલસિંહ (બકુલ) અને પ્રભાતસિંહ સામે ગત રવિવારે સતલાસણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી, ગત રવિવારે ગામ ખાતે દરબાર સમાજનો વરઘોડો નિકળેલ હોઈ ગંગાબેન ચૌધરી અને ચિરાગભાઈ ત્યાંથી દૂધ લઈને ગામમાં આવતા આરોપીઓએ ઉશ્કેરાઈને અપશબ્દો બોલી ચિરાગ અને ગંગાબેનને માર માર્યો હતો. જે બાબતે પોલીસે તપાસ ચલાવેલ છે.

## શંખેશ્વર, લિંબોચ માતાના મંદિર, પંચાસર ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો

પાટણ

પાટણ જિલ્લાના શંખેશ્વર, લિંબોચ માતાના મંદિર, પંચાસર ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયેલ હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૨ સ્ટોલનું પ્રદર્શન રાખેલ હતું. એ.કે.પંડ્યા બાગાયત અધિકારી પાટણ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા ખેતી અંગે ના પ્રતિભાવો આપેલ હતા. મસાલા સશોધન કેન્દ્ર જગુદણથી આવેલ ડો. હિરેન પટેલે અને પી. એમ. પટેલે, આર. ઈ. એન્ડ ઈ. ઈ. કોલેજ, સ.દા. કૃ યુ. વૈજ્ઞાનિકે ખેતી આધારિત વકત્વ્ય આપેલ હતું ખેડૂતોની આવક ડબલ કરવા અગે માર્ગદર્શન ઓર્ગેનિક ખેતી અને ગાય આધારિત ખેતીનું માર્ગદર્શન આપેલ વધુ માં પશુપાલન અને ખેતી બાગાયત ની સરકારી સહાય ની વિગતો ખેડૂતો ને આપેલ હતી. શંકરભાઈ કટારીયા જીલ્લા અધ્યક્ષ, ચેલાભાઈ વણકર તાલુકા પ્રમુખ, ભલાભાઈ બુટીયા તાલુકા ડેલીગેટ, ભલાભાઈ કટારીયા સેવા સહકાર મોરચાના પ્રમુખ, સુરેશભાઈ ગોહિલ તાલુકા ભાજપ મહામંત્રી, લીલાબેન ઠાકોર સરપંચ પંચાસર, પુષ્પાબેન ઠાકોર જીલ્લા મહિલા મોરચા મંત્રી, ભીખા ભાઈ ખેર કિસાન મોરચા જીલ્લા ઉપપ્રમુખ, જગદીશભાઈ દેસાઈ તાલુકા વિકાસ અધિકારી, દલપત ભાઈ સોલંકી વિસ્તરણ અધિકારી શંખેશ્વર, નાનજીભાઈ ચૌધરી એટીએમ આત્મા શંખેશ્વર, કરશન ભાઈ મોરી ઈ. ચાર્જ. વિસ્તરણ અધિકારી અને તમામ ગ્રામ સેવકો દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવેલ આ કાર્યક્રમ હેઠળ સરકારની જળ સંચય જુંબેશ હેઠળ પાણીની બચત કરવાના સકલ્પ લીધેલ હતા અને જળ સંચય ની કામગીરી ની માહિતી આપેલ હતી.

## લીંચમાં પરિણીતાને માર મારી ઘરમાંથી કાઢી મુકતાં ફરિયાદ

મહેસાણા

મહેસાણા તાલુકાના લીંચ ગામના દેવીપૂજક વાસમાં પરિણીતાને મહેણાં ટોણાં મારી ઘરમાંથી કાઢી મુકતાં માનસિક ત્રાસની ફરિયાદ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

જાણવા મુજબ લીંચ ગામે દેવીપૂજક વાસમાં રહેતી એક પરિણીતા ચાર સંતાનોની માતા દંતાણી રંજનબેનને પતિ, સાસુ, દિયર, દેરાણી, જેઠ- જેઠાણી વગેરેએ મઝીયારી મિલ્કતના મામલે ભાગ ન આપી પરિણીતાને મેણાં ટોણાં મારી મારઝુડ કરી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં ત્રાસી ગયેલી પરિણીતાએ પતિ વિનોદ કિસનભાઈ, સાસુ મણીબેન કિસનભાઈ, જેઠ મુકેશભાઈ તથા જેઠાણી રાખીબેન સુરેશભાઈ (રહે. તમામ લીંચ) વગેરેએ ત્રાસ ગુજારતા હતા.

પરિણીતાના જણાવ્યા મુજબ જેઠ તેના પતિને દારૂ પીવડાવીને મારઝુડ કરી હેરાન પરેશાન કરતો અને મઝીયારી મિલકતમાં ભાગ ન આપી માનસિક ત્રાસ આપવામાં આવતો.

## અબોલ જીવો પ્રત્યે નિવૃત શિક્ષિકાની અનુકંપા : જમાપુંજી પાંજરાપોળ માટે દાન કરી

**સરકાર અને ગૌશાળા સંચાલકો વચ્ચેના ગજગ્રાહના સમાચાર વાંચી અમદાવાદથી ડીસા દોડી આવ્યા**

ડીસા

ડીસામાં છેલ્લા કેટલાક દિવસોથી ગૌશાળાઓમાં અબોલ પશુઓ માટે ઘાસચારાની સહાય મામલે સરકાર અને ગૌશાળાના સંચાલકો વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે જેના અહેવાલો રોજ બરોજ મીડીયામાં ચમકી રહ્યા છે ત્યારે આ બાબતેના સમાચાર વાંચી અમદાવાદની ૭૦ વર્ષિય નિવૃત શિક્ષિકા શુશીલાબેન છબીલદાસ ખુરખુડીયાને અબોલ પશુઓ પ્રત્યે સંવેદના જાગી અને તેઓ કાળઝાળ ગરમીમાં ડીસા ખાતે દોડી આવી પશુઓ માટે પોતાની જમા પુંજી પાંજરાપોળના કાર્યકર્તાઓને દાન કરી અનોખું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

સરકાર પશુઓ પ્રત્યે સંવેદનશીલ બને કે ના બને પરંતુ નિવૃત શિક્ષિકા સુશીલાબેનના હદયમાં આ અબોલ જીવો પ્રત્યે સંવેદના જાગી હતી તેઓ બળબળતા તાપમાં અમદાવાદથી ડીસા બસમાં આવી ડીસા બસ સ્ટેન્ડમાં ઉતર્યા બાદ રીક્ષા કરી પાંચ કી.મી. દુર કાંટ પાજંરાપોળ ખાતે પહોચ્યા હતા. જ્યાં પશુઓની હાલત નિહાળી તેમનું હદય દ્રવી ઉઠ્યુ હતું. તેઓએ પાંજરાપોળના કાર્યકર્તાઓને બોલાવી અહી જવાબદાર કોણ છે બાદમાં તેમની પાસે રહેલુ આખે આખુ પર્સ ખાલી કરી દઈ અંદાજે ૨૦ હજાર જેટલી રકમ પાં-જરાપોળને અર્પણ કરી હતી. દુર દુર સુધી ભુખથી ટળવળતા પશુઓને જોઈ તેમનું હૈયું ભરાઈ આવ્યું હતું.

અને પોતાની થેલીમાંથી રૂ.૫૦-૫૦ હજારના બે ચેક કાઢી પાંજરાપોળના કાર્યકર્તાઓને અર્પણ કરી અબોલ પશુઓને સહાય કાજે ગાંધીનગર મંત્રીઓ સમક્ષ રજુઆત કરવા સાથે આવીશ તેમ જણાવ્યું હતું. નિવૃત શિક્ષિકાની પશુઓ પ્રત્યે અનુકંપા જોઈ કાર્યકર્તાઓ પણ ગદગદીત થઈ ગયા હતા. અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

**પશુઓને આપણા સંતાનની જેમ ગણીએ : શુશીલાબેન ખુરખુડીયા (નિવૃત શિક્ષિકા)**

હું એક નિવૃત શિક્ષિકા છું અને પેન્શનના આધારે જીવન ગુજારૂ છું બે જુવાનજોધ દિકરાઓને કાળ ભરખી ગયો છે. વિધાતાએ મનુષ્યને બોલવા વાણી આપી છે જેથી તે સંવેદના વ્યકત કરી શકે પરંતુ અબોલ પશુઓનુ કોણ ? માટે પશુઓને પણ આપણા સંતાન ગણવા જોઈએ. તેમ આંખોમાં ભીનાશ સાથે જણાવ્યું હતું.

મંત્રીના ખુલાસાથી મહંતના નિવેદનની સત્યતા સામે સવાલો

## મારા નિવેદનને ખોટી રીતે રજૂ કરાયું : મંત્રી પરબતભાઇ પટેલ



(પ્રતિ.) થરાદ

બનાસકાંઠાના થરાદ ખાતે મંત્રી પરબતભાઈ પટેલે સ્થાનિક ગૌશાળાઓના સંચાલકો સાથે યોજેલી બેઠકમાં 'ગૌશાળાઓ સરકારને પૂછીને ચાલુ કરી હતી ?' તેવું વિવાદાસ્પદ નિવેદન કર્યું હોવાની વાતો વહેતી થતા ગૌવંશપ્રેમીઓએ આંચકો અનુભવ્યો હતો.જો કે આ મામલો ચર્ચાની એરણે ચઢતા ખુદ મંત્રી પરબત ભાઈ પટેલ જ પોતાના બચાવમાં આગળ આવ્યા છે.

પોતાના કથિત નિવેદન સંદર્ભે સર્જાયેલા વિવાદ વચ્ચે મંત્રી પરબતભાઈ પટેલનો મોટો ખુલાસો બહાર આવ્યો છે.જેમાં મંત્રી પરબતભાઈ પટેલે પોતાના નામે વહેતા કરાયેલા ગૌશાળા સંચાલકો વિરુધ્ધના નિવેદનને ઉપજાવી કાઢેલું ગણાવ્યુ છે. ઢીમાના મહંત જાનકીદાસનું નિવેદન ખોટું અને ઉપજાવી કાઢેલું હોવાનું જણાવતાં મંત્રી પરબતભાઈ પટેલે મહંત જેવા સન્માનીય સંતે આવું ઉપજાવી કાઢેલુ નિવેદન કરી સાધુ-સંતની મર્યાદા તોડી છે. ગૌશાળા સંચાલકો સાથેની બેઠકમાં મહંત પોતે ગેરહાજર હોવા છતા પોતે આ બેઠકમા હાજર હોય તે રીતે ખોટા સાહેદ બનવાનો પ્રયાસ કર્યો હોવાનું જણાવતા મંત્રી પરબતભાઈ

અનુસંધાન પાના નં.૬

## નાના કાપરા નજીક અકસ્માતમાં ઘાયલ બાઈક ચાલકનું મોત

**રાહદારીને અડફેટે લઇ ઈજા પહોચાડી હતી**

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના નાના કાપરા ગામ નજીક શનિવારે બાઈક ચાલકે એક રાહદારીને અડફેટે લીધો હતો. જેમાં બંને જણ ઘવાયા હતા. જે પૈકી ગંભીર રીતે ઘવાયેલ બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ડીસા તાલુકાના ગોઢા ગામના વિષ્ણુભાઈ ડાભી દર શનિવારે લાખણી તાલુકાના ગેળા ગામે ચાલતા હનુમાનજીના દર્શને જતા હતા. નિત્યક્રમ મુજબ શનિવારે વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે તેઓ ગેળા જવા રવાના થયા હતા. દરમિયાન નાના કાપરા ગામના પાટિયા નજીક ડીસા તરફ થી પુર ઝડપે આવી રહેલ બાઈક નં.જીજે ૨૪ ક્યુ ૧૫૮૧ ના ચાલકે વિષ્ણુભાઈને અડફેટે લેતા તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. જયારે બાઈક ચાલક હવામાં ફંગોળાઈ રોડ પર પટકાતા ગંભીર રીતે ઘવાયો હતો.

આ અકસ્માતના પગલે ઘટના સ્થળે દોડી આવેલા લોકોએ ૧૦૮ને જાણ કરી બંને ઘાયલોને સારવાર માટે ખસેડ્યા હતા. જે સમયે સારવાર દરમિયાન બાઈક ચાલક જેસુંગભાઈ લવજીભાઈ પરમાર રહે માકોતરી તા. પાટણવાળાનું મોત નીપજ્યું હતું.

જયારે વિષ્ણુભાઈને વધુ સારવાર માટે મહેસાણા રીફર કરાયા હતા. જાણવા મળ્યા મુજબ મૃતક છુંન્દનું છુંદી ગુજરાન ચલાવતો હતો. તેની લાશને ડીસા સિવિલમાં પીએમ કરાવી વાલીવારસોને સોંપી હતી.

## બનાસકાંઠામાં પશુધન સાથે માલધારીઓના ધામા



ભરત સુંદેશા

ઉત્તર ગુજરાતમાં અગન વર્ષા થઈ રહી છે તેથી પાણી અને ઘાસચારાની અછત વર્તાવા લાગી છે. જેથી ખાસ કરીને કચ્છ, સાંતલપુર અને સમી પંથકમાં અબોલ પશુઓને જીવાડવા મુશ્કેલ બની ગયા છે તેથી આ પંથકના માલધારીઓએ પશુઓને બચાવવા બનાસકાંઠા જીલ્લામાં ધામા નાંખ્યા છે. પરંતુ ગત વર્ષના પુરના કારણે આ વખતે બનાસકાંઠા જિલ્લામાં પણ ઘાસચારો ખૂટી પડયો છે. જેથી પશુઓ બચાવવા પાંજરાપોળ અને ગૌશાળાના સંચાલકોને સરકાર સામે આંદોલન છેડવાની ફરજ પડી છે. ત્યાં બહારથી પશુઓના ધાડેધાડા જિલ્લામાં ઉમટી પડયા છે. તેથી જિલ્લો પશુઓથી ઉભરાઈ ઉઠયો છે. ત્યારે કાળઝાળ ગરમીમાં આ પશુધન બચાવવું મુશ્કેલ થઈ પડયું છે. તેથી કટોકટીની આ ઘડીએ સરકાર સાથે સખાવતી દાતાઓ પણ આગળ આવે તે સમયનો તકાજો છે.

## અંતરિયાળ બનાસકાંઠા જિલ્લામાં મે મહિનાની ગરમીથી જીલ્લાવાસીઓ ત્રાહિમામ



ભરત સુંદેશા

અંતરિયાળ બનાસકાંઠા જિલ્લામાં મે મહિનાની ગરમીથી જીલ્લાવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે આજે સવારથી ગરમ લૂ અને સુક્કા હવામાનના પગલે શહેરના માર્ગો સુમસામ જોવા મળી રહ્યા હતા. બપોર બાદ આગ ઝરતી ગરમીના લીધે જનજીવન સહિત અબોલ પશુઓની હાલત પણ કફોડી થઈ જાય છે. જેથી લોકો બહાર નીકળવાનું જ ટાળતા હોવાથી શહેરના મુખ્યમાર્ગો સુમસામ બની જાય છે. તો લોકોને રાહત મળે તેં માટે શહેરનાં માર્ગો પર પીવાના પાણીની પરબો જોવા મળી રહી છે. જોકે હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળેલી માહિતી પ્રમાણે આજે તાપમાનનો પારો ૪૨ સેલ્શિયસે પહોંચી ગયો હતો. જેથી લોકો કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

## ડીસાના ખરડોસણ પાસે બાઈક અને ગાડીનો અકસ્માતમાં એકનું મોત



ડીસા/આસેડા

ડીસા પાટણ હાઈવે પર આવેલા ખરડોસણ પાસે બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર એકસ્માત સર્જાયો હતો. લગ્ન માંથી પરત ફરી રહેલા યુવકનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. ડીસા પાટણ હાઈવે પર આવેલા ખરડોસણ પાસે એક બાઈક અને ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઝેરડા ગામના ઠાકોર શ્રવણ બાબુભાઇ લગ્ન માંથી પરત ફરી રહ્યા હતા.આ દરમ્યાન રોગ સાઈડમાં આવી રહેલ ગાડીએ ટક્કર મારતા તેઓનું કમકમાટી ભર્યું મોત નિપજયુ હતું. અકસ્માત સર્જી ડ્રાઈવર ગાડી મુકી ડ્રાઈવર નાસી છૂટ્યો હતો.મૃતક ની લાશને ડીસા સિવિલ પી. એમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## અંબાજીના તમામ એટીએમ 'કેશલેસ' : યાત્રિકો અટવાયા

અંબાજી

બેંકો અને એટીએમ મશીનોમાં નાણાંની તંગી લગ્ન લેનાર પરિવારો અને અન્ય લોકો ઉપરાંત પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર્શનાર્થે આવતા ભાવિકોની મુશ્કેલી પણ વધારી રહી છે.અંબાજીના તમામ એટ-ીએમ આજે કેશલેશ થઈ ગયા હતા અને બધા એટીએમ આગળ 'કેશ નથી' ના બોર્ડ લગાડી દેવાતાં ગ્રામજનો સહીત યાત્રિકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. ગુજરાતના મોખરાના યાત્રાધામ અંબાજી ખાતે આજે રવિવાર અને વેકેશનના પગલે મોટી સંખ્યામાં માઈભક્તો માં અંબાના દર્શનાર્થે આવ્યા હતા પરંત્તુ તેમને અંબાજીમાં આવ્યા બાદ નાણાં મેળવવામાં ભારે તકલીફ વેઠવી પડી હતી. અંબાજીના તમામ એટિએમ પર 'નો કેશ' ના બોર્ડ લાગી ગયા હતા. સ્ટેટ બેંકની અંબાજી શાખાના એટ-ીએમને તો ખોખું પહેરાવી પેક કરી દેવાયુ હતું. અંબાજીના એટીએમ છેલ્લા ૩ દિવસથી બંધ છે.અંબાજીમાં માત્ર એચડીએફસી બેન્કનું એટીએમ જ ચાલુ હતું એ પણ આજે બંધ થઈ જતા એટીએમથી પૈસા કાઢવા માટે ૨૦ કિલોમીટર દૂર આબુરોડ જવું પડે તેવી પરીસ્તીથી સર્જાઈ હતી. એટ-ીએમ બંધ જોઈ ગ્રામજનો અને દર્શનાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી હતી.

## પાલનપુરના પીતાંબર માઢના બંધ મકાનના તાળાં તૂટ્યા

**રૂા.૩૧,૦૦૦ ની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર**

પાલનપુર

પાલનપુરના પીતાંબર માઢમાં રહેલા એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ તાળાં તોડયા હતા. જેમાંથી રૂા.૩૧,૫૦૦ની ચોરી થઇ હોવાની ફરિયાદ નોંધાઇ છે.

પાલનપુર શહેર પૂર્વ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પાલનપુર શહેરના પથ્થરસડક રોડ પર આવેલા પીતાંબર મહેતાના માઢમાં સતીશકુમાર એસ.દેસાઈ નું મકાન આવેલું છે. જેઓ રજાઓ દરમિયાન બહારગામ ગયા હતા. ત્યારે તેઓના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો ત્રાટકયા હતા. જેઓ કુલ રૂ. ૩૧, ૫૦૦ની ચોરી કરી ફરાર થઇ ગયા હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પુરુષો વ્યસન છોડે અને બહેનો ફેશન : સ્વામીશ્રી વિશ્વંભર ભારતી મહારાજ

(પ્રતિ.) થરાદ

થરાદ ઢીમા ત્રણ રસ્તા પર અંદાજીત સવા કરોડના ખર્ચથી બનેલી થરાદ, વાવ અને સુઇગામ તાલુકાના રાજપુત સમાજની બાળાઓના કન્યા છાત્રાલયના રવિવારની સવારે ક્રાંતીકારી સંતશ્રી સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ દંતાલીના વરદ હસ્તે ઉદ્ઘાટન બાદ સ્વામીએ છાત્રાલયને પાંચ લાખનું અનુદાન પણ આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં મહારાજે સમાજના દિકરીઓને ભણાવવાના સોપાનને આવકારી ઉત્તરોત્તર પ્રગતિના આશિર્વચન આપ્યા હતા. રાજ્યમંત્રી પરબતભાઇ પટેલે સમાજની દિકરીઓને ભણાવવા પર ભાર મુકતુ પ્રવચન કર્યું હતું.

શ્રી ભારતી આશ્રમ (જુનાગઢ સરખેજ અમદાવાદ) ના અનંત વિભુષીત મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ પ.પુ.સ્વામીશ્રી વિશ્વંભર ભારતીજી મહારાજે આજે માતૃદિવસે બેટી બચાવવાના આંદોલન સરકારે કરવાં ન પડે તે માટે આજુબાજુ ક્યાંય પણ ભૃણહત્યા થતી હોય તો તેને અટકાવી બેટીબચાવો બેટી ભણાવોની સાથે પુરૂષોને વ્યસન અને બહેનોને ફેશન છોડવાની શીખ આપી હતી. શંકરભાઇ ચૌધરીએ સમાજના આ ભગીરથ કાર્યને એક યજ્ઞ સમાન ગણાવ્યું હતું.

ગોતરકા આશ્રમ રાધનપુરના સંતશ્રી નિજાનંદ બાપુએ શિક્ષણને બેધારી તલવાર ગણાવી શિક્ષણની



(વિષ્ણુ દવે)

સાથે સંસ્કારોનું સિંચન કરવા જણાવ્યું હતું. તથા ક્ષત્રિય દિકરીઓના શિક્ષણને વિશ્વ ફલક પર ભારતીય સંસ્કૃતીનું વહન અને સિંચન સમુ ગણાવી રાજપુત દિકરીઓને જેમને કારણે ક્ષત્રિયોએ બલિદાનો આપવાં પડ્યાં તેના હિસાબો લેવાની હાકલ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય સી.જે.ચાવડા, વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, ઉ.ગુજ. યુનિ.ના વાઈસ ચાન્સેલર શ્રીમતી દિપુબા દેવડા, રાજપુત શક્તિમંડળ પાલનપુરના પ્રમુખ શ્રીમતી નિરુબા રાજપુત, રાજપુત સમાજપાટણના પ્રમુખ દલુભા રાજપુત,બનાસબેંકના ચેરમેન કાનભા ગોહિલ તથા રાજપુત સમાજ વિકાસમંડળ, વાવ, થરાદ, સુઇગામના પ્રમુખ કાંનજીભાઇ રાજપુત,પ્રગતિ મંડળના પ્રમુખ ડીડીરાજપુત તથા બહોળી સંખ્યામાં સમાજના સન્માનિય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના શિક્ષણવિદ્દોએ કન્યાછાત્રાલયની સાથેસાથે કન્યાવિધાલયના નિર્માણના પણ વિચારો પ્રસ્તુત કર્યા હતા.

## માનપુરમાં ભૂલથી ઝેરી દવા પી જતા આદિવાસી યુવકનું મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના માનપુર ખાતે રહેતો ૨૫ વર્ષીય આદિવાસી યુવક ભૂલથી ઝેરી દવા પી જતા મોતને ભેટ્યો હતો. પાલનપુર તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મૂળ આબુરોડ રાજસ્થાનનો વતની લાલજીભાઇ ઉર્ફે લાલો પદ્માભાઈ વાછીયા નામનો ૨૫ વર્ષીય આદિવાસી યુવક ભૂલથી ઝેરી દવા પી જતા તેને સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજતા પાલનપુર તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## થરાદની પાંચ જીવદયા સંસ્થાઓમાં સરકારી ઘાસ પહોંચતા હાશકારો

(પ્રતિ.) થરાદ

બનાસકાંઠાના થરાદ તાલુકામાં આવેલી ગૌશાળા ઓમાં ઘાસનું વિતરણ કરાયું હતું. બનાસકાંઠામાં ગત વર્ષે વિનાશક પૂર આવતા ચોમાસુ પાક સહિત ઘાસચારો નષ્ટ થઇ ગયો હોઇ જિલ્લાની ગૌશાળાઓ તેમજ પાંજરાપોળ સંસ્થાઓમાં ઘાસચારાની અછત સર્જાઇ છે જેથી પશુઓ સહિત ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકો ની હાલત કફોડી બની જવા પામી હતી. સરકાર દ્વારા ગૌશાળા ઓમાં કોઈપણ પ્રકારની સહાય ન અપાતા સંચાલકો સહિત ગૌ ભક્તોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો અને આ મામલે સરકાર સામે મોરચો મંડાયો હતો.જેના પગલે આખરે સરકાર દ્વારા ઘાસચારો ફાળવવાની શરૂઆત કરાઇ છે ત્યારે થરાદ ખાતે પણ વહીવટી તંત્ર દ્વારા પંથકમાં આવેલી ગૌશાળાઓ અને પાંજરાપોળમાં ઘાસનું વિતરણ કરાયુ હતુ. વહીવટી તંત્ર દ્વારા થરાદની મહાજનપુરા પાંજરાપોળ, લુણાલ ખાતેની ગાયત્રી ગૌ સેવા ધામ, ભોરડું ગામના હિંગળાજ ગૌશાળા ટ્રસ્ટ અને મોરિલા ખાતેના નીલકંઠ ગૌશાળા ટ્રસ્ટને પાંચ ટ્રકો ઘાસચારો વહીવટી તંત્ર દ્વારા સરકારના નીતિ નિયમો મુજબ ફાળવવામાં આવ્યો હતો.જોકે સરહદી પંથકમાં ઘાસચારાની અછત હોઈ નવા ઘાસ ડેપો શરૂ કરવામાં આવે તેવી માંગ જોર પકડી રહી છે.

## ગૌશાળા વિવાદ મામલે ચૈતન્ય શંભુ મહારાજના ઘરનો ઘેરાવ કરાયો

બનાસકાંઠા

બનાસકાંઠામાં ગૌશાળાના વિવાદ મામલે ઠાકોર સેનાએ ચૈતન્ય શંભુ મહારાજના ઘરે ઘેરાવ કર્યો હતો. ઠાકોર સેનાના ઘેરાવ બાદ સરકાર હરકતમાં આવી છે. ત્યારે હવે મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ચૈતન્ય શંભુ મહારાજને ફોન કર્યો હતો અને આ મામલે માહિતી લીધી હતી. મહત્વનું છે કે, ઠાકોર સેનાના કાર્યકરોએ ગૌશાળાના વિવાદ મામલે ઘેરાવ કર્યો હતો. આ દરમિયાન બાયડના ધારાસભ્ય ધવલ ઝાલા સહિત કોંગ્રેસ, ઓબીસી એકતા મંચના કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. આ દરમિયાન તેમણે ગૌ સેવા આયોગે શું કાર્યો કર્યા તેના જવાબ માંગ્યા હતા.

ઉલ્લેખનીય છે કે,કેરળની ગાયો મામલે ચૈતન્ય શંભુ મહારાજ ઉપવાસ પર બેઠાં હતા જો કે આ વખતે ગૌશાળાના વિવાદ મામલે કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા નહીં આપતા આજરોજ બાયડના ધારાસભ્ય ધવલ ઝાલા અને અન્ય કેટલાક લોકો આજરોજ ચૈતન્ય શંભુ મહારાજના ઘરે પહોંચીને ઘેરાવ કર્યો હતો.

આ ઘટના મામલે ધવલ ઝાલા સાથે વાતચીત કરતા તેમણે જણાવેલ કે,ભાજપ સરકારે ભૂતકાળમાં પણ ગાયોને લઈને મત માગેલ પરંતુ સત્તા પર આવતા જ ભાજપ સરકાર ગાયોને ભૂલી ગઇ છે અને તો આ મામલે ભારતીય જનતા પાર્ટીને યાદ કરાવવા આવ્યા છીએ, આ સાથે ગાયોને ૧૫ કિલો ઘાસ આપવામાં આવે તેવી પણ માંગણી કરી હતી. જો અમારી રજૂઆતનો કોઇ નિવેડો લાવવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉપવાસ આંદોલનનું આયોજન કરવામાં આવશે.

**શ્રધ્ધાંજલિ**



સ્વ.દિનેશભાઈ રાજાભાઈ પટેલ
સ્વ.તા.૧૩/૫/૨૦૧૮
મુ.રતનગઢ, તા.કાંકરેજ, જિ.બ.કાં.

'જીવન એવું જીવી ગયા કે કદી ભૂલાય નહીં, મીઠી આપની યાદ સદા રહેશે આમ સ્મરણમાં, મિલનસાર સ્વભાવ કાયમી યાદ અમર રહેશે,' સ્વ.દિનેશભાઈના દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેવી ભગવાનને પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ...

લિ.

પટેલ દિનેશભાઈ અણદાભાઈ - મંત્રીશ્રી
ધી વસ્ત્રાસર દૂધ ઉત્પાદક સહ. મંડળી
મુ.પો.વસ્ત્રાસર, તા.કાંકરેજ, જિ.બ.કાં.
પટેલ ઈશ્વરભાઈ અણદાભાઈ
પૂર્વ પ્રમુખ, કાંકરેજ તાલુકા ભાજપ

**લગ્નગ્રંથિથી જોડાયા છીએ**



આથી અમો નીચે સહી કરનાર જાખેસરા રામજીભાઈ ઈશ્વરભાઈ (ઉ.વ.૩૬, આ., રહે.હરીજનવાસ, ડુંગળા, તા.સુઈગામ, જિ.બ.કાં.) અને ચમાર હંસાબેન દાનાભાઈ (ઉ.વ.૨૭ આ, મુ.ઝજામ, તા.સાંતલપુર, જિ.બ.કાં.) હિન્દુ શાસ્ત્રોક્તવિધી મુજબ લગ્નગ્રંથિથી જોડાયા છીએ. જેની સર્વેએ નોંધ લેવી.

લિ. જાખેસરા રામજીભાઈ ઈશ્વરભાઈ
ચમાર હંસાબેન દાનાભાઈ